દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 286 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગ શીર્ષ સુદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 December 2024, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૨ ડિસેમ્બર ૨૦૨૪, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુખ્ય પ્રધાનના મુદ્દે ભાજપના નિર્ણયને મારો ટેકોઃ એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના પરિણામોને આવ્યાને અઠવાડિયાથી વધુનો સમય વીતી ગયો હોવા છતાં હજી સુધી મુખ્ય પ્રધાનને મુદ્દે મડાગાંઠ ઉકેલાઈ નથી ત્યારે રાજ્યના કાર્યવાહક મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રવિવારે જણાવ્યું હતું કે ભાજપ રાજ્યના નવા મુખ્ય પ્રધાન નક્કી કરશે કે તેમનું આને સંપૂર્ણ સમર્થન હશે, અને ભારપૂર્વક ઉમેર્યું હતું કે સરકારની રચના અંગે મહાયુતિના ભાગીદારો વચ્ચે કોઈ મતભેદ નથી. સાતારા જિલ્લામાં તેમના વતન ડેરે ગામમાં પત્રકારો સાથે વાત કરતા, શિંદેએ એમ પણ કહ્યું હતું કે સરકારની રચના પર વાટાઘાટો ચાલી રહી છે અને તમામ નિર્ણયો મહાયુતિના ત્રણ સહયોગીઓ - શિવસેના, ભાજપ અને એનસીપી દ્વારા સર્વસંમતિથી લેવામાં આવશે.

શિંદેએ એમ પણ કહ્યું હતું કે તેઓ નિયમિતપણે તેમના ગામમાં આવે છે અને નવાઈ વ્યક્ત કરી હતી કે ગયા અઠવાડિયે જ્યારે તેમણે મુખ્ય પ્રધાનપદ પર પોતાનું સ્ટેન્ડ ક્લિયર કરી નાખ્યું હતું, ત્યારે શા માટે કોઈ મૂંઝવણ (તેમની મુલાકાત અંગે) હોવી જોઈએ.

ભાજપ, શિવસેના અને અજિત પવારની એનસીપીના મહાયુતિએ વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ જીત સાથે સત્તા જાળવી રાખી હતી, જેના પરિણામો ૨૩ નવેમ્બરના રોજ જાહેર થયા હતા.

નવી મહાયુતિ સરકારનો શપથ ગ્રહણ સમારોહ પાંચમી ડિસેમ્બરની સાંજે દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં થશે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમાં હાજરી આપશે, એમ રાજ્ય ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુલેએ શનિવારે જણાવ્યું હતું. મુખ્ય પ્રધાન કોણ હશે તે અંગે હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી, ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું કે દેવેન્દ્ર ફડણવીસ, જેઓ બે વાર મુખ્ય પ્રધાન રહી ચૂક્યા છે અને છેલ્લી એકનાથ શિંદેની આગેવાનીવાળી સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન હતા, તેઓ આ પદ માટે સૌથી મોટા દાવેદાર છે. શિંદેએ ગયા અઠવાડિયે કહ્યું હતું કે શિવસેના પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના મહારાષ્ટ્રના આગામી મુખ્યપ્રધાનના નામના નિર્ણયનું સમર્થન કરશે.

રવિવારે પત્રકારો સાથે વાત કરતા શિંદેએ કહ્યું, 'હું હંમેશાં મારા ગામમાં આવું છું. જ્યારે મેં ગયા અઠવાડિયે જ મારું સ્ટેન્ડ સ્પષ્ટ કરી દીધું છે ત્યારે કોઈ મૂંઝવણ કેમ હોવી જોઈએ. મેં પહેલેથી જ કહ્યું છે કે સીએમપદ અંગેનો નિર્ણય ભાજપ નેતૃત્વ દ્વારા લેવામાં આવશે. મને અને શિવસેનાને સ્વીકાર્ય છે અને મારું સંપૂર્ણ સમર્થન હશે.'

તેમની તબિયત અંગેના પ્રશ્નના જવાબમાં શિવસેનાના નેતાએ કહ્યું કે

(જુઓ પાનું ૨) ▶▶

## જય શાહ આઈસીસીના અધ્યક્ષસ્થાને બિરાજમાન



દુબઈઃ પાંચ વર્ષ સુધી બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)નું સેક્રેટરીપદ સફળતાપૂર્વક સંભાળ્યા પછી ભારતીય ક્રિકેટના વહીવટકર્તા જય શાહે રવિવારથી ક્રિકેટની સર્વોચ્ચ સંસ્થા ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળી લીધો છે. આ પ્રતિષ્ઠિત હોદ્દો સંભાળ્યા બાદ તેમનો સૌથી પહેલો ઉદ્દેશ ફેબ્રુઆરીની ચૅમ્પિયન્સ ટ્રૉફીને લગતી મડાગાંઠ ઉકેલવાનો છે. એ ઉપરાંત, ક્રિકેટને ઑલિમ્પિક સ્પૉર્ટ તરીકેની વ્યવહારુ રમત બનાવવાનો પણ તેમનો વ્યાપક દૃષ્ટિકોણ રહેશે.

૩૬ વર્ષના જય શાહ ભારતના કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના પુત્ર છે. જય શાહ આઇસીસીનું ચૅરમૅનપદ

(જુઓ પાનું ૨) ▶▶

# તમિલનાડુ અને પુડુચેરીમાં સાઈક્લોન ફેંગલની ભયાનક અસરઃ ચેન્નઈમાં ત્રણનાં મોત







**તબાહી અને બચાવ કામગીરી**

તમિળનાડુના કુડાલોરમાં વાવાઝોડા ફેંગલને કારણે અનેક વૃક્ષો તૂટી પડ્યા હતા, ડિઝાસ્ટર રિસ્પોનસ ફોર્સના જવાનોએ તેને ખસેડવાની કામગીરી હાથ ધરી હતી, બીજી તસવીર ફેંગલને પરિણામે પાણી ભરાયા હતા, તેમાંથી ભારતીય લશ્કરી દળના જવાનો લોકોને સલામત સ્થળે લઈ જતા દેખાય છે, ત્રીજી તસવીર પુડુચેરીમાં ભરાયેલા પાણી જોઈ શકાય છે (પીટીઆઈ તસવીરો)

ચેન્નઈઃ તમિલનાડુ અને પુડુચેરી પર ચક્રવાત 'ફેંગલ'ની જોરદાર અસર જોવા મળી હતી. ચેન્નઈમાં વરસાદ સંબંધિત અલગ-અલગ ઘટનાઓમાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં. ચક્રવાત 'ફેંગલ' શનિવારે સાંજે તમિલનાડુ-પુડુચેરીના દરિયાકિનારે ટકરાયું હતું જેના કારણે ભારે વરસાદ વરસ્યો હતો. ચેન્નઈના કેટલાક ભાગોમાં પૂર આવ્યું હતું. જોકે, તમિલનાડુ અને પુડુચેરીમાં ૪૪ સે.મી. વરસાદ પડ્યો હતો, જે ૩૦ વર્ષમાં સૌથી વધુ છે. જોકે તમિલનાડુ અને પુડુચેરીમાં મોટા નુકસાનના કોઈ અહેવાલ નથી.

ચક્રવાતને કારણે ૧૬ કલાક માટે બંધ રહેલું ચેન્નઈ ઍરપોર્ટ રવિવારે મધરાતે એક વાગ્યે ફરી ખૂલ્યું હતું, પરંતુ ઘણી ફ્લાઈટ્સ કેન્સલ રહી હતી જ્યારે કેટલીક ફ્લાઇટ્સ મોડી રહી હતી. ચેન્નઈ ઍરપોર્ટ પર ઉતરાણ કરનારી પ્રથમ ફ્લાઇટ કુવૈત ઍરવેઝની સવારે ૪:૦૮ વાગ્યે હતી અને ઍરલાઈનની ફ્લાઇટ સવારે ૫:૧૮ વાગ્યે ચેન્નઈથી રવાના થઈ હતી.

શનિવારથી અવિરત વરસાદના કારણે ચેન્નઇ અને પુડુચેરીમાં બસ, ટ્રેન અને ફ્લાઇટ સેવાઓ સહિતના જાહેર પરિવહનને અસર થઈ હતી. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સત્તાવાળાઓ દ્વારા સુરક્ષિત આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા હતા.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે ચક્રવાત ફેંગલ ખૂબ જ ધીરે ધીરે પશ્ચિમ તરફ આગળ વધવાની અને આગામી છ કલાકમાં ધીમે ધીમે ડીપ ડિપ્રેશનમાં નબળું પડવાની શક્યતા છે. પુડુચેરી જિલ્લા કલેક્ટરે આગામી આદેશો સુધી તમામ ખાનગી શાળાઓ અને સરકારી અને ખાનગી કૉલેજોને રાહત આશ્રયસ્થાનો તરીકે જાહેર કર્યાં છે. આ સંસ્થાઓના મૅનેજમેન્ટને તેમની સુવિધાઓ તાત્કાલિક ખોલવા સૂચના આપવામાં આવી છે.

પુડુચેરીમાં છેલ્લાં ૩૦ વર્ષમાં સૌથી વધુ ૪૬ સેમી વરસાદ નોંધાયો છે. ૩૧ ઓક્ટોબર, ૨૦૦૪ના રોજ કેન્દ્રશાસિત પ્રદેશમાં ૨૧ સેમી વરસાદ પડ્યો હતો ત્યારથી પુડુચેરીમાં આ સૌથી વધુ વરસાદ હતો. અન્ય સ્થળો જેમ કે કુડ્ડલોરમાં ૨૩ સેમી વરસાદ નોંધાયો હતો જ્યારે ચેન્નઈ ઍરપોર્ટમાં ૧૪ સેમી, ચેરકૌડમાં ૧૪ સેમી, મીનમ્બક્કમમાં ૧૧ સેમી, નુંગમબક્કમમાં ૧૦ સેમી, વેલ્લોરમાં ૧૧ સેમી, તિરુપતુરમાં ૮ સેમી વરસાદ નોંધાયો હતો.

ચક્રવાતના પ્રભાવને કારણે ચેન્નઈમાં ભારે વરસાદને કારણે બે રનવે અને ટેક્સીવેમાં પાણી ભરાઈ જવાને કારણે શનિવારે ચેન્નઈ ઍરપોર્ટ બંધ કરવામાં આવ્યું હતું. ઍરપોર્ટ ઑથોરિટીએ કહ્યું હતું કે ચેન્નઈ ઍરપોર્ટ ૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ સવારે ૧ વાગ્યાથી ફરી શરૂ થયું છે. અમે મુસાફરોને ફ્લાઇટ અપડેટ્સ માટે તેમની સંબંધિત ઍરલાઈન્સ સાથે તપાસ કરવા સલાહ આપીએ છીએ.

ભારતીય સેનાએ બે કલાકમાં પુડુચેરીમાં પૂરગ્રસ્ત

(જુઓ પાનું ૨) ▶▶

## મની લોન્ડરિંગ કેસમાં રાજ કુન્દ્રાને ઈડીનું તેડું

મુંબઈ : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ(ઈડી)એ શિલ્પા શેટ્ટીના પતિ અને બિઝનેસમેન રાજ કુન્દ્રાની કથિત પોર્નોગ્રાફિક મુવીના ગેરકાયદે વિતરણને સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ કરવા સમન્સ મોકલ્યા હતા, એમ સત્તાવાર સાધનોએ માહિતી આપી હતી.

સૂત્રોએ કહ્યું હતું કે રાજ અને બીજાઓને આ અઠવાડિયામાં કેસના તપાસ અધિકારી સમક્ષ જુબાની આપવા જણાવ્યું હતું.

કેન્દ્રીય એજન્સીએ ૨૯ ડિસેમ્બરે કુન્દ્રાના મુંબઈના અને બીજાઓના ઉત્તર પ્રદેશના ઠેકાણાં પર દરોડા પાડ્યા હતા. કુન્દ્રાએ શનિવારે કહ્યું હતું રે હું છેલ્લા ચાર વર્ષમાં ચાલુ રહેલી તપાસમાં 'સંપૂર્ણપણે સહકાર' આપી રહ્યો છે.

કુન્દ્રાના વકીલે કહ્યું હતું કે કાર્યવાહી એક્ટર શિલ્પા વિરુદ્ધની નથી અને કુન્દ્રા સત્ય બહાર આવે એ માટે તપાસમાં સહકાર આપે છે.

મુંબઈ પોલીસે કુન્દ્રા અને બીજાઓ સામે નોંધાવેલી ઓછામાં ઓછી બે એફઆઈઆર અને તહોમતનામાના આધારે મે ૨૦૨૨માં મની લોન્ડરિંગ કેસ કરવામાં આવ્યો હતો. કેસમાં બિઝનેસમેન કુન્દ્રા અને બીજાઓની ધરપકડ કરવામાં આવી હતી.

કુન્દ્રા સામે આ બીજો મની લોન્ડરિંગ કેસ છે. આ વર્ષની શરૂઆતમાં ઈડીએ ક્રિપ્ટોકરન્સી કેસમાં કુન્દ્રા અને શિલ્પાની ૯૮ કરોડ રૂપિયાની મિલકત પર ટાંચ મારી હતી. જોકે દંપતીએ ટાંચ મારવાના હુકમ સામે બોમ્બે હાઈ કોર્ટમાંથી રાહત મેળવી હતી. (એજન્સી)



**હવાઈ કરતબઃ** ભારતીય હવાઈ દળની એરોબેટીક્સ ટીમ સૂર્ય કિરણે પાસિંગ આઉટ પરેડ દરમિયાન પુણે જિલ્લામાં આવેલી નેશનલ ડિફેન્સ એકેડમી પર હવાઈ કરતબ દાખવ્યા હતા (એજન્સી)

## વકફની કેટલી સંપત્તિ છે 'અનધિકૃત કબજામાં': સંસદીય સમિતિએ રાજ્યો પાસે માંગી માહિતી

નવી દિલ્હીઃ વકફ (સુધારા) બિલની તપાસ કરતી સંસદીય સમિતિએ રાજ્ય સરકારો પાસેથી 'અનધિકૃત કબજા' હેઠળની વકફ બોર્ડની સંપત્તિઓની વિગતો માંગી છે. સચ્ચર સમિતિના અહેવાલમાં અનેક રાજ્યોમાં વકફ મિલકતો પર અતિક્રમણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સમિતિએ રાજ્યો પાસેથી વકફ અધિનિયમની કલમ ૪૦ હેઠળ વકફ બોર્ડ દ્વારા દાવો કરાયેલી મિલકતોની વિગતો પણ માંગી છે. નોંધનીય છે કે સંસદીય સમિતિનો કાર્યકાળ હવે બજેટ સત્રના અંતિમ દિવસ સુધી લંબાવવામાં આવ્યો છે.

કૉંગ્રેસ સરકારે ૨૦૧૩માં વકફ એક્ટમાં સુધારો કર્યો હતો. આ કાયદાની કલમ ૪૦ પર સૌથી વધુ વિવાદ છે. વાસ્તવમાં આ કલમ વક્ફ બોર્ડને તે નક્કી કરવા માટે સત્તા આપે છે કે કોઈ મિલકત વકફની છે કે નહીં. હવે વર્તમાન સુધારા બિલમાં આ બાબતને અંકુશમાં લેવાની તૈયારી છે. જો કે, વિરોધ પક્ષો સહિત ઘણા મુસ્લિમ સંગઠનોએ સરકારના પગલાંની ટીકા કરી હતી. તેમણે આ બિલને ધાર્મિક બાબતોમાં દખલગીરી ગણાવી હતી.

સંસદીય સમિતિએ તે વકફ મિલકતોની વિગતો પણ માંગી છે જે રાજ્ય સરકાર અથવા તેની સત્તાવાર એજન્સીઓના કબજામાં છે. ૨૦૦૫માં રચાયેલી સચ્ચર સમિતિને વિવિધ વક્ફ બોર્ડ દ્વારા 'અનધિકૃત કબજા'ની જાણકારી આપી હતી. સંસદીય સમિતિ કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રાલય દ્વારા રાજ્યો પાસેથી માહિતી એકત્ર કરી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બીજેપી સાંસદ જગદંબિકા પાલની અધ્યક્ષતા હેઠળની સંસદીય સમિતિએ શોધી કાઢ્યું છે કે ૨૦૦૫-૦૬માં દિલ્હીમાં સચ્ચર સમિતિને આવી ૩૧૬, રાજસ્થાનમાં ૬૦ અને કર્ણાટકમાં ૪૨ મિલકતોની જાણ કરવામાં આવી હતી. મધ્ય પ્રદેશમાં ૫૩, ઉત્તર પ્રદેશમાં ૬૦ અને ઓડિશામાં ૫૩ મિલકતો કબજામાં હતી. સમિતિએ આ તમામ છ રાજ્યો પાસેથી માહિતી માંગી છે. આ સિવાય અન્ય રાજ્યોમાંથી પણ માહિતી મળી છે.

સમિતિએ રાજ્ય સરકારોને એવા કેસોની વિગતો શેર કરવા પણ વિનંતી કરી છે કે જ્યાં તેમની એજન્સીઓ મિલકતની માલિકી અથવા કબજો અંગે વક્ફ બોર્ડ સાથે કાનૂની વિવાદમાં સામેલ છે. યુપીએ સરકારે ૨૦૦૫માં ભારતમાં મુસ્લિમ સમુદાયની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિનો અભ્યાસ કરવા માટે સચ્ચર સમિતિની રચના કરી હતી. આ સમિતિએ ૨૦૦૬માં પોતાનો અહેવાલ સુપરત કર્યો હતો. ■

## બિહારમાં માટી ખોદી રહેલી ચાર કિશોરીના મરણ

બક્સર : રવિવારે સવારે બિહારના બક્સર જિલ્લામાં ચાર કિશોરી પર માટીનો ઢગલો ધસી પડતાં તેમનું મરણ થયું હતું, એવી માહિતી પોલીસે આપી હતી.

બનાવ રાજપુર પોલીસ સ્ટેશન વિસ્તારના સરેન્જા ગામમાં બન્યો હતો. છ કિશોરીએ કાચું ઘર બનાવવા માટી ખોદી રહી હતી.

મૃતકમાં શિવાની કુમારી (૬૦, સંજુ કુમારી (૧૧), નૈનતારા કુમારી (૧૨) અને સરીતા કુમારી (૧૧) સમાવેશ થાય છે. પોલીસે કહ્યું હતું કે એક કિશોરીને ઈજા પહોંચી છે અને તેને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. એસપી શુભમ આર્યે કહ્યું હતું કે આ ખરેખર દુખદ બનાવ છે. મૃતકોના કુટુંબને ૨૦,૦૦૦ રૂપિયાની નાણાકીય સહાય આપવામાં આવશે. તદુપરાંત લાગતાવળગતા સત્તાવાળાઓ મૃતકના દરેક કુટુંબને ચાર લાખ રૂપિયા એક્સ-ગ્રેસિયા તરીકે આપશે. (એજન્સી)■

## અમેરિકન કોર્ટના આરોપો બાદ ગૌતમ અદાણીએ પહેલીવાર આપ્યો ખુલાસો

જયપુરઃ અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ શનિવારે પ્રથમ વખત યુએસ અધિકારીઓના ૨૬૫ મિલિયન ડોલરની લાંચના આરોપો પર પ્રતિક્રિયા આપી હતી. અદાણીએ જયપુરમાં એક એવૉર્ડ સમારોહમાં જણાવ્યું હતું કે આ પહેલીવાર નથી જ્યારે અમે આવા પડકારોનો સામનો કર્યો હોય. તેમનું જૂથ તમામ નિયમોનું પાલન કરવા માટે પ્રતિબદ્ધ છે અને ''અમને તોડી પાડવાના દરેક પ્રયાસો અમને વધુ નક્કર બનાવે છે'' તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આજના વિશ્વમાં ''નકારાત્મકતા હકીકતો કરતાં વધુ ઝડપથી ફેલાય છે''.

૨૦ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ યુએસ ડિપાર્ટમેન્ટ

(જુઓ પાનું ૨) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સંભલ પછી અજમેર, વર્શિપ એક્ટ કેમ નાબૂદ ના કરાયો?

**દેશમાં** હમણાં હિંદુ ધર્મસ્થાનોને તોડીને મસ્જિદ સહિતનાં મુસ્લિમોનાં ધર્મસ્થાનો બનાવાયાં તેના વિવાદ ચગેલા છે. ઉત્તર પ્રદેશના સંભલની જામા મસ્જિદને ભગવાન વિષ્ણુ એટલે કે હરહરના મંદિરને તોડીને બનાવાઈ હતી એવી દલીલ સાથેની હિંદુ પક્ષની અરજી પર નીચલી કોર્ટે આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ) પાસે સર્વે કરવાનો આદેશ આપ્યો તેના કારણે સંભલમાં હિંસા થઈ ગઈ અને ચાર લોકો મરી ગયાં. આ વિવાદ શમ્યો નથી ત્યાં અજમેર દરગાહમાં આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ) દ્વારા સર્વે કરાવવાની અરજીને પણ નીચલી કોર્ટે સ્વીકારી લીધી છે.

સંભલની જામા મસ્જિદ સર્વે કેસની શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ તેમાં કોર્ટે મસ્જિદના સર્વે રિપોર્ટને નહીં ખોલવાનો આદેશ આપ્યો છે અને ચંદૌસીની ટ્રાયલ કોર્ટને ૮ જાન્યુઆરી સુધી આ કેસમાં કોઈ કાર્યવાહી ન કરવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટે શાહી ઇદગાહ કમિટી હાઇ કોર્ટમાં ન જાય ત્યાં સુધી કોઈ કાર્યવાહી નહીં કરવા પણ કહ્યું છે પણ સુપ્રીમ કોર્ટનું આ વલણ ક્યાં સુધી ટકશે એ સવાલ છે એ જોતાં આજે નહીં તો કાલે આ મુદ્દો પાછો ચગવાનો જ છે. અલબત્ત સુપ્રીમના આદેશના કારણે સંભલના કેસમાં ટેબ્લો પડ્યો છે ત્યાં અજમેરનો વિવાદ ચગ્યો જ છે.

હિંદુ સેનાએ રાજસ્થાનમાં અજમેરની કોર્ટમાં અરજી કરીને દાવો કર્યો છે છે કે, ખ્વાજા મોઇનુદ્દીન ચિશ્તીની દરગાહ એક શિવમંદિર પર બની છે. અજમેર વેસ્ટ સિવિલ જજ સિનિયર ડિવિઝન મનમોહન ચંદેલની કોર્ટે આ અરજી માન્ય રાખીને નોટિસો ફટકારી છે. હિંદુ સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ વિષ્ણુ ગુપ્તાએ રિટાયર્ડ જજ હરબિલાસ સારદાના પુસ્તકના ઉલ્લેખ સહિત ત્રણ બાબતોના આધારે મંદિર હોવાનો દાવો કરીને મંદિરમાં પૂજા-પાઠ કરવાની અનુમતિ આપવાની માગ કરી છે.

વિષ્ણુ ગુપ્તાએ દરગાહમાં મંદિર હોવાના જે કહેવાતા આધાર રજૂ કર્યા છે તેમાં પહેલો આધાર હરબિલાસ સારદાના પુસ્તકનો છે. અંગ્રેજ શાસનકાળમાં અજમેર નગરપાલિકાના કમિશનર રહી ચૂકેલા હરબિલાસ સારદાએ ૧૯૧૧માં પોતાના પુસ્તકમાં દરગાહ મંદિર પર બની હોવાનો ઉલ્લેખ કર્યો હોવાનો તેમનો દાવો છે. હિંદુ સેનાએ પોતાની રીતે તપાસ કરીને દરગાહની અંદર જઈ જોયું તો દરગાહની સંરચના હિંદુ મંદિરને તોડીને બનાવાઈ હોવાનું લાગે છે એવો દાવો પણ કર્યો છે. તેમના દાવા પ્રમાણે, દરગાહની દીવાલો અને દરવાજાઓ પર જોવા મળતાં નક્શીકામો હિંદુ મંદિરની યાદ અપાવે છે. ત્રીજો આધાર એ છે કે, અમારા પૂર્વજો કહેતા હતા કે અહીં શિવલિંગ હતું અને હિંદુ મંદિર હતું. વિષ્ણુ ગુપ્તાના કહેવા પ્રમાણે દરગાહમાં બનેલાં ભોયરાંનો સર્વે થાય તો સત્ય સામે આવશે. કોર્ટને આ દલીલો વજનદાર લાગી તેથી અરજી સ્વીકારી લીધી. અજમેર દરગાહના મુખ્ય કારભારી અને ખ્વાજા મોઇનુદ્દીન ચિશ્તીના વંશજ સૈયદ નસીરુદ્દીન ચિશ્તીએ અરજીને સસ્તી લોકપ્રિયતા મેળવવાનો 'સ્ટંટ' ગણાવી છે પણ હિંદુ પક્ષકારોની આક્રમકતા જોતાં આ વિવાદ ચગશે એ નક્કી છે.

સંભલ અને અજમેર બંને અંગેના દાવા કોર્ટમાં છે તેથી તે અંગે કંઈ પણ કહેવું યોગ્ય નથી પણ સંભલ અને અજમેર બંનેનો ઘટનાક્રમ ચિંતાજનક છે. ચિંતાજનક એ રીતે કે તેના કારણે ધીરે ધીરે દેશમાં બીજે બધે પણ આ પ્રકારની માગોનો સિલસિલો શરૂ થશે. ભારતમાં મુસ્લિમ આક્રમણખોરો આવ્યા ત્યારે તેમણે ઠેર ઠેર હિંદુ ધર્મસ્થાનો તોડીને મસ્જિદો બનાવી હતી. મુસ્લિમ બાદશાહોના સૂબાઓએ પણ ધર્મસ્થાનો તોડ્યાં હતાં ને મસ્જિદો બનાવી હતી. ૧૯૮૦ના દાયકામાં જ્યારે અયોધ્યાના રામમંદિરનો મુદ્દો ગરમ થયો ત્યારે હિંદુવાદી સંગઠનો દાવો કરતાં હતાં કે, મુસ્લિમ આક્રમણખોરોએ ૩૦૦૦ જેટલાં હિંદુ ધર્મસ્થાનોને તોડીને મસ્જિદો બનાવી છે. આ દાવામાં અતિશયોક્તિ હોય તો પણ હજારેક મસ્જિદો સહિતનાં મુસ્લિમોનાં ધર્મસ્થાનો તો એવાં હશે જ કે જે મંદિરો કે હિંદુઓનાં બીજાં ધર્મસ્થાનો તોડીને બનાવાયાં હોય. આ ઈતિહાસ છે ને તેને કોઈ નકારી શકે તેમ નથી તેથી તેમનો વિવાદ ચગવાનો છે તેમાં મીનમેખ નથી. હિંદુઓ વરસો સુધી ચૂપ હતા કેમ કે રાજકીય રીતે માહોલ અનુકૂળ નહોતો. હવે ભાજપ સત્તામાં છે ને દેશભરમાં હિંદુત્વની લહેર છે તેથી હિંદુઓ ચૂપ રહેવાના નથી એટલે આ વિવાદ ચગશે જ.

આ વિવાદ દેશના હિતમાં નથી કેમ કે તેના કારણે હિંસા જ થવાની છે. અયોધ્યા વિવાદ વખતે દેશભરમાં થયેલી હિંસામાં સેંકડો લોકો મરાયાં હતાં ને અત્યારે સંભલમાં પણ એ જ થયું છે એ જોતાં ધાર્મિક વિવાદો લોકોનો ભોગ તો લેશે જ. હિંસાના કારણે થતું બીજું નુકસાન ધ્યાનમાં ન લઈએ તો પણ લોકોની હત્યાઓ થાય છે એ નુકસાન પણ બહુ મોટું છે.

આ નુકસાન રોકવું જરૂરી છે ને એ કામ સરકાર તથા ન્યાયતંત્ર કરી શકે. અત્યારે વિવાદો ઊભા થઈ રહ્યા છે તેનું કારણ અદાલતો દ્વારા મુસ્લિમ મસ્જિદો સહિતનાં ધર્મસ્થાનોના સર્વેને અપાતી મંજૂરી છે. અદાલતો આ મંજૂરી આપવાનું બંધ કરી શકે છે કેમ કે વર્શિપ એક્ટ ૧૯૯૧ હેઠળ દેશભરમાં ધર્મસ્થાનો ૧૫ ઓગસ્ટ ૧૯૪૭માં જે સ્થિતિએ હતાં એ સ્થિતિ જાળવવી જરૂરી છે. આ એક્ટ હેઠળ કોઈ પણ ધર્મના, કોઈ પણ પૂજાસ્થળની સ્થિતિ બદલી શકાય નહીં.

અદાલતો આ કાયદાનો ઉપયોગ કરીને મસ્જિદો સહિતનાં મુસ્લિમોનાં ધર્મસ્થાનોના સર્વે બંધ કરાવે ને બીજી તરફ સરકાર વર્શિપ એક્ટ નાબૂદ કરવાની ક્વાયત કરે. વર્શિપ એક્ટ વાહિયાત જ છે કેમ કે નરસિંહરાવની કોંગ્રેસ સરકારે મુસ્લિમ તુષ્ટિકરણ માટે આ કાયદો બનાવ્યો હતો. હિંદુઓ ભવિષ્યમાં મંદિરો તોડીને બનાવાયેલાં ધર્મસ્થાનો પર દાવો ના કરે એટલે આ કાયદો બનાવેલો. આ કાયદો કચરાટોપલીમાં જવો જ જોઈએ.

જો કે સવાલ ભાજપ સરકારની દાનતનો પણ છે. મોદી સરકાર છેલ્લાં ૧૦ વર્ષથી સત્તામાં છે પણ આ કાયદાને રદ કરવા તેણે કશું ના કર્યું. હિંદુઓને અન્યાયકર્તા અને મુસ્લિમોને પંપાળવા બનાવાયેલો આ કાયદો રદ કરવા સહિતનાં પગલાં પહેલાં જ લેવાં જરૂરી હતાં પણ મોદી સરકારે એ કામ ના કર્યું. એ વખતે ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી હતી એ જોતાં સરળતાથી આ કાયદો રદ થઈ શકે તેમ હતો. મોદી સરકાર હિંદુ મંદિરો તોડાયાં તેનો સર્વે કરવાનો આદેશ પણ આપી શકી હોત પણ ૧૦ વર્ષમાં એ ના કર્યું ને અત્યારે પણ મોદી સરકાર એ દિશામાં કશું કરવા આતુર છે કે નહીં એ ખબર નથી. તેના કારણે વિવાદો ઊભા થશે પણ નિરાકરણ નહીં આવે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ), સોમવાર, તા. ૨-૧૨-૨૦૨૪,
માર્તંડ ભૈરવ ષડ્રાત્રોત્સવ પ્રારંભ, ચંદ્રદર્શન

- ભારતીય દિનાંક ૧૧, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ સુદ – ૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૧
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે પમો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧લો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર જયેષ્ઠા બપોરે ક. ૧૫-૪૫ સુધી, પછી મૂળ.
- ચંદ્ર વૃશ્ચિકમાં બપોરે ક. ૧૫-૪૮ સુધી, પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૫૭ અમદાવાદ ક. ૦૭ મિ. ૦૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
- ભરતીઃ બપોરે ક. ૧૨-૧૩, મધ્યરાત્રે ક. ૦૧-૦૬ (તા. ૩)
- ઓટઃ સાંજે ક. ૧૮-૦૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ – પ્રતિપદા. માર્ગશીર્ષ શુક્લ પક્ષ પ્રારંભ, માર્તંડ ભૈરવ ષડ્રાત્રોત્સવ પ્રારંભ, ચંદ્રદર્શન, ઈષ્ટિ, શુક્ર મકરમાં ક. ૧૧-૫૭. સૂર્ય જયેષ્ઠામાં ક. ૧૯-૦૮, રુદ્રોપવાસ

શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.

મુહૂર્ત વિશેષઃ જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા, પશુ લે-વેંચ, મકાન, ખેતર, જમીન, લેવડદેવડ, ખેતીવાડીના કામકાજ, શિવપાર્વતી પૂજા, ગૌ પૂજા, નવા વસ્રો, આભૂષણ, ચંદ્ર-બુધ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્ર પૂજા, ઔષધ ઉપચાર, પરદેશગમનનું પસ્તાનું, વાહન, યંત્ર, પ્રાણી પાળવા, ધાન્ય ભરવું, હજામત, પ્રયાણ મધ્યમ.

- માર્ગશીર્ષ માસ સંક્ષિપ્ત : માર્ગશીર્ષ શુક્લ પક્ષમાં નવમીનો ક્ષય, કૃષ્ણપક્ષમાં ક્ષય વૃદ્ધિ નથી. શુક્લ પક્ષમાં દિવસ-૧૪, કૃષ્ણપક્ષમાં દિવસ-૧૫ એમ તા. ૨ થી 30 ડિસે.ના આ માસના ૨૯ દિવસ છે. આ માસમાં પૂનમનું ચંદ્રગ્રહણ, અમાસનું સૂર્યગ્રહણ નથી. માર્ગશીર્ષ માસમાં વિષ્ણુ સહસ્રનામ સ્તોત્રના પાઠ, ભાગવત અભ્યાસ, એકમથી છઠ માર્તંડ ભૈરવ ષડરાત્રોત્સવ છે. તા. ૧૧મીએ ગીતા જયંતી, તા. ૧૪મીએ શ્રી દત્ત જયંતી, તા. ૧૫મીએ બહુચરાજીનો મેળો, તા. ૨૨મીએ ભાનુ સપ્તમી, તા. 30મીએ સોમવતી અમાસ, પાવગઢયાત્રા છે. તા. ૭થી ૨૭ ડિસે. અન્નપૂર્ણા વ્રત છે.
- આચમનઃ ચંદ્ર-બુધ યુતિ ભાષાઓના જાણકાર, શુક્ર-હર્ષલ ત્રિકોણ ઉતાવળિયું લગ્ન થાય, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ ચાલબાજીવાળા.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ યુતિ, શુક્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ. ■

## તેલંગણાના જંગલમાં એન્કાઉન્ટરમાં સાત નક્સલવાદીઓ ઠાર, હથિયારો જપ્ત

હૈદરાબાદઃ તેલંગણા પોલીસને માઓવાદીઓ વિરુદ્ધ આભિયાનમાં મોટી સફળતા મળી છે. મુલુગુ જિલ્લાના જંગલોમાં રવિવારે પોલીસ અને માઓવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી, જેમાં સાત માઓવાદીઓ માર્યા ગયા હતા. માઓવાદીઓ વિરુદ્ધ સર્ચ ઓપરેશન દરમિયાન ગોળીબાર થયો હતો, ત્યાર બાદ પોલીસે વળતો જવાબ આપ્યો હતો. હાલ આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે.

અહેવાલો અનુસાર, તેલંગણા પોલીસના સ્પેશિયલ નક્સલ વિરોધી ફોર્સ 'ગ્રેહાઉન્ડ્સ'એ જંગલમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન સશસ્ત્ર માઓવાદીઓએ પોલીસ પર હુમલો કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, માઓવાદીઓએ પોલીસ ફોર્સ પર ફાયરિંગ શરૂ કર્યું, જેના જવાબમાં પોલીસે પણ કાર્યવાહી કરી. આ દરમિયાન થયેલા ગોળીબારમાં સાત માઓવાદીઓ માર્યા ગયા હતા. એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા માઓવાદીઓમાં તેલંગણા સ્ટેટ કમિટીના સચિવ કુરસમ મંગુ ઉર્ફે ભદ્રુ અને પ્રતિબંધિત સંગઠન સીપીઆઈ (માઓવાદી)ના નેતાનો પણ સમાવેશ થાય છે. પોલીસે એન્કાઉન્ટર સ્થળ પરથી બે એકે-૪૭ રાઈફલ્સ સહિત અનેક હથિયારો અને અન્ય વસ્તુઓ જપ્ત કરી છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે માઓવાદી જૂથો રાજ્યમાં હિંસક ગતિવિધિઓ કરવાની યોજના બનાવી રહ્યા હતા. ગુપ્ત માહિતીના આધારે પોલીસને તેમના લોકેશનની માહિતી મળી હતી. ત્યારબાદ આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

આ એન્કાઉન્ટર બાદ વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. આ વિસ્તારમાં અન્ય કોઈ માઓવાદીઓ છુપાયેલા છે કે કેમ તે જાણવા માટે પોલીસ આસપાસના જંગલોમાં સર્ચ ઓપરેશન આગળ વધારી રહી છે.

સીપીઆઈ (માઓવાદી)ને ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત અને આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવ્યું છે. આ સંગઠન આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં પ્રભુત્વ જાળવી રાખવા માટે હિંસક પ્રવૃત્તિઓ કરે છે. જેની વિરુદ્ધ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ■

## ટ્રમ્પની ધમકીથી ભારત સહિત નવ દેશો ટેન્શનમાં! વેપાર કરવો મુશ્કેલ થઈ જશે, ૧00% ટેરિફ લાદશે!

વૉશિંગ્ટનઃ અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે શનિવારે (૩૦મી નવેમ્બર) બ્રિક્સ દેશોને ધમકી આપી છે. તેમણે કહ્યું કે, 'જો નવ દેશો (બ્રિક્સ દેશો) અમેરિકન ડૉલરને નબળો પાડવાનો પ્રયાસ કરશે તો તેમના પર ૧૦૦% ટેરિફ લાદવામાં આવશે.' આ ધમકી બ્રિક્સમાં જોડાયેલા દેશો માટે છે, જેમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા, ઈજિપ્ત ઈથોપિયા, ઈરાન અને સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ થાય છે.

તુર્કીએ, અઝરબૈજાન અને મલેશિયાએ બ્રિક્સના સભ્ય બનવા માટે અરજી કરી છે અને અન્ય ઘણાં દેશો પણ તેમાં જોડાવા ઈચ્છે છે. જો કે, અમેરિકન ડૉલર અત્યાર સુધીમાં વૈશ્વિક વેપારમાં સૌથી વધુ વપરાતું ચલણ છે અને ભૂતકાળમાં પડકારો હોવા છતાં તેની શ્રેષ્ઠતા જાળવી રાખવામાં સફળ રહી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરતા ડોનલ્ડ ટ્રમ્પે લખ્યું કે, 'બ્રિક્સ દેશો ડૉલરથી દૂર જવાનો પ્રયાસ કરી રહ્યા છે. અમને આ દેશો તરફથી પ્રતિબદ્ધતાની જરૂર છે કે તેઓ ન તો નવી બ્રિક્સ ચલણનો ઉપયોગ કરશે. જો તેઓ એમ કરે છે, તો તેમને ૧૦૦% ટેરિફનો સામનો કરવો પડશે. તેઓ અમેરિકન અર્થતંત્રમાં ઉત્પાદનો વેચવા માટે ગુડબાય કહેવા માટે તૈયાર હોવા જોઈએ. એવી કોઈ શક્યતા નથી કે બ્રિક્સ આંતરરાષ્ટ્રીય વેપારમાં અમેરિકન ડૉલરનું સ્થાન લેશે અને જે પણ દેશ આવું કરવાનો પ્રયાસ કરે છે તેણે યુએસને અલવિદા કહી દેવું જોઈએ.'

ડોનલ્ડ ટ્રમ્પની ધમકી ભારત જેવા વિકાસશીલ દેશ માટે પણ ચિંતાજનક છે કારણ કે ભારત માત્ર અમેરિકાથી માલસામાનની આયાત કરે છે. આ ઉપરાંત મોટી માત્રામાં ઘણી વસ્તુઓની નિકાસ પણ કરે છે. જો આંકડાઓ પર નજર કરીએ તો, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભારત અને અમેરિકા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૧૧૮.૩ બિલિયન અમેરિકન ડૉલર હતો. આ દરમિયાન ભારતે અમેરિકાને ૪૧.૬ અબજ ડૉલરની નિકાસ કરી હતી.

બ્રિક્સના સભ્યો અને અન્ય વિકાસશીલ દેશોનું કહેવું છે કે, 'વૈશ્વિક નાણાકીય વ્યવસ્થામાં અમેરિકાના વર્ચસ્વથી કંટાળી ગયા છે. બ્રિક્સ દેશો અમેરિકન ડૉલર અને યુરો પર વૈશ્વિક નિર્ભરતા ઘટાડીને તેમના આર્થિક હિતોને વધુ સારી રીતે આગળ વધારવા માગે છે.'

ઓગસ્ટ ૨૦૨૩માં દક્ષિણ આફ્રિકામાં બ્રિક્સ સમિટ યોજાઈ હતી, ત્યારે બ્રિક્સ દેશોએ પોતપોતાનું ચલણ રજૂ કરવા અંગે ચર્ચા કરી હતી અને બ્રિક્સ દેશો વચ્ચે પરસ્પર વેપાર અને રોકાણ માટે એક સામાન્ય ચલણ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ પ્રસ્તાવથી ટ્રમ્પ નારાજ છે. ■

## જીએસટી કલેકશન સાડા આઠ ટકા વધ્યું

નવી દિલ્હી : નવેમ્બરમાં ઘરેલુ ટ્રાન્ઝેકશનની આવક વધતાં જીએસટીનું ગ્રોસ કલેકશન ૮.૫ ટકા વધીને ૧.૮૨ લાખ કરોડ રૂપિયા થયું હતું.

સરકારે બહાર પાડેલી આંકડાકીય માહિતી પ્રમાણે સેન્ટ્રલ જીએસટી કલેકશન ૩૪,૧૪૧ કરોડ રૂપિયા હતું, રાજ્ય જીએસટી કલેકશન ૪૩,૦૪૭ કરોડ અને ઈન્ટિગ્રેટેડ આઈજીએસટીનું કલેકશન ૯૧,૯૨૯ કરોડ રૂપિયા અને સેસનું કલેકશન ૧૩,૨૫૩ કરોડ રૂપિયા નોંધાયું હતું.

અખબારી યાદીમાં કહેવામાં આવ્યું હતું કે નવેમ્બરમાં કુલ ગ્રોસ ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)ની આવક ૮.૫ ટકા વધીને ૧.૮૨ લાખ કરોડ રૂપિયા થઈ હતી. એક વર્ષ અગાઉ આ જ મહિને આ આવક ૧.૬૮ લાખ કરોડ રૂપિયા હતી.

ઓક્ટોબરમાં જીએસટી કલેકશન રૂપિયા ૧.૮૭ લાખ કરોડ રૂપિયા બીજા નંબરનું વધારે હતું જે વાર્ષિક વૃદ્ધિ નવ ટકા બતાડે છે. એપ્રિલ ૨૦૨૪માં સૌથી વધારે કલેકશન ૨.૧૦ લાખ કરોડ રૂપિયા હતું. આ મહિના દરમિયાન જીએસટીમાં ઘરેલુ ટ્રાન્ઝેકશન ૯.૪ ટકા વધીને ૧.૪૦ લાખ કરોડ રૂપિયા હતું. આયાત પરના વેરાની આવક છ ટકાથી વધીને ૪૨,૯૫૧ કરોડ રૂપિયા હતી.

મહિના દરમિયાન રીફન્ડ ૧૯,૨૫૯ કરોડ રૂપિયા હતું જે એક વર્ષ પહેલાંની તુલનામાં ૮.૯ ટકા ઘટ્યું છે.

રીફન્ડ એડજસ્ટ કર્યા બાદ ચોખ્ખું જીએસટી કલેકશન ૧૧ ટકા વધીને ૧.૬૩ લાખ કરોડ રૂપિયા હતું. (એજન્સી) ■

## રાષ્ટ્રપતિ અને વડા પ્રધાને નાગાલેન્ડના લોકોને સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે નાગાલેન્ડના લોકોને તેમના રાજ્ય સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી. રાષ્ટ્રપતિએ રાજ્ય દ્વારા વિકાસના વિવિધ પરિમાણોમાં થયેલી પ્રગતિની પ્રશંસા કરી હતી. જ્યારે વડા પ્રધાને ભવિષ્યમાં રાજ્યની સતત પ્રગતિ માટે કામના કરી હતી. નોંધનીય છે કે આ દિવસે ૧૯૩૩માં ઉત્તરપૂર્વીય રાજ્ય નાગાલેન્ડની રચના થઇ હતી.

રાષ્ટ્રપતિ મુર્મૂએ એક્સ પર પોસ્ટમાં જણાવ્યું કે આ દિવસે ૧૯૬૩માં ઉત્તરપૂર્વીય રાજ્ય નાગાલેન્ડની રચના થઇ હતી. રાજ્ય દિવસ પર નાગાલેન્ડના લોકોને શુભેચ્છાઓ. વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિના સમૃદ્ધ વારસાથી સંપન્ન નાગાલેન્ડ વીરતાની ભૂમિ પણ છે. વિકાસના વિવિધ પરિમાણોમાં નાગાલેન્ડની પ્રગતિ પ્રશંસનીય છે. આ સુંદર રાજ્યના લોકોને શાંતિપૂર્ણ, સમૃદ્ધ અને પ્રગતિશીલ ભવિષ્યની શુભેચ્છાઓ. જ્યારે વડા પ્રધાન મોદીએ એક્સ પર જણાવ્યું કે નાગાલેન્ડના લોકોને તેમના રાજ્યના સ્થાપના દિવસ પર અભિનંદન. નાગાલેન્ડ તેની સમૃદ્ધ સંસ્કૃતિ અને રાજ્યના લોકોના અદ્ભુત સ્વભાવ માટે વ્યાપકપણે પ્રશંસનીય છે. તેમણે કહ્યું કે નાગા સંસ્કૃતિ તેમના કર્તવ્ય અને કરુણાની ભાવના માટે જાણીતી છે. હું આવનારા સમયમાં નાગાલેન્ડની સતત પ્રગતિ માટે પ્રાર્થના કરું છું. ■

## અરવિંદ કેજરીવાલની મોટી જાહેરાતઃ દિલ્હી ચૂંટણીમાં કૉંગ્રેસ સાથે ગઠબંધન કરવાનો ઇનકાર

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટી (આપ) ના સંયોજક અરવિંદ કેજરીવાલે રવિવારે ફેબ્રુઆરીમાં યોજાનારી દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે તેમની પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધનની શક્યતાને નકારી કાઢી હતી. કેજરીવાલે અહીં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, દિલ્હીમાં કોઈ ગઠબંધન થશે નહીં. આપ અને કોંગ્રેસ રાષ્ટ્રીય સ્તરે 'ઇન્ડિયા' ગઠબંઠનનો ભાગ છે. આ વર્ષની શરૂઆતમાં દિલ્હીમાં બંને પક્ષોએ સંયુક્ત રીતે લોકસભાની ચૂંટણી લડી હતી, પરંતુ ગઠબંધન એક પણ બેઠક જીતી શક્યું ન હતું અને તમામ સાત બેઠકો ભાજપે જીતી હતી. ઑક્ટોબરમાં હરિયાણા વિધાનસભાની ચૂંટણી પહેલાં આપ અને કોંગ્રેસ વચ્ચે અનેક વખતની બેઠકો છતાં બેઠકની વહેંચણી પર કોઈ સહમતિ થઈ શકી નથી. ■

પહેલા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનનો

તેઓ હવે સ્વસ્થ છે અને આરામ કરવા તેમના વતન ગામમાં આવ્યા છે.

'અમે એવી સરકાર આપીશું જે લોકો ઇચ્છે છે. છેલ્લા અઢી વર્ષમાં અમારા કામના બદલા તરીકે લોકોએ આપેલા જંગી આદેશને કારણે અમારી જવાબદારી હવે વધી ગઈ છે,' એમ તેમણે કહ્યું હતું.

તેમના પુત્ર અને લોકસભાના સભ્ય શ્રીકાંત શિંદે સીએમ બનશે તેવી અટકળો પર શિંદેએ કહ્યું કે એવી વાતચીત ચાલી રહી હતી.

તેમણે એમ પણ કહ્યું હતું કે, 'ગયા અઠવાડિયે દિલ્હીમાં (કેન્દ્રીય પ્રધાન) અમિત શાહ સાથે એક બેઠક થઈ હતી અને હવે અમે મહાયુતિના ભાગીદારો સરકારની રચનાની ગંભીરતા અંગે ચર્ચા કરીશું.'

'ભાજપે હજુ તેના વિધાનમંડળ પક્ષના નેતાની જાહેરાત કરવાની બાકી છે. અમે જનતાની આકાંક્ષાઓને પૂર્ણ કરીશું. અમારી વચ્ચે કોઈ મતભેદ નથી. અમે લોકોના હિતમાં નિર્ણય લઈશું. મારા સ્ટેન્ડનું પુનરાવર્તન કરવાની કોઈ જરૂર નથી,' એમ શિંદેએ ઉમેર્યું હતું. (પીટીઆઈ) ■

### જય શાહ

સંભાળનાર ભારતના પાંચમા અને વિશ્વના સૌથી યુવાન વહીવટકર્તા છે. શાહની અગાઉ જગમોહન દાલમિયા, શરદ પવાર, શશાંક મનોહર અને એન. શ્રીનિવાસન આઇસીસીના ચૅરમૅન બન્યા હતા. જય શાહને આઇસીસીની તાજેતરની બોર્ડ મીટિંગમાં ચૅરમૅન તરીકે સર્વાનુમતે ચૂંટવામાં આવ્યા હતા. તેમણે ન્યૂ ઝીલૅન્ડના ગ્રેગ બાર્કલેનું સ્થાન લીધું છે. ■

### તમિલનાડુ અને પુડુચેરીમાં

વિસ્તારોમાં ૧૦૦થી વધુ લોકોને બચાવ્યા હતા. એક અધિકારી, જુનિયર કમિશન્ડ અધિકારીઓ અને અન્ય રેન્કના ૬૨ અધિકારીઓની બનેલી ટીમ રેસ્ક્યૂમાં જોડાઇ હતી. આર્મી ટીમને પુડુચેરીના કૃષ્ણનગર વિસ્તારમાં લગભગ ૫૦૦ ઘરોમાંથી ફસાયેલા નાગરિકોને બચાવવાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું જ્યાં કેટલાક વિસ્તારોમાં પાણીનું સ્તર પાંચ ફૂટ સુધી પહોંચી ગયું હતું.

તમિલનાડુના પ્રધાન કેકેએસએસઆર રામચંદ્રને જણાવ્યું હતું કે ચક્રવાત પછી મોટા નુકસાનના કોઈ તાત્કાલિક અહેવાલો નથી. મુખ્ય પ્રધાન એમકે સ્ટાલિન અને નાયબ મુખ્ય પ્રધાન ઉદયનિધિ સ્ટાલિને અમલમાં આવી રહેલા ઍક્શન પ્લાનની સમીક્ષા કરી અને તેઓએ સ્થળનું નિરીક્ષણ કર્યું હતું. એમકે સ્ટાલિને સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે જિલ્લા કલેક્ટર અને ઉત્તરી જિલ્લાના ટોચના અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ મીટિંગ કરી હતી.

ઉદયનિધિ સ્ટાલિને એમ પણ કહ્યું હતું કે ચક્રવાત દ્વારા શરૂ થયેલા મુશળધાર વરસાદને કારણે અસ્થાયી રૂપે બંધ કરાયેલા છ સબવેમાં પાણીને દૂર કરવાનું કામ ચાલી રહ્યું છે. તેમણે એમ પણ કહ્યું હતું કે લગભગ ૩૩૪ સ્થળોએ યુદ્ધના ધોરણે પાણીને હટાવવા માટે ૧,૭૦૦ મોટર પંપનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ભારતીય સેનાએ છેલ્લા બે કલાકમાં પુડુચેરીમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં ૧૦૦થી વધુ લોકોને બચાવ્યા છે. ■

### અમેરિકન કોર્ટના

ઓફ જસ્ટિસ એન્ડ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (એસઈસી)એ ગૌતમ અદાણી અને અન્ય વરિષ્ઠ એક્ઝિક્યુટિવ્સ સામે આરોપો દાખલ કર્યા હતા, જેમાં એજીઈએલના બોન્ડ ઓફરિંગ દસ્તાવેજોમાં ગેરમાર્ગે દોરનારા નિવેદનોનો આરોપ લગાવ્યો હતો. અદાણી ગ્રીન એનર્જીએ યુએસના આરોપ પછી ૬૦૦-મિલિયનનો બોન્ડ ઇશ્યૂ રદ કરવો પડ્યો હતો, જેના કારણે અદાણી ગ્રૂપના શેરના ભાવમાં અસ્થાયી ઘટાડો થયો હતો.

અદાણીએ આ ગંભીર આરોપોને પાયાવિહોણા ગણાવીને નકારી કાઢ્યા હતા અને ભારપૂર્વક જણાવ્યું હતું કે અદાણી જૂથના કોઈપણ સભ્ય પર યુએસ ફોરેન કરપ્ટ પ્રેક્ટિસ એક્ટ (એફસીપીએ)ના ઉલ્લંઘનનો આરોપ મૂકવામાં આવ્યો નથી.

અદાણીએ જણાવ્યું હતું કે, વર્ષોથી, હું માનતો આવ્યો છું કે આપણે જે અવરોધોનો સામનો કરીએ છીએ તે આપણા આગળ વધવાની કિંમત છે. તમારા સપના જેટલા બોલ્ડ હશે, તેટલી વધારે દુનિયા તમારી તપાસ કરશે. જો કે, આવી તપાસ દરમિયાન તમારે ઉપર આવવાની હિંમત રાખવી પડશે. તમારામાં દુનિયાનો સામનો કરવાની હિંમત હોવી જોઈએ અને તમારા પર વિશ્વાસ હોવો જોઇએ, ભલે દુનિયા તેને જોઈ ન શકે.

નોંધનીય છે કે ગયા વર્ષે યુએસ શોર્ટ-સેલર હિંડનબર્ગ રિસર્ચ જૂથે અદાણી જૂથ પર સ્ટોક મેનિપ્યુલેશન અને એકાઉન્ટિંગ છેતરપિંડીનો આરોપ લગાવ્યો હતો, જેના કારણે અદાણીએ તેની ફ્લેગશિપ ફર્મ અદાણી એન્ટરપ્રાઇઝ લિમિટેડમાં રૂ. ૨૦,૦૦૦ કરોડની ફોલો-ઓન પબ્લિક ઑફર રદ કરી હતી. અદાણીએ તમામ આરોપોને ફગાવી દીધા હતા અને હિંડનબર્ગ પર કેસ કરવાની ધમકી આપી હતી, પરંતુ આ આરોપને કારણે ગ્રૂપ કંપનીઓના શેરોમાં ધોવાણ થયું હતું. ■

સંભલ મસ્જિદ

## એએસઆઇએ કોર્ટમાં જવાબ દાખલ કર્યો, મુઘલ કાળના માળખાના નિયંત્રણ અને સંચાલનની કરી માગ

સંભલઃ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ(એએસઆઇ)એ સંભલ મસ્જિદ મામલે કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો છે. જેણે અહીંની શાહી જામા મસ્જિદના સર્વેક્ષણની મંજૂરી આપી હતી. મુઘલ કાળની મસ્જિદ એક સંરક્ષિત હેરિટેજ માળખું હોવાનું જણાવતા એએસઆઇએ તેના નિયંત્રણ અને સંચાલનની માંગણી કરી છે.

એએસઆઇનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ વિષ્ણુ શર્માએ જણાવ્યું કે એજન્સીએ શુક્રવારે કોર્ટમાં પોતાનો જવાબ રજૂ કર્યો હતો અને કહ્યું હતું કે તેને સ્થળનું સર્વેક્ષણ કરવામાં મસ્જિદની મેનેજમેન્ટ કમિટી અને સ્થાનિક લોકો તરફથી પ્રતિકારનો સામનો કરવો પડ્યો હતો. તેમણે કહ્યું કે એએસઆઇએ ૧૯ જાન્યુઆરી, ૨૦૧૮ની એક ઘટનાને પણ હાઇલાઇટ કરી હતી. જેમાં મસ્જિદની મેનેજમેન્ટ કમિટી સામે યોગ્ય અધિકૃતતા વિના મસ્જિદની સીડીઓ પર સ્ટીલની રેલિંગ લગાવવા બદલ એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી.

શર્માએ જણાવ્યું કે ૧૯૨૦માં એએસઆઇ દ્વારા સંરક્ષિત સ્મારક તરીકે સૂચિત કરવામાં આવેલી મસ્જિદ એજન્સીના અધિકારક્ષેત્ર હેઠળ છે. આ રીતે માળખા સુધી જાહેર પ્રવેશની એએસઆઇ નિયમોનું પાલન કરે એ શરતે મંજૂરી આપવી જોઇએ. એએસઆઇએ દલીલ કરી હતી કે સ્મારકનું નિયંત્રણ અને સંચાલન, જેમાં કોઇપણ માળખાકીય ફેરફારો સહિત તેની પાસે રહેવું જોઇએ. તેણે એવી પણ ચિંતા વ્યક્ત કરી હતી કે મેનેજમેન્ટ કમિટી દ્વારા મસ્જિદના માળખામાં અનધિકૃત ફેરફારો ગેરકાયદે છે અને તેને પ્રતિબંધિત કરવા જોઇએ. આગામી દિવસોમાં કોર્ટ આ મુદ્દે ચર્ચા કરે તેવી શક્યતા છે. ■

# પીએમજેએવાય યોજનાના નિયમોનું ઉલ્લંઘન કરનાર મહેસાણાની ચાર હૉસ્પિટલને પાંચ ગણો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખ્યાતિ હૉસ્પિટલકાંડના પડઘા ગુજરાતભરમાં પડ્યા છે. જેના પગલે આરોગ્ય વિભાગ દ્વાર ગુજરાતમાં પીએમજેએવાય યોજના હેઠળ આવતી તમામ હોસ્પિટલમાં તપાસ હાથ ધરી છે. પીએમજેએવાય યોજનાના નિયમોનું ઉલ્લંઘન કરનાર હોસ્પિટલો પર તવાઈ બોલાવવામાં આવી રહી છે. જે હોસ્પિટલો દ્વારા પીએમજેએવાય યોજનાના નિયમોનું ઉલ્લંઘન કરી દર્દીઓ પાસેથી પૈસા લીધા હતા. તેમના પર કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ મામલે મહેસાણા તંત્ર દ્વારા મહેસાણા જિલ્લાની ચાર હોસ્પિટલ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ચારેય હૉસ્પિટલને પાંચ ગણી પેનલ્ટી ભરવા હુકમ કરાયો હતો. ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં પેનલ્ટીનો હુકમ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો, દર્દીઓ પાસેથી ચાર હૉસ્પિટલોએ ડિપોઝિટ સહિત ચાર્જ વસૂલ્યો હતો જેને પગલે ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં પેનલ્ટીનો હુકમ કરવામાં આવ્યો હતો. વળી જો સાત દિવસમાં પેનલ્ટી જમા નહીં કરાવે તો પગલાં લેવામાં આવશે.

આ ચાર હૉસ્પિટલોમાં કડીની ભાગ્યોદય હૉસ્પિટલને ૧.૧૦ લાખ, મહેસાણાની લાયન્સ હૉસ્પિટલને ૬૫,૪૩૫, નૂતન જનરલ હોસ્પિટલને ૪૫,૮૫૦, જ્યારે શંકુઝ હૉસ્પિટલને રૂ. ૬૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. જ્યારે વિસનગરની ક્રિષ્ના મલ્ટિ હૉસ્પિટલને દર્દી પાસેથી લીધેલા ૧.૧૪ લાખ દર્દીને પરત કરવા નોટિસ આપવામાં આવી હતી. ક્રિષ્ના મલ્ટિ હૉસ્પિટલે એપેંડીક્સ ઓપરેશન યોજનામાં ના થઈ શકે એમ કહીં દર્દી પાસે પૈસા લીધા હતા. ક્રિષ્ના મલ્ટિ હૉસ્પિટલને દર્દીને સાત દિવસમાં રકમ પરત કરવા નોટિસ આપવામાં આવી હતી. ■

# સીએનજીના ભાવમાં દોઢ રૂપિયાનો વધારો

## પ્રતિ કિલો ગેસની કિંમત ₹ ૭૭.૭૬એ પહોંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ગેસ કંપની દ્વારા વર્ષમાં ત્રીજી વખત સીએનજી (કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ)ના ભાવમાં દોઢ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. સીએનજીના આ નવા ભાવ વધારવાનો અમલ ૧લી ડિસેમ્બરથી જ થયો હતો. સીએનજીનો જૂનો ભાવ ૭૬.૨૬ રૂપિયા હતો, જે ૧લી ડિસેમ્બરથી ૭૭.૭૬ રૂપિયાએ પહોંચ્યો હતો. ગુજરાત ગેસ કંપની દ્વારા માત્ર પાંચ જ મહિનામાં ત્રીજી વખત ગેસના ભાવમાં વધારો કર્યો છે. પાંચ મહિનામાં ગેસના કિલો દિઠ ભાવમાં સાડા ત્રણ રૂપિયાનો વધારો થયો છે. ગુજરાત ગેસ કંપની દ્વારા ૨૦૨૪ના જુલાઈ મહિનામાં સીએનજીના ભાવમાં એક રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ઓગસ્ટમાં ફરી વખત કિલો દિઠ ૧ રૂપિયાનો ભાવ વધારો કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સહિત દેશભરમાં સીએનજીથી ચાલતા વાહનોની સંખ્યા બહોળા પ્રમાણમાં છે અને ઓટો રિક્ષા પણ મોટા પ્રમાણમાં સીએનજીથી ચાલે છે. ત્યારે સીએનજીથી ચાલતા ટ્રાન્સપોર્ટેશન વાહનોની સંખ્યા પણ સતત વધારો થઈ રહ્યો છે અને સામે સીએનજીના ભાવમાં પણ ધીરેધીરે મોટો વધારો કરવામાં આવી રહ્યો છે. જેની સીધી અસર સામાન્ય લોકો પર પડે છે અને મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવે છે. ■

# ગુજરાતમાં ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન નહીં કરાવનાર હૉસ્પિટલોને પાંચ લાખનો દંડ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર ખાતે આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળની સ્ટેટ કાઉન્સિલની બેઠકમાં ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળની પ્રવર્તમાન જોગવાઇઓ, જરૂરી સુધારા અને પ્રવર્તમાન સમયમાં થઇ રહેલા હૉસ્પિટલના રજિસ્ટ્રેશન સંદર્ભેની વિગતવાર સમીક્ષા કરવામાં હતી. આ એક્ટ અંતર્ગત તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ, ખાનગી તેમજ ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓએ રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. તે ઉપરાંત ક્લિનિક સંસ્થાઓના તમામ પ્રકારની ઉપચારાત્મક અને ડાયગ્નોસ્ટિક સેવાઓ માટે પણ રજિસ્ટ્રેશન ફરજિયાત છે.

આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે કહ્યું કે, તા. ૧૨મી માર્ચ, ૨૦૨૫ સુધીમાં રાજ્યની તમામ હૉસ્પિટલ્સે આ અધિનિયિમ હેઠળ ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવુ પડશે. એલોપેથી, આયુર્વેદિક, હૉમિયોપેથી, સિદ્ધ અને યુનાની જેવી સેવાઓ આપતી તબીબી સંસ્થાઓએ પણ રજિસ્ટ્રેશન ફરજિયાત પણ કરાવવું પડશે. અત્યાર સુધીમાં રાજ્યની ૫૫૩૪ આરોગ્ય સંસ્થાઓએ કાયમી રજિસ્ટ્રેશન કરાવ્યું છે.જેમાં ૨૩૨૮ સરકારી, ૩૦૧૫ ખાનગી આરોગ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે. જેમાં ૪૦૧૮ એલોપેથી, ૧૮૫ આયુષ હૉસ્પિટલ્સ, ૪૩૭ હોમિયોપેથી , ૭૭ ડેન્ટલ ક્લિનીક, ૧૦૮ ઇ.એસ.આઇ.સી. હૉસ્પિટલનો છે. ૫૦ થી ઓછી પથારી ધરાવતી ૪૬૦૧ અને ૫૦થી વધુ પથારી ધરાવતી ૩૨૨ હૉસ્પિટલ્સે અત્યાર સુધીમાં આ એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન કરાવી લીધું છે.

આ એક્ટ હેઠળ ક્લિનિક, કન્સલ્ટિંગ રૂમ, પોલિક્લિનિક ઉપરાંત ૧૫ બેડથી લઇ ૧૦૦ થી વધુ પથારીઓ ધરાવતી હૉસ્પિટલ્સમાં બેડ પ્રમાણે તબક્કાવાર નોંધણી તેમજ સ્ટેન્ડઅલોન લેબ, અન્ય ડાયગ્નોસ્ટિક યુનિટમાં પણ નિયત ફી ભરીને રજિસ્ટ્રેશન કરાવવાનું ફરજિયાત છે. તમામ કેટેગરીની આરોગ્ય ક્ષેત્રે સેવાઓ આપતી સંસ્થાઓએ કામચલાઉ, કાયમી ઓનલાઇન રજિસ્ટ્રેશન માટે જરૂરી પ્રમાણપત્રો લેવા ફરજીયાત છે. પ્રમાણપત્ર વિના કાર્યરત આમાંથી કોઇપણ આરોગ્ય સંસ્થાઓ માટે રૂ. ૧૦ હજાર થી ૫ લાખ સુધીનો દંડ થઈ શકે છે. ■

# ખાદ્ય તેલ અને ઘીને પેક કરવા રિસાઈકલ ટીનનો ઉપયોગ કરતાં ૨૦૦ મીલરો અને તેલ ઉત્પાદકોને નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખાદ્ય તેલ અને વનસ્પતિ ઘીને પેક કરવા રિસાઇકલ ટીનના વપરાશ પર ફુડ સેફ્ટી એકટમાં પ્રતિબંધ હોવા છતાં નાની કંપનીઓ, મીલરો, તેલ ઉત્પાદકો, ટ્રેડર્સ અને રિપેકર્સ દ્વારા જાહેર આરોગ્ય અને માનવ સ્વાસ્થ્યને ગંભીર જોખમ થાય તે પ્રકારે રિસાઇકલ ટીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેથી સેન્ટ્રલ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ આવા રિપેકર્સ અને ઉત્પાદકો પર તવાઇ બોલાવી ગુજરાતમાં ૨૦૦ જેટલા મીલરો, તેલ ઉત્પાદકો અને રિપેકર્સને નોટિસ ફટકારી હતી.

સેન્ટ્રલ એફએસએસએઆઇ તરફથી પહેલા તબક્કામાં રાજ્યના જે ૨૦૦ ઉત્પાદકો અને રિપેકર્સને નોટિસ ફટકારી હતી તેમાં અમદાવાદ, સાણંદ, ચાંગોદર, મહેસાણા, કડી, સુરત, ગોંડલ, રાજકોટ સહિતના સ્થળોના એકમોનો સમાવેશ થાય છે. જેમાં મોટાભાગના સૌરાષ્ટ્ર બાજુના મેન્યુફેકચરર્સ અને રિપેકર્સને આવરી લેવાયા છે. રાજ્યમાં રીસાઇકલ્ડ ટીનનો વેપાર કરતાં આશરે ૬૫૦ થી વધુ મેન્યુફેકચરર્સ, રિપેકર્સ, ટ્રેડર્સની યાદી સેન્ટ્રલ એફએસએસએઆઇ ડિપાર્ટમેન્ટ દ્વારા તૈયાર કર્યા બાદ આ સમગ્ર ઓપરેશન હાથ ધરાયું હતું.

સેન્ટ્રલ એફએસએસએઆઇ ડિપાર્ટમેન્ટ દ્વારા આગામી દિવસોમાં રિસાઇકલ્ડ ટીનનો વપરાશ કરતાં ૪૦૦ જેટલા રિપેકર્સ, ઉત્પાદકો અને નાના મીલરોને નોટિસ ફટકારી કાયદાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉત્પાદકો, રિપેકર્સ, ટ્રેડર્સ સહિતના એકમોને રિસાઇકલ્ડ ટીનનો ઉપયોગ બંધ નહી કરે તો સેન્ટ્રલ એફએસએસએઆઇ દ્વારા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ કડક પગલાં ભરવામાં આવશે તેવી કડક ચેતવણી પણ આપવામાં આવી હતી. ■

# ડ્રગ્સના રવાડે ચઢેલા યુવાનોને સારવાર આપી વ્યસનથી દૂર રાખવા સુરતમાં એન્ટિ નાર્કોટિક્સ યુનિટ શરૂ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ડ્રગ્સના રવાડે ચઢેલા યુવાનો જીવનને નરક સમાન બનાવી રહ્યાં છે. ત્યારે આવા યુવાનોને કાઉન્સેલિંગ અને તમામ પ્રકારની સારવાર આપવા માટેની ઝૂંબેશ રાજ્યના ગૃહ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી હતી. જે અનુસંધાને ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવી દ્વારા ગુજરાતનું સૌપ્રથમ એન્ટિ નાર્કોટિક્સ યુનિટ સુરત શહેરમાં શરૂ કરવામાં આવ્યું હતું. જ્યાં સારવાર લેવાઆવનારની માહિતી ગુપ્ત રખાશે અને કોઈપણ પ્રકારના પગલાં લેવામાં આવશે નહીં.

ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું કે, સુરત શહેરમાં સૌથી વધારે ક્રાઇમ ઉધના, પાંડેસરા, લિંબાયત જેવા વિસ્તારમાં નોંધાઈ રહ્યા છે. કોઈપણ મોટી ઘટના બને ત્યારે અહીંથી ક્રાઈમબ્રાન્ચ સુધી જવામાં સમય વેડફાતો હોય છે, જેને ધ્યાનમાં રાખીને આ વિસ્તારમાં ક્રાઈમબ્રાન્ચનું યુનિટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. શહેરમાં પોલીસ દ્વારા આરોપીઓને સાથે રાખીને ખૂબ વરઘોડા કાઢવામાં આવી રહ્યા છે. હું સ્પષ્ટતા સાથે કહું છું કે, આ વરઘોડા તો નીકળશે જ.

સુરતમાં પોલીસ દ્વારા જે યુવાનો ડ્રગ્સના રવાડે ચઢ્યા છે તે લોકોને ડ્રગ્સની લતથી દૂર રાખવા કાઉન્સિલિંગ કરવામાં આવશે. સુરતના વેસુ પોલીસ સ્ટેશન ખાતે આ ઓફિસ બનાવવામાં આવી છે. પોલીસ દ્વારા જે પણ ડ્રગ્સ પેડલરો છે તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે અને જેલ હવાલે કર્યા છે. અમદાવાદ અને સુરતમાં અત્યાર સુધી સૌથી વધારે ડ્રગ્સ ઝડપાયું છે. ■

## કચ્છ આવતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો થતાં

# ભુજ-મુંબઈ વચ્ચે પહેલીવાર એર-ઈન્ડિયાનું ૧૮૭ સીટર એરબસ-૩૨૧ ઉડાન ભરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દિવાળી વેકેશન તહેવારો અને અત્યારે રણોત્સવના કારણે ચાલી રહેલી પ્રવાસન ઋતુને લઈને ભાતીગળ પ્રદેશ કચ્છમાં આવનારા પ્રવાસીઓની સંખ્યામાં સતત થઇ રહેલા વધારાને પહોંચી વળવાના પ્રયાસ રૂપ એર ઇન્ડિયા દ્વારા ફલાઈટની ક્ષમતા વધારવામાં આવી છે જેમાં ભુજથી પહેલીવાર ૧૮૭ મુસાફરોની ક્ષમતાનું એર ઇન્ડિયાનું એરબસ ૩૨૧ ઉડાન ભરશે.

સામાન્ય રીતે ભુજ-મુંબઈ વચ્ચે આવાગમન વધારે હોય છે જેથી એર ઇન્ડિયા દ્વારા આ રૂટમાં એરબસ શરૂ કરાઈ હતી શરૂઆતમાં ૧૮૦ સીટર વિમાન ઉડાન ભરતું બાદમાં પ્રવાસીઓ ઘટતા ૧૬૨.સીટની કેપીસીટી સાથે વિમાનનું સંચાલન કરવામાં આવતું હતું. હાલમાં પ્રવાસીઓની અવરજવર વધી છે. વીતેલા ૨૮ દિવસોમાં જ ભુજ એરપોર્ટ પર ૧૫ હજાર મુસાફરોની અવરજવર નોંધાઇ છે ત્યારે હવે વધુ પ્રવાસીઓ સમાવી શકાય તે માટે એર ઈન્ડિયા દ્વારા ૧લી ડિસેમ્બરથી એરબસ ૩૨૧ ચલાવવાનો નિર્ણય લીધો હતો.

પેસેન્જર ક્ષમતા વધારે હોવાથી ભાડા ઘટયા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. ગરજનો લાભ ખાટવા ભુજ-મુંબઈ વચ્ચેના ભાડા ૨૦ હજારને પણ પાર થઈ ગયા હતા ત્યારે હાલે ટિકિટદર ૧૦ હજાર નીચે દેખાઇ રહ્યા છે. ■

# પાટણમાં બાળ તસ્કરી મામલે ત્રણ આરોપીએ એક બાળકને દાટ્યું હોવાનું કબૂલ્યું

## દફન કરેલા બાળકને બહાર કાઢવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં બાળ તસ્કરી રેકેટ મોટાપાયે ચાલી રહ્યું છે અને પાટણમાં નકલી ડૉક્ટર દ્વારા પરિવારને અનાથ બાળક દત્તક લેવડાવી ૧.૨૦ લાખની છેતરપિંડી કર્યાનો કિસ્સો સામે આવ્યા બાદ એક પછી એક ઘટસ્ફોટ થઈ રહ્યા છે. કામલપુર નજીક વધુ એક દાટેલુ બાળક મળી આવ્યું હતું.

બનાસ નદીના પટમાંથી દાટેલું બાળક મળી આવતા આસપાસના વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. બાળકનું મોત થતા આરોપીઓએ બાળકને દાટીને પુરાવાનો નાશ કર્યો હતો. આરોપી દ્વારા દફન કરેલા બાળકને કાઢવા એસઓજી પોલીસ દફન કરેલા સ્થળ પર પહોંચી હતી. આ સાથે જ પાટણ એસઓજી, એફએસએલની ટીમ, પેનલ ડોક્ટરની ટીમ, સમી મામલતદાર સહિતની ટીમો ઘટના સ્થળે પહોંચી હતી, અને બાળક દફન કરવામાં આવેલા બંને આરોપીઓને સાથે રાખી દફન કરેલા બાળકને બહાર કાઢવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રણ આરોપીઓના રિમાન્ડ દરમિયાન આ મોટો ખુલાસો થયો હતો. પોલીસે અત્યાર સુધી બાળ તસ્કરી કેસમાં ત્રણ લોકોની ધરપકડ કરી છે. આરોપીઓએ અન્ય એક બાળકને સમી નજીક દાટી દીધું હોવાની રિમાન્ડ દરમિયાન કબૂલાત કરી હતી. આ કેસમાં ચોંકાવનારી બાબત એ છે કે સમગ્ર બાળ તસ્કરી રૅકેટમાં પકડાયેલા તમામ આરોપીઓ બોગસ ડૉક્ટર છે. ■

# ભરૂચમાં માટી ખનન સામે તંત્રની લાલ આંખ

## ૧૮ ડમ્પરો સહિત ₹૫.૦૨ કરોડનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચ જિલ્લામાં બેફામપણે રેતી અને માટી ખનન થઈ રહ્યું છે, જો કે આ ખનન માફિયાઓ સામે તંત્રએ લાલ આંખ કરી છે. ભરૂચના વાગરા તાલુકાના વજાપરા વિસ્તારમાં ચાલતી માટી ખનનની પ્રવૃત્તિ પર દરોડો પાડી ૧૮ ડમ્પર અને ૨ એક્સવેટર મશીન સહિત રૂપિયા ૫.૦૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ભરૂચમાં વિકાસની સાથે રેતી અને માટી માફિયાઓનો પણ વિકાસ થઈ રહ્યો છે. શુકલતીર્થમાં નર્મદા નદીમાં ત્રણ લોકોના ડૂબવાના મોતની ઘટના બાદ ગેરકાયદે રેતી ખનન બાદ હવે માટી ખનન સામે તંત્રએ તવાઈ બોલાવી છે.

ભૂસ્તરશાસ્ત્રી રચના ઓઝા તથા તેમની ટીમે વાગરાના વજાપરા વિસ્તારમાં નિર્જન સ્થળેથી માટી ખોદકામનું મોટુ કૌભાંડ ઝડપી પાડ્યું હતું. સવારે ૧૦થી રાતના ૮ વાગ્યા સુધી તપાસ કરવામાં આવી હતી. સ્થળ પરથી ૧૮ ડમ્પર સહિત ૫.૦૨ કરોડનો મુદ્દામાલ કબજે લેવાયો હતો. સ્થળ પરથી મળેલા ડ્રાઈવરોની પૂછપરછ કરવામાં આવી હતી પણ હજુ સુધી ચોક્કસ વિગતો તંત્રને મળી શકી નથી. વાહનો કબજે કરી માટી ખનન કોણ કરાવી રહ્યું હતું તેની તપાસમાં તંત્ર જોતરાયું છે.

માટી ખનન રોકવા અંગે ભરૂચ જિલ્લા કલેકટર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, રેતી અને માટી ખનનને રોકવા માટે ખાસ ટીમ બનાવવામાં આવી છે. સ્ટાફ ઓછો પડતો હોય ત્યાં અન્ય વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓની મદદ લેવા આદેશ કરી દેવાયો છે. આગામી દિવસોમાં પણ રેઇડની કામગીરી ચાલુ રાખવામાં આવશે. ■

# અમદાવાદની કાકડિયા હૉસ્પિ.માં સ્ટેન્ટ મૂક્યા બાદ યુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની ખ્યાતિ મલ્ટિસ્પેશિયાલિટી હૉસ્પિટલમાં બે વ્યકિતની ખોટી રીતે એન્જિયોપ્લાસ્ટી કરતા બંનેના મોત થયા હતા. આ મામલે પોલીસે ગુનો નોંધાતા સમગ્ર રાજ્યમાં ચકચાર મચી ગઈ હતી, આ જ પ્રકારે શહેરના બાપુનગર વિસ્તારમાં કાકડીયા હૉસ્પિટલમાં દર્દીને સ્ટેન્ટ મૂક્યા બાદ તેનું મૃત્યુ થતા પરિવારજનોએ હૉસ્પિટલમાં હોબાળો કર્યો હતો. અમરાઈવાડી વિસ્તારમાં રહેતા પરમાર અરવિંદભાઈ નામની વ્યક્તિ મોડી રાત્રે દુખાવો થતાં હૉસ્પિટલમાં સારવાર લેવા માટે આવ્યો હતો. સવારે એન્જિયોપ્લાસ્ટી કરીને સ્ટેન્ટ મૂક્યા બાદ તેની તબિયત વધારે બગડી હતી અને તેનું મૃત્યુ થઈ ગયું હતું. પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે, હૉસ્પિટલની બેદરકારીથી સ્ટેન્ટ મૂક્યા બાદ તેનું મૃત્યુ થયું હતું. જેથી, પરિવારજનોએ હૉસ્પિટલ ખાતે પહોંચ્યા હતા અને હોબાળો મચાવ્યો હતો તેમણે જ્યાં સુધી તેઓને ન્યાય નહીં મળે ત્યાં સુધી તેઓ દર્દીની લાશને સ્વીકારશે નહીં તેમ જણાવ્યું હતું.

દર્દીનું ઓપરેશન પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ યોજના અંતર્ગત કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું. પરિવારજનો દ્વારા હંગામો કરવામાં આવતા શહેર કોટડા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. મૃતકના પરિવારજનોએ હૉસ્પિટલમાં રોકકળ કરી મૂકી હતી. મૃતકના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે, સાજા માણસને મારી નાખ્યો છે. પરિવાર હૉસ્પિટલના આઇસીયુની બહાર હોબાળો કરી અને તોડફોડ કરવાનો પ્રયાસ પણ કર્યો હતો.

ભાજપના પૂર્વ ધારાસભ્ય અને હોસ્પિટલના ટ્રસ્ટી વલ્લભભાઈ કાકડીયા હૉસ્પિટલ ખાતે પહોંચતાની સાથે જ દર્દીના પરિવારજનો તેમને ઘેરી વળ્યા હતા. લોકોએ 'કાકડિયા હૉસ્પિટલ હાય હાય'ના નારા લગાવ્યા હતા. વલ્લભભાઈ કાકડિયા હૉસ્પિટલના પ્રમુખ છે. જ્યારે અશોકભાઈ સવાણી વહીવટી હોદ્દેદાર તરીકે કાર્યરત છે. ■

# ગુજરાતમાં એક દિવસમાં ૨૫ મેટ્રિક ટન ઘરગથ્થુ ઘનકચરાનો વૈજ્ઞાનિક ઢબે યોગ્ય નિકાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઔદ્યોગિક જોખમી કચરાના યોગ્ય નિકાલ બાબતે થયેલી કામગીરીના પરિણામે ગુજરાત સમગ્ર દેશમાં 'ટોપ પર્ફોમર' રાજ્ય બની રહ્યું છે. રાજ્યમાં એક દિવસમાં સરેરાશ ૨૮ મેટ્રિક ટન ઘરગથ્થું ઘનકચરો એકત્રિત કરવામાં આવે છે જે પૈકી સરેરાશ ૨૫ મેટ્રિક ટન કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિ ઢબે યોગ્ય નિકાલ કરવામાં આવી રહ્યો છે. આ કચરાને રિસાયકિંલગ કરી તેનું ખાતર બનાવવામાં આવે છે.

છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતે અંદાજિત ૩૦,૦૭૩ મેટ્રિક ટન કચરાને એકત્રિત કરી ૨૭,૭૩૫ મેટ્રિક ટન ઘનકચરાને ખાતર બનાવવામાં આવ્યું છે. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૧૦,૩૨૦ મેટ્રિક ટન ઘરગથ્થુ ઘનકચરાને એકત્રિત કરી ૯,૦૩૧ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરાયો હતો. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં ૯,૪૩૬ મેટ્રિક ટન કચરા પૈકી ૯,૮૩૨ મેટ્રિક ટન, વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૦,૩૧૭ મેટ્રિક ટન ઘનકચરો એકત્રિત કરી ૮,૮૭૨ મેટ્રિક ટન કચરાને વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવ્યો હતો.

કચરામાંથી કંચનના અભિગમ હેઠળ ઔદ્યોગિક ઘનકચરો સિમેન્ટ ઉદ્યોગની અંદર બળતણ અથવા કાચામાલ તરીકે ઉપયોગમાં લેવાય છે. જે અંતર્ગત વર્ષ ૨૦૦૯ થી માર્ચ-૨૦૨૪ સુધીમાં ૪૫.૬૩ મિલિયન મેટ્રિક ટનથી વધુ કચરાનો કો-પ્રોસેસિંગ થકી સિમેન્ટ ઉદ્યોગોમાં નિકાલ કરવામાં આવ્યો છે. જેમાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ૦૬ મિલિયન મેટ્રિક ટનથી વધુ કચરાનો સિમેન્ટ ઉદ્યોગોમાં નિકાલ કરવામાં આવ્યો છે. ■

# અમદાવાદના સિંધુભવન રોડ પર પોલીસે નાઈટ કોમ્બિંગ દરમિયાન મેકલેરન સહિત આઠ મોંઘી કાર જપ્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં છેલ્લા એક સપ્તાહથી પોલીસ દ્વારા કોમ્બિંગ કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન પોલીસે વાહનોનું ચેકિંગ કરવાની સાથે વાહનચાલકોને દંડ પણ ફટકાર્યો હતો. વાહન ચેકિંગમાં જે પણ વાહનચાલક પાસેના પૂરતા કાગળ ના હોય તે વાહન જપ્ત કરવામાં આવ્યા હતા. શનિવારે સિંધુભવન રોડ ઉપર મોંઘીદાટ ગાડીઓ માટેની ડ્રાઇવ દરમિયાન પોલીસે બે કરોડની મેકલેરન કાર સહિત કુલ ૮ મોંઘીદાટ કાર કબજે કરી કારચાલકોને આરટીઓનો મેમો ફટકાર્યો હતો.

અમદાવાદ શહેર પોલીસ દ્વારા નાઈટ કોમ્બિંગ યોજવામાં આવ્યું હતું. આ કોમ્બિંગ દરમિયાન પોલીસ દ્વારા વાહન ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું. વાહન ચેકિંગમાં પોલીસે કાગળ વિના વાહન ચલાવનાર વાહનચાલકોના હજારો વાહન ડીટેન કર્યા હતા અને તમામને આરટીઓનો મેમો આપ્યો હતો. જે બાદ આરટીઓ ખાતેથી વાહન ચાલકોએ હજારો રૂપિયાનો દંડ ભરીને પોતાના વાહન છોડાવ્યા હતા. શનિવારે રાત્રે ઝોન ૭ ડીસીપી તથા બોડકદેવ પોલીસ દ્વારા સિંધુભવન રોડ ઉપર વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું.

સિંધુ ભવન રોડ પર યોજાયેલી ડ્રાઈવ દરમિયાન પોલીસે મોંઘીદાટ ૭૩ જેટલી ગાડીઓ રોકીને ચેક કરી હતી. જેમાંથી આઠ ગાડીઓના ચાલક પાસે પૂરતા કાગળ ન હતા. બે કરોડની કિંમતની મેકલેરન નામની ગાડી ચલાવી રહેલા યુવક પાસે લાઇસન્સ અને આરસી બુક નહતી. જેથી પોલીસ દ્વારા તે ગાડી જપ્ત કરીને આરટીઓનો મેમો આપવામાં આવ્યો હતો. પોલીસે વોલ્વો, ઓડી, મર્સિડીઝ, કિયા સહિતની અલગ અલગ આઠ જેટલી મોંઘીદાટ ગાડીઓ જપ્ત કરી હતી. ■

# સુરતમાં ભાજપના મહિલા નેતાએ ફાંસો ખાઈ આપઘાત કર્યો

## પરિવારજનોએ હત્યાની આશંકા વ્યક્ત કરી

( અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આપઘાતની ઘટનાઓ સતત વધી રહી છે. સુરતમાં ભાજપ મહિલા મોરચા પ્રમુખે પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાની ઘટના રવિવારે બની હતી. આ ઘટના બાદ ભાજપના કાર્યકરો અને પોલીસ દોડતી થઈ ગઈ હતી. પોલીસ દ્વારા મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હૉસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.મૃતકના પરિવારજનોએ હત્યાની આશંકા વ્યક્ત કરીને ફોરેન્સિક પોસ્ટમોર્ટમની માગ કરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સુરતના અલથાણાના ભીમરાડ ગામ ખાતે રહેતા ૩૪ વર્ષિય દીપિકાબેનને પરિવારમાં બે દીકરા અને એક દીકરી છે. પતિ ખેતી કામ કરે છે અને દીપિકાબેન વોર્ડ નંબર ૩૦ના ભાજપના મહિલા મોરચાના પ્રમુખ તરીકે કાર્યરત હતા.

તેમના પરિવારજનોએ કહ્યું હતું કે, તેમણે ફાંસો ખાધો હતો ત્યાં કોઈ દોરડું કે દુપટ્ટો ન હતો. પરિવારજનોમાંથી તેમના બાળકો ઘરે હતા. તેમના પતિ ખેતરમાં હતા. રૂમમાં માત્ર સચિન વિસ્તારનો કોર્પોરેટર ચિરાગ અને અન્ય એક શખસ આકાશ હાજર હતો. ચિરાગે પોલીસને બોલાવી ન હતી અને તેમણે ફાંસો ખાધેલી હાલતમાંથી દીપિકાબેનને નીચે ઉતાર્યા હતા. તેમનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હોય તેવી અમને આશંકા છે. જેથી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવે. ■

# અમદાવાદ મનપાનો અણઘડ વહીવટઃ એએમટીએસએ ૪,૦૨૫ કરોડની ખોટ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની સ્થાનિક બસ સેવા (એએમટીએસ) અમદાવાદ મનપા માટે સફેદ હાથી સાબિત થઈ છે. લાલ બસ તરીકે જાણીતી આ બસ સર્વિસ સતત નુકશાન કરી રહી છે અને તેની પાછળનું કારણ મનપાનો અણઘડ વહીવટ જવાબદાર છે. અત્યાર સુધીમાં એએમટીએસએ કુલ ૪,૦૨૫ કરોડની ખોટ કરી છે.

અમદાવાદમાં મુસાફરો અને વિદ્યાર્થીઓ માટે જોડતી કડી રૂપ સેવા એટલે એએમટીએસની સેવા છે, પરંતુ છેલ્લાં ઘણાં વર્ષોથી એએમટીએસ વિભાગ નુકશાનમાં ચાલી રહ્યો છે, વહીવટી તંત્ર દ્વારા જે રીતે વહીવટ કરવામાં આવી રહ્યો છે તેનાં કારણે એએમટીએસ સતત નુકશાનીમાં ચાલી રહી છે. એએમટીએસના સતત નુકસાન પાછળ પગાર, પેન્શન, ફ્યુલ ચાર્જ જેવા અનેક કારણ જવાબદાર છે. ચાલુ વર્ષે માર્ચ ૨૦૨૪ની સ્થિતિએ રૂપિયા ૩૯૯ કરોડની ખોટ થઈ હતી. કોર્પોરેશન દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે એએમટીએસનું બજેટ રૂપિયા ૬૭૩ કરોડ મંજુર કરવામાં આવ્યું હતું. આ રીતે ૨૦૨૩-૨૪ના નાણાંકીય વર્ષમાં એએમટીએસને રૂપિયા ૫૪૧.૬૬ કરોડનો ખર્ચ થયો હતો, જેની સામે રૂપિયા ૧૪૧.૮૦ કરોડની આવક નોંધાઈ હતી. ત્યારે પગાર ભથ્થામાં સાતમાં પગાર પંચને કારણે રૂપિયા ૨૦.૯૪ કરોડનો ખર્ચ ગયા વર્ષ કરતાં વધી ગયો હતો, જ્યારે કર્મચારીઓના પેન્શનમાં પણ ગત નાણાંકીય વર્ષ કરતાં રૂપિયા ૧૪.૧૩ કરોડનો ખર્ચ વધી ગયો છે.

બીજી તરફ કન્ટીજન્સી ખર્ચમાં ૫૩ લાખનો વધારો થયો હોવાનું જોવા મળ્યું હતું તો એએમટીએસના મકાનોની મરામત અને ભાડાં પેટે પણ ૧.૮૦ કરોડનો ખર્ચ થયો હતો, જેમાં ગત વર્ષ કરતાં ત્રણ ગણો વધારો નોંધાયો હતો. ચાલુ વર્ષે એએમટીએસનો કુલ ખર્ચ રુપિયા ૫૪૧.૬૬ કરોડ જેટલો થયો હતો. જેની સામે આવક રૂ. ૧૪૧.૮૦ કરોડ જેટલી નોંધાઇ હતી. જેને કારણે એએમટીએસને રૂપિયા ૩૯૯.૮૬ કરોડની ખોટ ગઈ છે. નોંધનીય છે કે ગત ૨૦૨૨-૨૩ના નાણાકીય વર્ષમાં કુલ ખર્ચ રૂપિયા ૪૮૭.૭૯ કરોડનો થયો હતો. જેની સામે ૧૨૨.૯૮ કરોડની આવક થઈ હતી. જેને કારણે તે વર્ષે એએમટીએસને ૩૬૪.૮૦ કરોડની ખોટ ગઈ હતી. ■

# નવી હૉર્ડિંગ્સ પૉલિસી મંજૂરીની રાહમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીના રિઝલ્ટ બાદ વિજયી ઉમેદવારોને શુભેચ્છા આપતા ઠેર ઠેર રાજકીય હૉર્ડિંગો લાગ્યા હતા. સુધરાઈ દ્વારા હૉર્ડિંગ્સો અને પોસ્ટરો હટાવવાનું કામ સતત ચાલતુ જ હોય છે, છતાં દર બીજા દિવસે ફરી હૉર્ડિંગો લાગી જતા હોય છે. શહેરમાં હૉર્ડિંગ્સ લગાડવા પર નિયંત્રણ રાખનારી 'આઉટડોર એડવર્ટાઈઝલમેન્ટ ડિસ્પલે' પૉલિસીના ડ્રાફ્ટને અંતિમરૂપ આપીને જ્યાં સુધી તેને અમલમાં મૂકવામાં આવશે નહીં ત્યાં સુધી આવી જ હાલત રહેવાની હોવાનું સુધરાઈના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. ચાલુ વર્ષે ૧૩ મેના, ૨૦૨૪માં ઘાટકોપર (પૂર્વ)માં પેટ્રોલપંપ પર હૉર્ડિંગ તૂટી પડતા ૧૭ના મોત થયા હતા અને દુર્ઘટના બાદ સપ્ટેમ્બર મહિનામાં સુધરાઈએ હૉર્ડિંગ્સને લગતી પૉલિસીનો ડ્રાફ્ટ બહાર પાડ્યો હતો.

ગેરકાયદે હૉર્ડિંગ અને બેનરોને નિયંત્રણમાં લાવવાના હાઈ કોર્ટના આદેશને ગંભીરતાથી નહીં લેવા બદલ હજી થોડા દિવસ પહેલા જ બૉમ્બે હાઈ કોર્ટે મહારાષ્ટ્ર સરકાર અને જુદી જુદી નગરપાલિકાઓને આડે હાથ લીધા હતા. આ દરમિયાન રાજ્યની વિધાનસભાની ચૂંટણી દરમિયાન શહેરમાં રાજકીય પક્ષો અને ઉમેદવારોના હૉર્ડિંગો ઠેર ઠેર લાગ્યા હતા. ચૂંટણી પૂરી થઈને રિઝલ્ટ આવી ગયા અને હવે સરકાર બનવાની છે, છતાં હજી અનેક ઠેકાણેથી પોસ્ટરો અને હૉર્ડિંગો હટ્યા નથી. તેની સામે ઍક્ટિવિસ્ટની સાથે જ નાગરિકોએ પણ નારાજગી વ્યક્ત કરી છે અને ગેરકાયદે હૉર્ડિંગો સામે પગલા લેવામાં પાલિકાની ઉદાસીનતા સામે પણ પણ નારાજગી વ્યક્ત કરી હતી.

સામાન્ય રીતે દર વર્ષે સુધરાઈ લગભગ ૧૫,૦૦૦થી ૨૦,૦૦૦ ગેરકાયદે હૉર્ડિંગ હટાવતી હોય છે, જેમાં લગભગ ૪૫ ટકા રાજકીય નેતાઓ અને તહેવારોની ઊજવણી માટે શુભેચ્છા સંબંધિત હોય છે. ચૂંટણી તથા તહેવારો દરમિયાન હૉર્ડિંગ્સ અને પોસ્ટરોનું પ્રમાણ વધી જતું હોય છે. સુધરાઈની નવી હૉર્ડિંગ પૉલિસીના ડ્રાફ્ટ પ્લાનમાં તમામ જાહેરાતો માટે લેખિત પરવાનગી ફરજિયાત છે અને ગેરકાયદે રીતે લગાડવા બદલ બીએમસી એક્ટ, ૧૮૮૮ની કલમ ૪૭૧ અને મહારાષ્ટ્ર પ્રિવેન્શન ઓફ ડિફેસમેન્ટ ઓફ પ્રોપર્ટી એક્ટ ૧૯૯૫ હેઠળ દંડનો સામનો કરવો પડે છે, તેમ જ ત્રણ મહિનાની જેલ પણ થઈ જશે. અથવા તો ૨,૦૦૦ રૂપિયા સુધીનો દંડ પણ થઈ શકે છે. જોકે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીને પગલે લાગુ પડેલા આચારસંહિતાને કારણે હૉર્ડિંગ્સની ડ્રાફ્ટ પોલિસીમાં વિલંબ આવી ગયો હતો

પાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીના કહેવા મુજબ ગેરકાયદે હૉર્ડિંગ્સ અને બેનરો હટાવવાનું કામ સતત ચાલતું જ હોય છે, છતાં લોકો ગેરકાયદે રીતે ફરી લગાવી દેતા હોય છે. હૉર્ડિંગ્સને લગતી નવી પૉલિસને ઝડપથી અંતિમ સ્વરૂપ આપીને વહેલીમાં વહેલી તકે તેને અમલમાં લાવવાના અમારા પ્રયાસ રહેશે. પાલિકાને સપ્ટેમ્બરમાં નાગરિકો, સરકારી એજેન્સી, સામાજિક કાર્યકર્તા અને એડવટાઈઝર તરફથી ૩૮૧ સૂચના અને વાંધાઓ આવ્યા હતા, તેની સમીક્ષા કરવાની બાકી છે. ત્યારપછી ડ્રાફ્ટ પૉલિસીની અંતિમ રૂપ આપવામાં આવશે.

## રિડેવલપમેન્ટ પછી સીએસએમટી સ્ટેશને એરપોર્ટના અનુભવની ગેરન્ટી

મુંબઈઃ રેલવેએ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)ના રિડેવલપમેન્ટમાં ૧૫ ટકા પ્રગતિ હાંસલ કરી છે. બાંધકામ પૂર્ણ થયા પછી યાત્રીઓને રેલવે સ્ટેશન પર એરપોર્ટ જેવો અનુભવ થશે એવો દાવો કરવામાં આવ્યો છે. સાથે સાથે દક્ષિણ મુંબઈમાં કોમર્શિયલ અને રેસિડેન્શિયલ યુનિટ્સ માટે સંભાવના પણ ઊભી થશે.

રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે 'સીએસએમટી ૨.૦' પહેલના ભાગરૂપે, નવા ડિવિઝનલ રેલવે મેનેજર (ડીઆરએમ) માટેની ઈમારત અંગેનું ૯૫ ટકા ખોદકામનું કામ પૂર્ણ થઈ ગયું છે. અધિકારીઓના રહેણાંક સંકુલ માટે પાઈલિંગનું કામ સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગયું છે. રેલવે લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (આરએલડીએ) આ પ્રોજેક્ટને સમયસર પૂર્ણ થાય તે માટે સક્રિયપણે દેખરેખ કરી રહી છે.

આ યોજનાને મધ્ય રેલવેએ ૧૯ ડિસેમ્બર, ૨૦૨૨ના દિવસે મંજૂરી આપી હતી. કુલ રૂ.૪૫૦ કરોડ રુપિયાના ખર્ચના આ પ્રોજેક્ટમાં અત્યાર સુધીમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૭૨ કરોડ રૂપિયા સહિત ૩૪૧ કરોડ રૂપિયાના ખર્ચનો સમાવેશ થાય છે.

પુનર્વિકાસમાં ૪ લાખ ૬૧ હજાર ૫૩૪ ચોરસ મીટરનો વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે, જેમાં ૨ લાખ ૭૯ હજાર ૫૦૭ ચોરસ મીટર નવા બાંધકામ, નવીનીકરણ માટે ૧ લાખ ૩૦ હજાર ૯૧૨ ચોરસ મીટર, ટર્મિનસને અડીને ૩૭ હજાર ૭૦૩ ચોરસ મીટરનો ખુલ્લો વિસ્તાર અને વિવિધ બાંધકામો માટે વધારાના ૧૩ હજાર ૪૧૨ ચોરસ મીટરનો સમાવેશ થાય છે.

આ પ્રોજેક્ટમાં મુસાફરોની સુવિધાઓ, પાર્સલ સેવાઓ, મેઇલ / એક્સપ્રેસને જોડતી વ્યવસ્થા અને લોકલ ટ્રેનો, ફૂટબ્રીજ અને સ્કાયવોકને સમર્પિત ઇમારતોના નિર્માણનો સમાવેશ થાય છે. ભીડનું સરળ સંચાલન સુનિશ્ચિત કરવા માટે મુખ્ય હેરિટેજ બિલ્ડિંગની નજીકની ખુલ્લી જગ્યાઓ ફક્ત મુસાફરો માટે અનામત રાખવામાં આવી રહી છે. અનઅધિકૃત પ્રવેશને રોકવા માટે દીવાલ પણ બનાવવામાં આવી રહી છે. ■

## મની લોન્ડરિંગના કેસનો ડર બતાવીયુવાન પાસેથી ૧૦ લાખ પડાવ્યા

થાણેઃ મની લોન્ડરિંગના કેસમાં ફસાવવાની ધમકી આપી થાણેના યુવાન પાસેથી સાયબ ઠગોએ ૧૦ લાખ રૂપિયા પડાવ્યા હતા. થાણેમાં રહેતા ૩૩ વર્ષના ફરિયાદીને નવેમ્બરમાં તેના વ્હૉટ્સઍપ નંબર પર ડોનાલ્ડે કૉલ કર્યા પછી તેની મુસીબતો શરૂ થઈ હતી. ત્યાર બાદ દિલ્હી ઍરપોર્ટના કસ્ટમ્સ અધિકારીના સ્વાંગમાં સાયબર ઠગે ફરિયાદીને કૉલ કર્યો હતો. બોગસ કસ્ટમ્સ અધિકારીએ ફરિયાદીને કહ્યું હતું કે ડોનાલ્ડ પાસે ભારતમાં પ્રવેશવા માટે જરૂરી દસ્તાવેજો નથી. આ પ્રકરણે મની લોન્ડરિંગનો કેસ નોંધવાની ધમકી ફરિયાદીને અપાઈ હતી. ડરી ગયેલા ફરિયાદીએ આરોપીએ આપેલા વિવિધ બૅન્ક ખાતાંમાં ૧૦.૦૮ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. આરોપીની રૂપિયાની માગણી અટકવાનું નામ લેતી નહોતી. પરિણામે કંટાળીને ફરિયાદીએ ૨૯ નવેમ્બરે ઉલ્હાસનગરના સેન્ટ્રલ પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

## ફટાકડા ફોડવા પરથી વિવાદઃ બે જૂથ વચ્ચે અથડામણ

બુલઢાણાઃ ફટાકડા ફોડવાને મુદ્દે બે જૂથ વચ્ચે અથડામણ થતાં અમુક વાહનોને આગ ચાંપવામાં આવી હતી તો પથ્થરમારો પણ કરાયો હતો.

બુલઢાણા જિલ્લામાં બનેલી આ ઘટનામાં પોલીસે ૧૭ જણની ધરપકડ કરી હતી. અધિકારીના જણાવ્યા મુજબ ઘટના શનિવારની રાતે ધાડ ગામના શિવાજી નગર પરિસરમાં બની હતી. રહેવાસીઓનાં બે જૂથ સામસામે આવી જતાં પથ્થરમારો થયો હતો અને કેટલાંક વાહનોને આગ લગાવવામાં આવી હતી. બનાવની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.

આ પ્રકરણે બુલઢાણા પોલીસે ૧૭ જણની ધરપકડ કરી વધુ ૩૩ જણ સામે ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ) ■

## દારૂના નશામાં યુવકે શ્રેણીબદ્ધ બૉમ્બધડાકાની ધમકી આપી

થાણેઃ દારૂના નશામાં નવી મુંબઈ પોલીસને ફોન કરી મુંબઈમાં શ્રેણીબદ્ધ બૉમ્બધડાકા કરવાની કથિત ધમકી આપનારા યુવક વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. અધિકારીના જણાવ્યા મુજબ આરોપીની ઓળખ ક્રિસ્ટોફર એન્થોની ડાયસ (૩૪) તરીકે થઈ હતી. ક્રિસ્ટોફરે દારૂના નશામાં રવિવારની વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ પોલીસ કન્ટ્રોલ રૂમને ફોન કર્યો હતો. પોલીસે જે નંબર પરથી કૉલ આવ્યો હતો તેને કોપરખૈરાણે વિસ્તારમાં ટ્રેસ કર્યો હતો. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

દસમાં પાનાનું ચાલુ

### દેવેન્દ્ર ફડણવીસે

ભાજપના હશે જ્યારે નાયબ મુખ્ય પ્રધાન બંને સહયોગી પક્ષોમાંથી હશે. એવું પણ કહેવાય છે કે શપથ ગ્રહણ સમારોહ પહેલાં ભાજપના વરિષ્ઠ નેતાઓની બેઠક યોજાશે. દેવેન્દ્ર ફડણવીસ મુખ્ય પ્રધાન બનશે તે લગભગ સ્પષ્ટ છે. ભાજપની આ મહત્વની બેઠક ત્રણ કે ચાર તારીખે યોજાશે.

જો કે હાલમાં દેવેન્દ્ર ફડણવીસનું નામ ચર્ચામાં છે પરંતુ વિનોદ તાવડેનું નામ પણ મુખ્ય પ્રધાનપદની રેસમાં જોવા મળી રહ્યું છે. એનસીપી નેતા છગન ભુજબળે કહ્યું હતું કે, શપથ ગ્રહણ સમારોહને લઈને કોઈ માહિતી આપવામાં આવી નથી. અમારા નેતાઓ અજિત પવાર, પ્રફુલ પટેલ અને સુનિલ તટકરેએ અમને કોઈ માહિતી આપી નથી, એમ તેમણે કહ્યું હતું.

હવે તમામની નજર ભાજપની બેઠક પર છે. એટલું જ નહીં, વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ સૌથી મોટો પક્ષ બની ગયો છે અને ભાજપનો મુખ્ય પ્રધાન બનશે તે સ્પષ્ટ છે, ત્યારે હજુ સુધી મુખ્ય પ્રધાનના નામની જાહેરાત કરવામાં આવી નથી. શું દેવેન્દ્ર ફડણવીસ જ બનશે મુખ્ય પ્રધાન? કે ભાજપ હજુ બીજા ક્યા વિકલ્પો પર વિચાર કરી રહી છે તે આગામી બે દિવસમાં સ્પષ્ટ થવાની શક્યતા જોવાઈ રહી છે. ■

### સરકાર રચવામાં

નથી કરવામાં આવ્યું એવો પણ સવાલ કર્યો હતો.

મહાયુતિના સૌથી મોટા ઘટક ભારતીય જનતા પક્ષ (ભાજપ) પર નિશાન સાધી ઠાકરેએ જણાવ્યું હતું કે સરકાર રચવાનો દાવો કર્યા વિના શપથવિધિની તારીખ એકતરફી જાહેર કરવી એ 'નરી અરાજકતા' છે.

નવી મહાયુતિ સરકારની શપથવિધિ સમારોહ પાંચ ડિસેમ્બરે સાંજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં થશે એમ પ્રદેશ ભાજપ પ્રમુખ ચંદ્રશેખર બાવનકુળેએ શનિવારે જણાવ્યું હતું. અલબત્ત મુખ્ય પ્રધાન કોણ બનશે તે અંગે હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી. ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર બે વખત મુખ્ય પ્રધાન રહી ચૂકેલા અને એકનાથ શિંદેના નેતૃત્વવાળી સરકારમાં ડેપ્યુટી સીએમ રહી ચૂકેલા દેવેન્દ્ર ફડણવીસ આ પદ માટે મજબૂત દાવેદાર છે.

મહાયુતિ પર નિશાન સાધી ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું કે 'એવું લાગે છે કે નિયમો ફક્ત વિરોધી પક્ષોને જ લાગુ પડે છે, કેટલાક ''ખાસ લોકો''ને નહીં. સરકાર રચવાનો અને માનનીય રાજ્યપાલને સંખ્યા બતાવવાનો દાવો કર્યા વિના શપથગ્રહણની તારીખ જાહેર કરવી અરાજકતા છે. આ પરિસ્થિતિમાં રખેવાળ મુખ્ય પ્રધાન ચંદ્રકળા અનુસાર મીની વેકેશન પર છે. આવું અગાઉ પણ જોવા મળ્યું છે.'તેમણે એમ પણ જણાવ્યું હતું કે 'જો વિપક્ષ દ્વારા સરકાર રચવાનો નિર્ણય મોકૂફ રાખવામાં આવ્યો હોત તો રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ ન થઈ ગયું હોત?' ■

### એસટી બસના

ઓથોરિટીએ મોકલેલા ૧૪.૧૩ ટકા ભાડા વધારાનો પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવે છે તો પ્રવાસીઓને હાલ ૧૦૦ રૂપિયાની ટિકિટ પાછળ વધુમાં વધુ ૧૫ એટલે કે ૧૧૫ રૂપિયા ખર્ચવા પડશે. સૂત્રોના જણાવ્યા મુજબ અગાઉ સ્ટેટ ટ્રાન્સપોર્ટે ૧૨.૩૬ ટકાના ભાડાવધારાનો પ્રસ્તાવ તૈયાર કર્યો હતો પણ ચર્ચા બાદ તેમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મહાયુતી સરકારે રાજ્યમાં મહિલાઓ માટે બસના ભાડું ૫૦ ટકા કરી નાંખ્યુ છે. એ સિવાય પણ સમાજના જુદા જુદા શ્રેણીના લોકો માટે એસટીના ભાડામાં રાહત આપવામાં આવી છે. તેથી ભાડા વધારાના પ્રસ્તાવ મંજૂર કરવો નવી સરકાર માટે માથાનો દુખાવો બની રહેશે એવું માનવામાં આવે છે.

એસટી કર્મચારીઓના યુનિયનના નેતા શ્રીરંગ બર્ગેના કહેવા મુજબ સંસ્થાના નફા-ખોટને ધ્યાનમાં રાખીને ભાડામાં વધારાનો નિર્ણય લેવો પડતો હોય છે. પરંતુ ટિકિટ વધારાનો દર પ્રવાસીઓને ચટકો આપનારો છે. એક તરફ મહિલાઓને ટિકિટમાં ૫૦ ટકા રાહત આપવાનું જાહેર કરવામાં આવે છે, તો બીજી તરફ ટિકિટના દરમાં એક ઝાટકે ૧૪.૧૩ ટકાનો વધારો કરવામાં આવે તો પ્રવાસીઓ માટે તે વધારે જ કહેવાશે.

નોંધનીય છે કે છેલ્લા અનેક વર્ષોમાં એસટીમાં પ્રવાસ કરનારા પ્રવાસીઓની સંખ્યામાં ધરખમ ઘટાડો થયો છે. તેથી એસટીની ખોટમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. તેથી પ્રવાસીઓને આકર્ષવા માટે અનેક યોજનાઓની જાહેરાત કરવામાં આવી છે, જેમાં સિનિયર સિટિઝનોને ટિકિટમાં ૫૦ ટકા છૂટ, ૭૫ વર્ષની ઉપરના પ્રવાસીઓને મફત પ્રવાસ વગેરે યોજનાઓ કારણે જ પહેલાથી એસટીને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. ■

### સીએમનું નામ

હતા. રાજ્ય સરકારની રચનાથી તેઓ નારાજ છે એવી અટકળો કરવામાં આવી રહી છે.

દાનવેએ એક પ્રાદેશિક ન્યૂઝ ચેનલને આપેલા ઇન્ટરવ્યૂમાં કહ્યું, ''લોકો પણ જાણે છે કે મહારાષ્ટ્રના આગામી મુખ્ય પ્રધાન કોણ બનવાના છે. અમે અમારી પાર્ટીના વરિષ્ઠ નેતાઓ દ્વારા એક જ વ્યક્તિના નામને અંતિમ સ્વરૂપ આપવાની રાહ જોઈ રહ્યા છીએ.'' (પીટીઆઈ)■

### શિંદે ફરી

ઠપ થઈ ગઈ હતી. એકનાથ શિંદે નારાજ હોવાની ચર્ચા હતી. હવે બે દિવસ પછી એકનાથ શિંદે ડેરેગાંવથી થાણે પાછા ફર્યા હતા. જે બાદ તેમણે હેલિપેડ પર જ શિવસેનાના નેતા દીપક કેસરકર સાથે ખાનગીમાં ચર્ચા કરી હતી. આ ચર્ચામાં કોઈ ત્રીજો પક્ષ સામેલ નહોતો. જે બાદ એકનાથ શિંદે મીડિયા સાથે વાત કર્યા વગર થાણેમાં તેમના નિવાસસ્થાને રવાના થઈ ગયા હતા.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સાતારાથી સાંજે પાંચ વાગ્યે થાણે હેલિપેડ પહોંચ્યા. બે દિવસ પહેલા ડેરેગાંવ ગયેલા મુખ્ય પ્રધાન રવિવારે થાણેમાં પ્રવેશ્યા હતા. આ પ્રસંગે શિવસેનાના નેતા દીપક કેસરકર તેમનું સ્વાગત કરવા માટે રેમન્ડ હેલિપેડ પર આવ્યા હતા. સ્વાગત બાદ બંને નેતાઓએ વન-ઓન-વન ચર્ચા કરી હતી. તે ચર્ચા પછી મીડિયાએ એકનાથ શિંદેને પૂછ્યું કે શું મહાયુતિની બેઠક થશે? પરંતુ કશું બોલ્યા વિના એકનાથ શિંદે સીધા જ પોતાના ઘરે જતા રહ્યા હતા,

મહાયુતિના નેતાઓ એકનાથ શિંદે, દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. તે બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ હાજર હતા. આ બેઠક બાદ મહારાષ્ટ્રમાં મહાયુતિના નેતાઓની બેઠક યોજાવાની હતી. પરંતુ એકનાથ શિંદે મુંબઈમાં રોકાયા વિના સીધા તેમના વતન સાતારા ગયા. આથી રાજકીય ચર્ચા શરૂ થઈ ગઈ હતી. શિવસેનાના નેતાઓએ કહ્યું હતું કે એકનાથ શિંદેની તબિયત સારી નથી. પરંતુ વિપક્ષે એકનાથ શિંદે નારાજ હોવાની વાત શરૂ કરી હતી. ■

### અજિત પવાર

પવારની આગેવાની હેઠળની એનસીપીને તેમની સરકારમાં શા માટે સામેલ કરવામાં આવી હતી,' એમ પાટિલે એક પ્રાદેશિક ન્યૂઝ ચેનલને જણાવ્યું હતું.

વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિએ રાજ્યની ૨૮૮ બેઠકોમાંથી ૨૩૦ બેઠકો મેળવીને વિજય મેળવ્યો હતો. ભાજપ ૧૩૨ સીટો સાથે આગળ છે, ત્યારબાદ શિંદેની સેનાને ૫૭ અને એનસીપીને ૪૧ સીટો મળી છે.

સરકારની રચના અંગે બોલતા પાટીલે કહ્યું કે, રખેવાળ મુખ્ય પ્રધાન શિંદે નારાજ નથી. 'અમારા નેતા મોટા દિલના છે અને નારાજ નથી. તેમણે અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી છે. તેઓ એક ફાઇટર છે જે ક્યારેય નિરાશ થઈ શકતા નથી,' એમ પાટીલે કહ્યું હતું. પાટીલે જલગાંવ ગ્રામીણની બેઠક પરથી તાજેતરની ચૂંટણીમાં ૫૯,૦૦૦ થી વધુ મતોના માર્જિનથી જીત મેળવી હતી.

તેમણે કહ્યું હતું કે મુખ્ય પ્રધાનના નામ પર ભાજપ નિર્ણય લેશે અને સહયોગી પક્ષના નિર્ણયને શિંદેનું સમર્થન હશે. (પીટીઆઈ)■

## સોલાપુરમાં ગૅસ કટરથી એટીએમ કાપ્યા પછી ૨૩ લાખની લૂંટ

### એટીએમ સેન્ટરનો એલાર્મ વાગ્યા છતાં કોઈ દરકાર ન કરી

મુંબઈઃ સોલાપુરમાં ગૅસ કટરથી એટીએમ કાપ્યા પછી લૂંટારા ૨૩ લાખની રોકડ લૂંટી ફરાર થઈ ગયા હતા. સીસીટીવી કૅમેરાનાં ફૂટેજમાં લૂંટની ઘટના રેકોર્ડ ન થાય તે માટે લૂંટારાઓએ કૅમેરા પર સ્પે છાંટ્યો હતો તો એલાર્મ વાગ્યા છતાં રાહદારીઓએ સતર્કતા ન દાખવી હોવાનો દાવો પોલીસે કર્યો હતો.

બાર્શી શહેર પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારના મળસકે ચાર વાગ્યાની આસપાસ બની હતી. સોલાપુરના પરાંદા રોડ પર આવેલી રાષ્ટ્રીયકૃત બૅન્કની શાખાનું શટર તોડી લૂંટારા એટીએમ સેન્ટરમાં પ્રવેશ્યા હતા.

અધિકારીએ જણાવ્યું હતું કે લૂંટારાઓ પોતાની ઓળખ છતી ન થઈ જાય તે માટે એટીએમ સેન્ટરમાં ઘૂસ્યા પછી સીસીટીવી કૅમેરા પર કોઈ પ્રવાહી સ્પ્રે કર્યું હતું. બાદમાં ગૅસ કટરની મદદથી મશીનનું કૅશ બૉક્સ કાપી તેમાંથી ૨૩ લાખ રૂપિયા લૂંટી ફરાર થઈ ગયા હતા. પોલીસના કહેવા મુજબ લૂંટારા એટીએમ કાપી રહ્યા હતા ત્યારે એલાર્મ વાગ્યો હતો, પરંતુ આસપાસમાંથી પસાર થનારી કોઈ વ્યક્તિએ તેને ગંભીરતાથી લીધો નહોતો. આ પ્રકરણે બાર્શી શહેર પોલીસે અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

## જૈન મરણ

**ઘોઘારી વિશા ઓસવાલ જૈન**

વલ્લભીપુર નિવાસી હાલ મલાડ સ્વ. હીરાચંદ ડાહ્યાભાઇ શાહના પૌત્ર હર્ષદરાય ફૂલચંદભાઇ શાહના ધર્મપત્ની અ. સૌ. અરુણાબેન (ઉં. વ. ૭૦) તા. ૧૩ને શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે કેશા કેતનભાઇ, જીનલ ચિરાગભાઇ, જલ્પા અમરીશભાઇ, ચાર્મી વૈભવભાઇના માતુશ્રી. તથા સ્વ. કાંતિભાઇ, સ્વ. પૂનમચંદભાઇ, સ્વ. પ્રતાપભાઇ, ધીરજલાલના ભત્રીજા વહુ. હરેશ, હિતેશ, મિતેષ, સ્વ. ભાવિકના ભાભી. સાદડી મંગળવાર, તા.૩-૧૨-૨૪ના સવારે ૯.૩૦થી ૧૧.૩૦. પિયર પક્ષે સિહોરવાળા હાલ જામનગર, સ્વ. ચંદુલાલ મોહનલાલ શાહ તરફથી સાથે રાખેલ છે. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પાંચમે માળે, પારેખ ગલ્લી કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોલ જૈન**

અ. સૌ. સુશીલા ચંદ્રકાન્ત શાહ (ઉં. વ. ૮૮) તે ચંદ્રકાન્ત ગંગાદાસના ધર્મપત્ની. તે મેણાબેન ગંગાદાસના પુત્રવધૂ. તે વિપુલ, અંજનાના માતા. હર્ષા તથા રાજેશના સાસુ. ચિન્મય, વિધિ, વિધાનના દાદી. તા. ૩૦-૧૧-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨-૧૨-૨૪ના વાય.બી. ચૌહાણ હોલ સચિવાલય, સાંજે ૪થી૬.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

બીલખા નિવાસી હાલ બોરીવલી ગં. સ્વ. ચંદ્રાબેન મહેતા (ઉં.વ. ૮૧) તે ૩૦/૧૧/૨૪ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. કનકરાય માનસંગ મહેતાના ધર્મપત્ની, સ્વ. નવલચંદ કિરચંદ ટોલીયાના દીકરી, પરાગ તથા જીજ્ઞાના માતુશ્રી, સેજલ તથા મેહુલના સાસુ, રાજેશ શાંતિલાલ મહેતા તથા તરુલતા મહેન્દ્ર દેસાઈના કાકી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુર હાલે ઘાટકોપરના જયવંતી (ઝવેર) મગનલાલ નેણશી દેઢિઆ (ઉં.વ. ૮૮) તા. ૩૦/૧૧/૨૪ ને શનિવારના અવસાન પામેલ છે. માતુશ્રી રાણબાઈ નેણશી કાંઇયાના પુત્રવધુ. સ્વ. મગનલાલ નેણશી દેઢિઆના ધર્મપત્ની. કિર્તી, સ્વ. દીપક, પ્રીતિના માતુશ્રી. ડેપાના પુરીબાઈ પાલણ રાયમલ મારુના દીકરી. સ્વ. મોણસી, સ્વ. ઉમરબાઈ, સ્વ. પાનબાઈના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહી. ફોન આવકાર્ય. ઠે. કિર્તી મગનલાલ દેઢિઆ, ૧૫૬/૩, ચંદ્ર રશ્મિ, આર. બી. મેહતા માર્ગ, ઘાટકોપર (પૂ).

ડુમરાના રોનક નાગડા (ઉં.વ.૨૬) તા. ૨૯-૧૧-૨૪ના અવસાન પામેલ છે. સંગીતા યશવંતના પુત્ર. પલકના પતિ. આદ્યાના પિતા. ધ્રુવના ભાઈ. બેરાજાના નીતા વિપુલ જયંતિલાલ ફુરિયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. : યશવંત નાગડા, ટી-૫૦૧, નવનીત નગર, દેશલેપાડા, ડોંબિવલી (ઈ).

દેવપુર હાલે વિજયવાડાના મુલબાઈ હેમરાજ ગોસર (ઉં.વ.૮૦) તા. ૨૯-૧૧-૨૪ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. વેલબાઈ દેવજી વસાઈયાના પુત્રવધુ. કોટડી મહા.ના ગંગાબાઈ દેવરાજ કાનજીના પુત્રી. હેમરાજ દેવજીના ધર્મપત્ની. વસંત, કાંતિ, ભારતી, હસમુખના માતુશ્રી. વેલબાઈ, લક્ષ્મીબેન, ચંપકના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. હસમુખ ગોસર. ૩૦૯, ત્રીજે માળે, બી બ્લોક, કસ્તુરબા નિવાસ, કુમારી પાલેમ સેન્ટર, ભવાનીપુરમ, વિજયવાડા, ૫૨૦૦૧૨.

**સુરત વિશા શ્રીમાળી જ્ઞાતિ જૈન**

નિરંજનાબેન હીરાચંદ જવેરી (ઉં.વ.૮૩), સ્વ. હીરાચંદ અમિચંદ જવેરી (દમણવાલા) હાલ મુંબઈના પત્ની. હિમેશના માતા. દીપાબેનના સાસુ. હર્ષ અને રોનકના દાદી. સ્વ. ચંપકલાલ તથા સ્વ. ચંદ્રાવતીબેન ઝવેરીની સુપુત્રી, સ્વ. કુંજબાલા અને કેતનના બેન. તા. ૨૯/૧૧/૨૪ અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. નિ. સ્થાન -૩/૪૨ હીના સ્મૃતિ, જુહુ સ્કીમ રોડ નં. ૨ વિલે પાર્લે (વેસ્ટ), મુંબઈ.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડીયાના સ્વ. અમૃતબેન કાનજીભાઇ અખેરાજ શાહ (ઉં.વ. ૬૯) તા. ૨-૧૨-૨૪ના મુંબઇ મધે અવસાન પામેલ છે. માતુશ્રી લક્ષ્મીબેન અખેરાજના પુત્રવધૂ. કાનજીભાઇના ધર્મપત્ની. કુનાલ, નિકીતાના માતુશ્રી.મયૂર, ભાવીનીના સાસુ. ધિયાન, ક્રિપાના દાદી. નમન, સિદ્ધના નાની. સ્વ. માનુબેન રતનશી ગાલાની દીકરી. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨-૧૨-૨૪ના બપોરે ૩થી૪.૩૦. ઠે. પરમ કેશવ બાગ, ઘાટકોપર (વેસ્ટ).

**દશા શ્રીમાળી જૈન**

લાઠી નિવાસી હાલ મીરારોડ (થાણા) સ્વ. હર્ષદભાઇ રૂગનાથભાઇ દોશીના પત્ની રિદ્ધિદાબેન (ઉં.વ.૭૫) તા. ૨૬-૧૧-૨૪ ને મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે નિકેતા ધર્મેશ તેજાણી અને ભાવિકના માતા. સ્વ. નિર્મલા મફતલાલભાઇ શાહની પુત્રી. રેખાબેન શાહ, રંજનબેન દલાલ, જયવર્ધન શાહ અને જયશ્રીબેન શાહના બહેન. ડોલરભાઇ દોશી, ભરત દોશી, જનક દોશી, કિરણ દોશી, ભારતીબેન કામદાર, ઇન્દુબેન ખારા, દક્ષાબહેન શાહના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામબરવાળા નિવાસી હાલ વસઈ રોડ, લીલમબેન ત્થા પોપટલાલ દેસાઈના પૌત્ર, માધવીબેન મનસુખલાલ દેસાઈના સુપુત્ર આનંદ (ઉ.વ. ૩૭), તા. ૩૦-૧૧-૨૦૨૪ને શનિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જ્યોતિબેન નટવરલાલ , ગં.સ્વ. નયનાબેન હર્ષદભાઈ છાયાબેન દિલીપભાઈ , મમતાબેન હિતેન્દ્રભાઈ, સ્વ. મધુબેન અમૃતલાલ , ગં.સ્વ. વસુમતીબેન જેઠાલાલ, વિભાબેન સુધીરભાઈના ત્રીજા, તે ભાવેશ, વિરેન્દ્ર, કરણ, મંથન, માનવ, મોનીકા, સિધ્ધી, હેમાલી, કાશ્મીરા દિપેનકુમાર, મનિષા, યોગીતા, મિત્તલ, સોનમ, દિપીકા, નિધિ પુજાના ભાઈ, તે નિયતી , વિદાના કાકા, મોસાળપક્ષે વિકળીયા નિવાસી હાલ ભાવનગર જયંતીલાલ મોહનલાલ ચોટલીયા, સ્વ. હસમુખભાઈ, રાજુભાઈ, ગીતાબેન, ભાનુબેન, મીનાબેનના ભાણેજ, બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨-૧૨-૨૦૨૪ને સોમવારના બપોરે ૩ થી ૫. ઠે. શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, માણેકપુર, વસઈ રોડ-વેસ્ટ.

## પારસી મરણ

મીનું ફરામરોઝ ભમગરા તે મરહુમ શેહરા એમ. ભમગરાના ખાવીંદ. તે મરહુમો મનીજેહ તથા ફરામરોઝ ભમગરાના દીકરા. તે નોઝર તથા મરહુમ હોરમઝના પપ્પા. તે બખ્તાવર એન. ભમગરા, ઝીનોબ્યા એચ. ભમગરાના સસરા. તે મરહુમો કેટી વાડીયા, ખોરશેદ મલ્લુ નોશીર ભમગરા, દાલી ને દીનશાના ભાઇ. તે કૈયનાઝ, કમલ, શેરનાઝ ને કેશમીરાના ગ્રેન્ડ ફાધર. તે મરહુમો ગુલબાઇ તથા બેરામજી ઘાસવાલાના જમાઇ. (ઉં. વ. ૧૦૧) રે. ઠે. ૬૧૮ એ/૧ ગીરગાવ રોડ, જે. એસ. એસ. રોડ, પારસી અગિયારીની નજીક, ધોબી તળાવ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૩-૧૨-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે ધોબી તળાવ મધે અનજુમન આતશ બહેરામમાં.

ખુશરુ હોશેદર બેક્ષટર તે સુશીલાસિંહ બેક્ષટરના ખાવીંદ. તે મરહુમો બપય તથા હોશેદર બેક્ષટરના દીકરા. તે ટીના અલી, સોરાબ બેક્ષટર ને અરદેશર બેક્ષટરના પપ્પા. તે પેચ્યુલા એ. બેક્ષટર તથા મરહુમ હેયબત અલીના સસરા. તે કેટાયુન સાયરસ એન્જિનિયરના ભાઇ. તે મરહુમો રાધાદેવી તથા રામજીસિંહના જમાઇ. (ઉં. વ.૯૦) રે. ઠે. ૬૦૧, હીલ ક્વિન કો. ઓ. હા. સોસાયટી, પાલીમાલા રોડ, પાલી હીલ, બાંદ્રા પશ્ચિમ, મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૨-૧૨-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે બાંદ્રા મધે તાતા અગિયારીમાં.

લયલા ફરામરોઝ આંટીયા તે નોશીર સાવક આંટીયાના ધણીયાની. તે મરહુમો પીલુ તથા ફરામરોઝ આંટીયાના દીકરી. તે મીનુ એફ. આંટીયાના બહેન. તે મરહુમો જરૂ તથા શ્યાવક આંટીયાના વહુ. (ઉં. વ. ૭૦) રે. ઠે. ૬૧, મેકર ટાવર કે, જી.ડી. સોમાની માર્ગ, કફ પરેડ, મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૧૨-૨૪ને દિને બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર હોડીવાળા બંગલીમાં.

માનેક નસરવાનજી ભાઠેના તે મરહુમ બાનુ એમ. ભાઠેનાના ખાવીંદ. તે મરહુમ નશરવાનજીના દીકરા. તે શીરાઝ કુપર ને કેશમીરા માનેકશાના પપ્પા. તે રીશાદ, માનેકશા, વહિસ્તા કુપર, મેહેરઝાદ માનેકશા, યોહાન માનેકશા ને રેહાન પાલ્યાના મમાવા. (ઉં. વ. ૭૯) રે. ઠે. ૬૫૪, પાશનવ ફ્લેટ નં-૯. પારસી કોલોની, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૧૨-૨૪ને દિને બપોરે ૩.૪૦ કલાકે કોલાબા ખુશરૂબાગ મધે કરાની અગિયારીમાં.

રોશન ફરામરોઝ જોશી તે મરહુમ ફરામરોઝ રૂસ્તમ જોશીના વિધવા. તે મરહુમ ઓસ્તી આલામાય તથા એરવદ કૈખશરૂ નાલ્લાદારૂની દીકરી. તે મરહુમો એરવદ સોરાબ નાલ્લાદારૂ, ઓસ્તી ફેની ધનજીશા દાદાચાનજી, ઓસ્તા સામ કે. નાલ્લાદારૂના બહેન. તે મરહુમો ઓસ્તી કુવરબાઇ તથા એરવદ રૂસ્તમજી જોશીના વહુ.(ઉં. વ. ૯૩) રે. ઠે. ૩૬ અદી મર્ઝબાન પથ, ઉજે માળે, બેલાર્ડ એસ્ટેટ, કેફે યુનિવર્સલની ઉપર, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૩-૧૨-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની ભાભા બંગલી નં-૨માં.

## હિન્દુ મરણ

**૨૫ ગામ હાલાઇ ભાટીયા**

હંસાબેન પ્રવીણચંદ્ર સંપટ, પ્રવીણચંદ્ર લક્ષ્મીદાસ સંપટના પત્ની (ભાયંદરવાળા) (ઉં. વ. ૮૦) ચંદ્રવતી જમનાદાસ ઠક્કરના દીકરી. દિપ્તી કેતન આસર, અલ્પેશ તથા દેવેશના મમ્મી. રાખી અલ્પેશ સંપટના સાસુ. આયુષીના દાદી. ઝીલના નાની. તા. ૩૦-૧૧-૨૪ શનિવારના શ્રીજીના ચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ.હેમતાબેન રણજીત સોમૈયા (ઉં.વ.૭૧) તે સ્વ.રણજીત સોમૈયાના પત્ની. તા.૨૯/૧૧/૨૪ ના હરિઓમ શરણ પામ્યા છે. તે સ્વ.વેલબાઈ જયરામ સોમૈયાંના પુત્રવધૂ. તે સ્વ.નર્મદાબેન પ્રધાનજી રૂપારેલના પુત્રી. તે ડિમ્પલ અને નિતેશના માતાજી. તે કિરણભાઈ અશ્વિનભાઈ માખી સોતાના સાસુ, તે સ્વ.ગોદાવરીબેન, મંજુલાબેન, સ્વ. શનીયા બહેન. નલીનીબેન, આશાબેન, મીનાબેન અને સ્વ.યોગેશભાઈના બહેન. તે કનકેશ્વરી અને આકાશના નાની. તે મહેકના દાદી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ જામખંભાળિયા હાલ થાણા નિવાસી લલીતભાઈ મંગલદાસ ઠક્કર (સુતરીયા) (ઉં.વ. ૮૦) તે સ્વ. ગુણવંતીબેન તથા સ્વ. મંગલદાસ દામોદરદાસ ઠક્કર (સુતરીયા) ના પુત્ર તે સ્વ. રેણુકાબેનના પતિ. તે નરેન્દ્ર ભાઈ, રમેશભાઈ, નલીનભાઈ, હરેશભાઈ તથા શ્રીમતી તરલાબેન સુરેશકુમાર ચિપલૂણકરના ભાઈ. તે મિલીન, અલ્પા દિપક મહેતા, હેમાલી અજય તન્નાના પિતા. તે મેઘનાબેનના સસરા. તે સ્વ. કાન્તાબેન મોહનલાલ અમરસિંહ લાખાણી નાગપુરવાળાના જમાઈ. શુક્રવાર તા. ૨૯/૧૧/૨૪ના રોજ શ્રીજી ચરણ પામેલ છે તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા. ૨/૧/૨૪ ના સાંજે ૪:૩૦ થી ૬:૦૦ શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન વાડી, રઘુવંશી હોલ, ખારકર આળી, થાણા વેસ્ટ ખાતે રાખેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**લુહાર સુથાર**

ગામ સાયલા હાલ અંધેરી સ્વ. ગિરધરભાઈ હરીભાઈ જાધવ તે મંગળવાર તા. ૨૭.૧૧.૨૪ના શ્રી રામચરણ પામેલ છે તે લલીતાબેનના પતિ, સંદિપભાઈ, હીનાબેન અશોકભાઈ ચિત્રોડા, ભારતીબેન ભરતભાઈ રાઠોડ, દિપિકાબેન મેહુલભાઈ પરમારના પપ્પા, ગીતાબેન , અશોકભાઈ ચિત્રોડા, ભરતભાઈ રાઠોડ, મેહુલભાઈ પરમારના સસરા ગં.સ્વ. મુક્તાબેન અનસુયાબેન, સ્વ. છોટુભાઈ, વસંતભાઈના ભાઈ, સાહિલ, હિતાના દાદા, જીનલ, માનસી, યુગ, ક્રિષ, પ્રમીતના નાના. તેમની પ્રાર્થનાસભા સોમવાર તા. ૦૨.૧૨.૨૦૨૪ સાંજે ૫:૦૦ થી ૭:૦૦ સ્થળ : શ્રી લુહાર સુતાર હિતેચ્છક મંડળ મુંબઈ, કાર્ટર રોડ નં. ૩, દત્તપાડા મેઈન રોડ, અંબાજી મંદિર પાસે બોરીવલી ઈસ્ટ.

**ઇડર ઔદિચ્ય સત્તાવીશ જ્ઞાતિ**

ગામ હિંમતનગર નિવાસી હાલ કાંદિવલી પુષ્પાબેન નર્મદાશંકર શુક્લ (ઉમરઃ૯૨) તે ભરત, રક્ષા, વર્ષાના માતુશ્રી, કપિલ, ધ્વનિ મિલન ગોરની દાદી, સ્વ. પ્રદીપકુમાર, સ્વ. ગુણવંતલાલ તથા વર્ષાબેનના સાસુ, સ્વ. મગનલાલ દેવશંકર ઉપાધ્યાયના દીકરી, સ્વ. બાલકૃષ્ણ, સ્વ. કાંતિલાલ, શકુંતલા, સ્વ. ઇન્દુમતી ભટ્ટ ના દીકરી. તે ૨૬/૧૧/ ૨૪ ના રોજ કૈલાશવાસી થયેલ છે. પ્રાર્થનાસભા ૨/૧૨/૨૪ ના રોજ સમય ૫ થી ૭ કલાકે દામોદર વાડી, પહેલે માળે, અશોક નગર, અશોક ચક્રવર્તી રોડ, કાંદિવલી, લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ રાજુલાવાળા હાલ બોરીવલી બાબુભાઈ નારણભાઈ ડોડીયા (ઉ. વ. ૭૮) તા.૨૮.૧૧.૨૪ ગુરુવારનાં રોજ શ્રીજીચરણ પામ્યા છે.તેઓ સ્વ.શારદાબેનનાં પતિ. તેઓ જસ્મીનભાઈ મીતાબેન હેમંતભાઈનાં પિતાશ્રી તેઓ કવિતાબેન સોનલબેન તથા હિતેનકુમાર રજનીકાંતભાઈ મકવાણાના સસરા, તેઓ સ્વ.ચુનીભાઈ તથા નરશીભાઈ શામજીભાઈ રતિભાઈ કાંતીભાઈ અનિલભાઈ દુર્લભભાઈનાં ભાઈ, તેઓ સ્વ. નગીનભાઈ ધરમશીભાઈ હરસોરા (પીઠવડી વાળા)નાં જમાઇ, પ્રાર્થનાસભા તા.૨/૧૨/૨૦૨૪ સોમવારનાં રોજ સાંજે ૫ થી ૭ લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, દતપાડા રોડ,બોરીવલી (પૂર્વ) રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા હાલ નાલાસોપારા બલરામ નાનજી સેજપાલ (ઉ.વ.૮૨) તે હંસાબેનના પતિ, મીતા, તૃપ્તિ, પ્રજ્ઞેશના પિતા, વૈશાલીના સસરા. સ્વ. ખીમજીભાઈ, સ્વ. હરિદાસભાઈ, લક્ષ્મીદાસભાઈ, સ્વ. હીરાભાઈ, સ્વ. દિનુભાઈ, સ્વ. ગોદાવરીબેન, સ્વ. શાંતાબેન, ગં.સ્વ હસુબેનના ભાઈ, મંગલદાસ ત્રિકમજી ઠક્કર ના જમાઈ. તે ૩૦/૧૧/૨૪ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની બંનેપક્ષની પ્રાર્થનાસભા ૨/૧૨/૨૪ ના રોજ ૪ થી ૬ કલાકે ગણપતિ મંદિરની ઉપર, નીયર નાલાસોપારા રેલવે સ્ટેશન, નાલાસોપારા ઈસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

અમરેલી નિવાસી હાલ નાલાસોપારા મુંબઈ, સ્વ. કાંતિલાલ પ્રભુદાસ વાઢેરના ધર્મપત્ની ગં.સ્વ. ગોદાવરીબેન, (ઉ.વ. ૮૨), તા. ૩૦-૧૧-૨૦૨૪ને શનિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે રમેશ, હર્ષદ, પરેશ ત્થા મીનાબેન બળવંતરાય કકૈયા, સુશીલા હરેશકુમાર છાટબાર તથા સ્મીતા પંકજકુમાર દુબળના માતુશ્રી, તે કૌશીક, વ્રજ, રીમા, કથા, શ્રેનીના દાદી, ચીતલ, સ્વ. જયંતીલાલ ભવાનજી જોગીના દિકરી, ભુપતરાય, સ્વ. વિનોદભાઈ, પ્રવિણભાઈના ભાભી, તેમની પ્રાર્થનાસભા તા. ૨-૧૨-૨૦૨૪ના સાંજે ૫ થી ૬ કલાકે રાખેલ છે. સ્થળ- શ્રી પંચનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ, એસ. વી.રોડ, મલાડ-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૬૪, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સઈ સુથાર**


ભડલી નિવાસી હાલ નાલાસોપારા નગીનદાસ મનસુખલાલ પરમાર, (ઉ.વ. ૭૬), તા. ૩૦-૧૧-૨૦૨૪ના સ્વર્ગવાસ થયેલ છે. તે હંસાબેનના પતિ, વિમલ, કેતન, પારુલના પિતા, ચેતના અને ધર્મિષ્ઠાના સસરા, તે નરેન્દ્રભાઈ, સ્વ. જીતેન્દ્રભાઈ, સ્વ. હરકિશન, હિરાબેન, ગુણીબેનના ભાઈ, સ્વ. જયશ્રીબેન ત્થા રમીલાબેનના જેઠ, સ્વ. મંગળાબેન હરગોવિંદદાસ પરમારના જમાઈ, બંને પક્ષની પ્રાર્થના સભા તા. ૨-૧૨-૨૦૨૪ને સોમવાર, સમય ૪.૦૦ થી ૬. સ્થળ- સ્વામીનારાયણ મંદિર, સેન્ટ્રલ પાર્ક, નાલાસોપારા-ઈસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

# વૈરાગ્ય માટે નામ છોડવાનો મહિમા

મનન
હેમંત વાળા
feedback@bombaysamachar.com



નામ એટલે વ્યક્તિની સામાજિક વ્યવહાર માટેની શાબ્દિક ઓળખ. નામ એટલે માતાપિતાના ઉમળકાનું પરિણામ. નામ એટલે વ્યક્તિના ગૌરવ સાથે ગૌરવ પામતું એક માધ્યમ. નામ એટલે દેહની ઓળખ. નામ એટલે વ્યક્તિની વિશેષતાની સાબિતી. નામ એટલે એક ટોળામાંથી વ્યક્તિને અલગ પાડવાની પ્રક્રિયા. નામ એટલે વ્યવહાર માટેનું વ્યક્તિગત સાધન. આ નામ સાથે કેટલાંય સમીકરણો, કેટલાંય સંદર્ભો અને કેટલાંય અનુસંધાન જોડાયેલા હોય છે. સંન્યાસ લેતી વખતે, સૌ પહેલા આ નામનો ત્યાગ કરવો પડે છે. આ એક અગત્યની પ્રતીકાત્મક પ્રક્રિયા છે.

સનાતની સંસ્કૃતિમાં જ્યારે કોઈ વ્યક્તિ દીક્ષા ધારણ કરે ત્યારે તેના જૂના નામનો ત્યાગ કરાતો હોય છે. આ એક ફરજિયાત પગલું છે. જૂનું નામ છોડવાથી કેટલાક ઇચ્છિત પરિણામો સમક્ષ આવે છે. આ કંઈ એક સામાન્ય પ્રક્રિયા નથી, તેની પાછળ ગહન ચિંતન તથા ઊંડાણ કારણભૂત છે. નામની સાથે જે જે પણ વસ્તુ જોડાયેલી હોય તે તે વસ્તુઓ છોડવાની વાત છે. નામ સાથે જે જે ભાવના ઉદભવતી હોય તે ભાવનાઓના ત્યાગની આ વાત છે. નામ સાથે જે ઉત્તરદાયિત્વ અને હક જોડાયેલા હોય તેનો પણ અહીં છેદ ઊડી જાય છે. પછી ઉત્તરદાયિત્વ વિશાળ પરિપ્રેક્ષ્યમાં ફેલાઈ જાય છે અને હક શૂન્યતાને પામે છે.

નામ સંદર્ભ સ્થાપિત કરે છે. નામ થકી વ્યક્તિગત, કૌટુંબિક તેમજ સામાજિક ઓળખ બંધાય છે. નામ વ્યવહારમાં તથા સામાજિક સંચાલનમાં અગત્યની ઓળખ તો છે જ પણ સાથે સાથે નામ થકી સંલગ્ન વ્યક્તિ-સમૂહની એક વિચારધારા સમજી શકાય. જો કોઈ વ્યક્તિનું નામ રામ રાખવામાં આવ્યું હોય તો તે વ્યક્તિને સંલગ્ન વ્યક્તિ-સમૂહ જીવનમાં શેને મહત્ત્વ આપે છે તે વિશે ખાતરીપૂર્વક અભિપ્રાય આપી શકાય.

સંન્યાસ લેવો હોય તો, નામ દુર્યોધન હોય કે યુધિષ્ઠિર, ત્યાગ તો કરવો જ પડે. દુર્યોધન નામ સાથે પણ કેટલાંક સમીકરણ અને સમજણ જોડાયેલી છે તેવી જ રીતે યુધિષ્ઠિર નામ સાથે પણ અમુક છબી સ્થાપિત થયેલી છે. સંન્યાસ માટે આ બધાથી બહાર નીકળવું પડે. દુર્યોધન તેમજ યુધિષ્ઠિર, બંને નામ પણ અમુક સંદર્ભ સ્થાપિત કરે. બંને નામ એક ચોક્કસ પ્રકારની માનસિકતા છતી કરે. જ્યારે વ્યક્તિ સંન્યાસ લે ત્યારે ભૂતકાળના પ્રત્યેક પ્રકારના આવરણનો ત્યાગ કરવો પડે - તેની બાદબાકી કરવી પડે. નામનો ત્યાગ કરવાથી ઘણાં બધાં સમીકરણો જાણે નાશ પામે છે. નામનો ત્યાગ કરવાથી વ્યક્તિના મનમાં ભૂતકાળના સંદર્ભ તથા ભૂતકાળના સંબંધ ભૂલવા માટેની ભૂમિકા બંધાય છે. નામ બદલાતાં વ્યક્તિની ઓળખ બદલાઈ જાય છે. દીક્ષા લેનાર, વૈરાગ્યના માર્ગે જનાર, સંન્યાસના સિદ્ધાંતને સ્વીકારનાર વ્યક્તિના ભૂતકાળના સંબંધીઓ પણ તે સંબંધો પર પૂર્ણવિરામ મૂકે છે. તે સંબંધીઓ હવે માની લે છે કે હવે સમીકરણો પૂરાં થયાં.

કેટલીક પરંપરામાં દીક્ષા લેતા પહેલાં સ્વયંની ઉત્તરક્રિયા પણ કરવી પડે છે. ઉત્તરક્રિયા ત્યારે જ થઈ શકે કે જ્યારે વ્યક્તિનું મૃત્યુ થયું હોય. જ્યારે વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે તેના નામનો પણ નાશ થાય - તેના નામનો કોઈ અર્થ ન રહે. એમ કહી શકાય કે વ્યક્તિ અને તેનું નામ એક સાથે મૃત્યુ પામે છે. તેથી જ મૃત્યુ માટેની ઉત્તરક્રિયા કર્યા બાદ જૂનું નામ છૂટી જાય તે સ્વાભાવિક છે. વ્યવહાર માટે પછી નવું કોઈ નામ ધારણ કરવામાં આવે છે. આ નવું નામ - નવી વ્યવહારિક ઓળખ ઘણી રીતે સૂચક હોય છે. આ નામ સાથે એક સાત્ત્વિક અર્થ જોડાયેલો હોય. આ નામ આગળ પાછળ મુકાતા શબ્દ-સમૂહમાં જે તે સંપ્રદાયની ઓળખ પણ ગૂંથાયેલી હોય. આ નામમાં આધ્યાત્મિક માર્ગનું પણ સૂચન જોવા મળે. જે વ્યક્તિ આ નવું નામ સાંભળે તેના મનમાં જુદા જ પ્રકારનો ભાવ ઉત્પન્ન થાય. આ ભાવ મુખ્યત્વે આધ્યાત્મિક અનુશાસનનો રહે છે.

ભૂતકાળના નામના ત્યાગ સાથે વ્યક્તિની જૂની ઓળખ નાબૂદ થાય, નવા નામ સાથે નવી ઓળખ સ્થાપિત થાય. પરંતુ સંન્યાસના ઉચ્ચતમ શિખર પર કોઈપણ પ્રકારની ઓળખ સ્વીકાર્ય નથી. ત્યાં તો બધું જ બ્રહ્મમય હોય છે. ત્યાં અહમ બ્રહ્માસ્મિની સ્થિતિ પ્રવર્તતી હોય છે. નામ-રૂપનું કોઈ પણ પ્રકારનું જોડાણ ત્યાં નથી હોતું. કોઈપણ પ્રકારની વ્યક્તિગત ઓળખને ત્યાં સ્થાન નથી હોતું. ત્યાં તો બધું એકાકાર હોય છે. ત્યાં કોઈ ભેદ કે ભિન્નતા નથી હોતી. ત્યાં હું કે તું નથી હોતું, મારું કે તારું નથી હોતું, અહીં કે તહીં નથી હોતું, છે કે નથી પણ નથી હોતું. ત્યાં માત્ર એકત્વ છે. ત્યાં કોઈ પણ પ્રકારનું દ્વૈત નથી હોતું. તેથી ત્યાં નામની જરૂર નથી.

નામ બદલવાની ક્રિયા તો વચગાળાનો વ્યવહાર છે. એક તબક્કામાંથી અંતિમ તબક્કા સુધી જવા માટેની વચગાળાની સ્થિતિ છે. આ તબક્કામાં નામની જરૂર હોય છે પરંતુ પૂર્વાપર સંબંધોની જરૂર નથી હોતી. આ તબક્કામાં વ્યક્તિગત ઓળખ થવી જોઈએ, પણ તે નવા પ્રકારની હોય. આ ઓળખ સાથે ભૂતકાળની કોઈ પણ ઘટનાનો કોઈ પણ પ્રકારનો સંબંધ ન હોય. આ તબક્કામાં હજુ પણ દેહભાવ હોય છે. તે દેહભાવ કદાચ ક્ષીણ થઈ ચૂકેલો હોય તો પણ જ્યાં સુધી દેહભાવ છે ત્યાં સુધી દેહને નામ આપવું પડે. પરમ સ્થિતિમાં જ્યારે દેહભાવનો નાશ થાય ત્યારે નામની જરૂર ન રહે. ત્યારે આત્માની ઓળખ માત્ર પૂરતી છે. ઘણા વિરલાઓ એવા હોય છે કે જેમને નામ ચાલુ રહે છે કે બદલાય છે તેથી કંઈ ફેર નથી પડતો. તેઓ તો પોતાની મુક્તિના માર્ગ પર મસ્તીથી ચાલ્યા જાય છે. તેઓને નથી નામની ચિંતા કે નથી ઓળખની પરવા. તેઓ મુક્તિની સ્થિતિને સંપૂર્ણતામાં સમજી ચૂક્યા હોય છે. દરેક પ્રકારની ઓળખને તેઓ સાંસારિક સમજે છે, અને સાંસારિક બાબતોથી તેઓ પર થઈ ગયા હોવાથી, આમાંની કોઈ બાબત તેમને અસર કરતી નથી. તેમની માટે નામ હોવું તે પણ ન હોવાની સ્થિતિ છે અને નામ ન હોવું તે તો ન હોવાની સ્થિતિ છે જ. ■

# ફક્ત અન્ન જ આહાર નથી, ઈન્દ્રિયો જે વિષયો ભોગવે છે તે પણ આહાર છે



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com



આજે કોઈ શ્રોતાએ એવું પૂછ્યું છે કે એકાદશી કરવાથી ભગવાન મળે? એકાદશીના વ્રતથી થોડી શુદ્ધિ જરૂર થાય.

आहारशुद्धे सत्वशुद्धि,
सत्वशुद्धे ध्रुवा स्मृतिः।

શ્રુતિ છાંદોગ્ય કહે છે. એકાદશીનો મહિમા તો છે જ. અને તમે કરી શકો તો જરૂર કરો. હું કરું છું તેથી કહું છું. ક્યારેક ભૂલી પણ જાઉં છું તો કહી દઉં છું કે ભૂલી ગયો. સવારે ક્યારેક અન્નનો નાસ્તો કરી લઉં છું તો કહી દઉં છું કે ભૂલી ગયો. એકાદશીથી શુદ્ધિ થશે. બહુ ભૂખ્યો માણસ પાપ કરે છે. બહુ ભૂખ્યો ભૂલ કરવા લાગે છે,આક્રોશમાં આવી જાય છે. અક્કડ થઇ જાય છે, ઉગ્ર થઇ જાય છે. સમજીને વ્રતના રૂપમાં ભૂખ્યો રહે તે વિનમ્ર થઇ જાય છે.

बुभुक्षितः किं न कोरोतिं पापं- - એ દ્રષ્ટિથી લો તો જે બહુ ભૂખ્યા રહે છે, તે ઉગ્ર થઈ જાય છે પણ સમજદારીથી સહે વ્રતના રૂપમાં, તો કેમે કરીને પણ કરો તો વિનમ્રતા આવે છે. ભૂખ્યાપણું માણસને વિનમ્ર બનાવે છે. ઉપનિષદોએ કહ્યું કે સત્વશુદ્ધે ધ્રુવા સ્મૃતિઃ- આહારની વાત જે આવી છે, છાંદોગ્ય શ્રુતિમાં - ત્યાં શંકરાચાર્ય મહારાજનું પણ ભાષ્ય છે, રામાનુજ ભગવાનનું પણ ભાષ્ય છે, બંને હું વાંચી ગયો છું.

આપણે અહીં જે જે આચાર્યો થઈ ગયા, તેઓએ ત્રણ પર ભાષ્ય લખવું પડતું હતું ગીતા, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર. આ ત્રણે પર ભાષ્ય ન લખે, ત્યાં સુધી એને આચાર્યની પદવી નહોતી મળતી. આદિ શંકરાચાર્યે, રામાનુજ ભગવાને, નિમ્બકર્ાચાર્યે, શ્રીમદ્ મહાપ્રભુજી વલ્લભે, જેણે જે બારીમાંથી હરિને જોયા, એ પ્રમાણે દર્શન લખ્યું. પોતાના ઢંગથી લખ્યાં.

મારા સ્મરણમાં જે આવી રહ્યું છે તે કહું. શંકરાચાર્ય મહારાજે જે કારિકા લખી છે, છાંદોગ્ય પર, તેમાં આહારનો અર્થ અન્ન જ ફક્ત નથી કર્યો. ભોજન કરો છો, તે જ માત્ર આહાર નથી, ભગવાન શંકરાચાર્ય કહે છે. ઇન્દ્રિયોના બધા વિષયો એનો આહાર છે. નેત્ર કંઈ પણ જુએ છે, જાણે નેત્ર એને ખાઈ રહ્યા છે. તમારા કાનમાં કોઈપણ શબ્દ જઈ રહ્યા છે, તે કાનથી તમે શબ્દો ખાઈ રહ્યાં છો. શબ્દ તમારા કાનનો આહાર છે. તમે બોલી રહ્યા છો, એ વાણીનો ભોગ છે. જે ચીજ ખાતાં જાઓ, એ ઓછી થતી જાય છે. તમે કોઈને સ્પર્શ કરો છો, એ આહાર તમારો ભોગ છે. તમે ગંધ લ્યો છો તે તમારો આહાર છે. એને શંકરાચાર્ય આહાર કહે છે. એ ઇન્દ્રિયોના જે વિષયો, તમારી ભક્ષણવૃત્તિ છે, એમાં શુદ્ધિ રાખો, કે શું જોવું, શું ન જોવું. એકાદશીના દિવસે શું ખાવું, શું ન ખાવું? એ આંખોનો આહાર થઈ ગયો. શું સાંભળવું, શું ન સાંભળવું એ વિવેકથી નિર્ણય કરો, એ તમારો શુદ્ધ આહાર થઈ ગયો.

એકાદશી કરો, સાંભળો જ નહીં, જુઓ જ નહીં, નિર્વિકલ્પ થઈ જાઓ, નિરાહારી થઈ જાઓ, એ શુદ્ધ આહાર થઈ ગયો. પણ માનો કે આ નહીં થયું, તો કમસેકમ એ બધું જોવાની દિશા બદલો, તમારી સ્મૃતિ ધ્રુવા બની જાય. અચલ બની જશે. અર્જુનને જે સ્મૃતિ ખોવાઈ ગઈ હતી, ભૂલાઈ ગઈ હતી, એ આવી ગઈ. તમને આવું નહીં થાય. તમારી એ નિત્ય સ્મૃતિ બની જશે, હું કોણ છું, હું બ્રહ્મ છું, આદિ સ્મૃતિ બની રહેશે.

હાથનો આહાર સ્પર્શ છે, પણ કોને સ્પર્શ કરવો, કોને નહીં કરવો, એનો વિવેક રાખો. અપવિત્ર વસ્તુને અમે નહીં અડકીએ, ભગવાન શંકરાચાર્યે આહારને આ દ્રષ્ટિમાં રાખ્યો. ચાલો રામાનુજ પાસે-દક્ષિણ આચાર્યોનો મૂલક છે, દક્ષિણે બહુ આચાર્યો આપ્યા. મેં શંકરાચાર્યની ભૂમિમાં તો કથા કરી. શ્રીમદ્ મહાપ્રભુજીનો જન્મ જ્યાં થયો, આમ તો એ છે સાઉથના, પણ જન્મ ચંપારણ્યમાં થયો હતો, ત્યાં પણ કથા થઈ છે. નિમ્બાર્ક મહારાજની જન્મસ્થળીમાં જઈ સંભળાવી છે. રામાનુજ અહીંથી બહુ નજીક છે. રામાનુજાચાર્યની જન્મભૂમિ દૂર તો નથી-દક્ષિણના ગામના નામ યાદ રહેતા નથી. वण्डाअन्डे- એ જે જ્યાં ભૂમિ છે, જ્યાં હો, ત્યાં કથા કરવાની છે, ભગવાન રામાનુજની જન્મભૂમિમાં.

અહીંની ભાષા આવડતી નથી - रण्डावण्डे रण्डवण्डा - બે જણાં બોલતા હોય ત્યારે આપણને બહુ આનંદ આવે. કહેવાનો મારો મતલબ, મેરે ભાઈ-બહેન, રામાનુજ ભગવાનનું દર્શન છે કે છાંદોગ્ય ઉપનિષદમાં આહારને આહાર કહ્યો છે -પણ શરત છે.

આહાર એટલે તમે જે ખાઈ રહ્યા છો, પછી રામાનુજે, જેટલો શંકરાચાર્યે વિસ્તાર કર્યો એટલો નથી કર્યો પણ એમણે ત્રણ વાત સરસ દર્શાવી, એમણે કહ્યું કે આહાર કરવો એટલે ખાઓ, તમે જે ખાઈ રહ્યા છો, એની જાતિ શુદ્ધ હોવી જોઈએ. તમારી ધ્રુવાસ્મૃતિ ત્યારે બનશે અને એ જ ધ્રુવાસ્મૃતિ તમને બંધનથી મુક્ત કરશે, ચિંતાથી મુક્ત કરશે, શાંતિથી સ્થિતોસ્મિ કરી દેશે. એ ત્યારે થશે, જ્યારે તમારી ભોજનની જાતિ શુદ્ધ હશે. માંસ,ભક્ષ્યા ભક્ષ્ય આહાર ન હો અને શાસ્ત્રે જેની મના કરી છે, એ ન ખાઓ, ન ખાઓ. ઠાકોરજીને જેનો ભોગ લગાવી શકો,એવી વસ્તુ ખાઓ.

બીજી વાત - એનો આશ્રય શુદ્ધ હો. એ ચીજ જ્યાં રાખી હોય, એ શુદ્ધ હોય. એવા પાત્રમાં ન રાખી હોય, એવી જગ્યાએ ન રાખી હોય. વસ્તુ શુદ્ધ છે, પણ આશ્રય શુદ્ધ નથી, તો ભગવાન માટે એ ભોગ્ય નહીં બની શકે. બ્રહ્મજ્ઞાની ખાય છે થોડું, ખાય છે તો આપણી જેમ, પણ બ્રહ્મજ્ઞાની મોઢામાં આહુતિ નાખે છે,ભીતર બ્રહ્મ બેઠો છે, એને આહુતિ આપે છે. બ્રહ્મજ્ઞાની ખાશે નહીં તો મરશે. ખાવું એને પણ પડશે, પણ આહુતિની જેમ ખાય છે.

इदम् अग्नये न मम् - દરેક કોળિયે એ હરિને યાદ કરે છે. ભોજનની જાતિ શુદ્ધ હોય,એનો આશ્રય શુદ્ધ હોય. ફ્રીજમાં તમે ભગવાનને અર્પણ કરવાની વસ્તુ રાખી હોય,ત્યાં બાજુમાં ઈંડાં ન હો. આશ્રય અશુદ્ધ થઈ જશે.

- સંકલન : જયદેવ માંકડ

# સ્વપ્ન ઘણી વાર આધ્યાત્મિક અનુભૂતિનું માધ્યમ બને છે

અલૌકિક દર્શન
ભાણદેવ
bhandev@bombaysamachar.com

## સાંઈ મકરંદ

૧. કેટલાક જીવો પ્રચંડ અધ્યાત્મસાધના, પ્રચંડ સ્વાધ્યાય અને પ્રચંડ કર્મો દ્વારા મહાપુરુષની પદવી પ્રાપ્ત કરે છે, પરંતુ કેટલાક મહાન આત્માઓ જન્મથી જ મહાપુરુષ હોય છે. આવા જન્મોજન્મના મહાપુરુષ છે - આપણા મહાન આત્મા સાંઈ મકરંદ!

૨. પરબ્રહ્મ પરમાત્મા અનેક અને અનેકવિધ કારણોસર આ મહાભાગ્યશાળી પૃથ્વી પર માનવસ્વરૂપે પ્રગટ થાય છે. તે વખતે પ્રભુ પોતાના મંડળ સાથે આવે છે. તેમના મંડળમાં અનેક આત્માઓ હોય છે. તે મંડળમાં પણ કેટલાક અસાધારણ વિરલ મહાન આત્માઓ હોય છે અને આવા વિરલ આત્માઓ પ્રભુના ઘનિષ્ઠ પરિકર-સ્વરૂપે હોય છે. આવા જ એક આત્મા પ્રભુના અવતાર વખતે તેમના ઘનિષ્ઠ પરિકર તરીકે આવે છે. આવા અવતારના ઘનિષ્ઠ પરિકર છે - આપણા મહાન આત્મા સાંઈ મકરંદ!

૩. ક્યારેક તેઓ અવતારના ભાઈ તરીકે આવે છે, ક્યારેક તેઓ શિષ્ય તરીકે આવે છે અને ક્યારેક તેઓ મિત્ર તરીકે પણ આવે છે, આવે છે તો ખરાં જ!

૪. કોણ છે આ સાંઈ મકરંદ?

ભગવદવતાર શ્રી ચૈતન્ય મહાપ્રભુએ પોતાના મોટા ભાઈની પરિક્રમા કરી હતી. આ મોટા ભાઈ કોણ છે? તેઓ જ છે આપણા આ સાંઈ મકરંદ!

૫. ભગવદવતાર ઠાકુર શ્રીરામકૃષ્ણદેવ પોતાના માટે બાળકનું સ્વરૂપ ધારણ કરીને જાય છે અને સપ્તર્ષિમાંના એકનો ચરણ પકડીને તેમને ધરતી પર લાવ્યા હતા. આ સપ્તર્ષિમાંના એક કોણ છે? અરે! તમે ન ઓળખ્યા? તેઓ જ છે આપણા સાંઈ મકરંદ!

૬. એક ઋષિ હતા. તેઓ મંત્રદ્રષ્ટા હતા. તેમના દ્વારા આપેલા મંત્રો વેદમાં છે. કોણ છે આ ઋષિ? આ ઋષિ કોણ છે? તે જ છે આપણા સાંઈ મકરંદ!

૭. ભારતીય સંસ્કૃતિ અને હિન્દુધર્મનો દુનિયાને પરિચય ન હતો. ભારતવર્ષની મહાનતાથી દુનિયા અજાણ હતી ત્યારે વિશ્વભરમાં ભારતવર્ષ, ભારતીય સંસ્કૃતિ અને હિન્દુધર્મનો ડંકો કોણે વગાડ્યો? એક યુવાન સંન્યાસીએ! કોણ હતા તે યુવાન સંન્યાસી? જે હતા તે યુવાન મહાન સંન્યાસી, તે જ છે આપણા સાંઈ મકરંદ!

૮. પૂ. શ્રી મકરંદભાઈ તેમના પુસ્તક 'યોગી હરનાથના સાંનિધ્ય'માં પાના નંબર ૧૨ પર બે સમાધિઓની વાત લખે છે. તેમણે આ બે સમાધિઓના દર્શન પહેલાં ધ્યાનમાં અને પછી પ્રત્યક્ષસ્વરૂપે કરેલા છે. આ બંને સમાધિઓ ક્યાં છે?


હવે પૂ. શ્રી મકરંદભાઈના મુખેથી સાંભળેલ વાત અહીંથી આગળ ચાલે છે અને વિશેષ પ્રકાશ પાડે છે:

''આજથી દશ હજાર વર્ષ પહેલાં ઋષિકેશથી બદ્રીનાથ જવાના માર્ગ પર ગરુડચટ્ટી પાસે યોગી હરનાથ અને મકરંદભાઈ એક કુટિયા બનાવીને રહેતા હતા. એક ગાય રાખી હતી. પહાડોમાં વિહરણ કરતા. આ સ્થાનની સામે ગંગાજીના સામેના કિનારે એક ત્રિકોણાકાર મેદાન છે. આ મેદાનની વચ્ચે એક ઝરણું વહે છે. આ મેદાનમાં highly cultured (ઉચ્ચ સંસ્કૃતિસંપન્ન) ઋષિકુલો હતા.''

હવે આપણે જરા ઊંડાણથી જોઈએ: આ બંને મહાપુરુષોની કુટિયા ક્યાં હતી? ઋષિકુલો ક્યાં રહેતાં હતાં? અને આ બંને સમાધિઓ ક્યાં છે?

મેં હિમાલયની અપરંપાર યાત્રાઓ કરી છે અને આ યાત્રાઓ દરમિયાન યોગી હરનાથ અને તેમના આ શિષ્યની સમાધિઓ અને તેમના તે અવતાર વિશે સંકળાયેલાં આ સ્થાનોને શોધવા માટે મેં અપરંપાર મથામણ કરી છે. આ માટે મેં અનેક સાધુસંતોને પૂછ્યું છે અને આજુબાજુ વસતા ગ્રામજનોની મદદ પણ મેળવી છે. જેટલું જાણી શકાયું છે તે અહીં પ્રસ્તુત છે:

૧. યોગી હરનાથ અને તેમના શિષ્યની કુટિયા - નિવાસસ્થાન ગરુડચટ્ટીની સાવ પાસે જ હોવું જોઈએ. ગરુડચટ્ટીમાં ગરુડજીનું મંદિર



અત્યારે હયાત છે અને સારી હાલતમાં છે અને અત્યારે ત્યાં નિત્ય સેવાપૂજા-આરતી થાય છે.

૨. ગરુડચટ્ટી પાસે ગંગાકિનારે ઊભા રહીને સામે કિનારે જોઈએ તો ત્રિકોણાકારનું મેદાન જોઈ શકાય છે અને મેદાનની વચ્ચે વહેતું ઝરણું પણ જોઈ શકાય છે. આ સ્થાનમાં ઋષિકુલો વસતાં હશે, તેમ જણાય છે.

અત્યારે આ ત્રિકોણાકાર મેદાનમાં ખૂબ વૃક્ષો ઊગી નીકળ્યા છે, પરંતુ મેદાનનો ત્રિકોણ આકાર અને વચ્ચેથી વહેતું ઝરણું તો જોઈ જ શકાય છે.

૩. બંને સમાધિઓ ક્યાં છે?

આ વિસ્તારમાં અગ્નિસંસ્કાર અથવા ગંગાનદીમાં દેહવિસર્જનની પરંપરા પ્રાચીન કાળથી વર્તમાનકાળ સુધી ચાલુ રહી છે, તેથી સમાધિઓ તો અહીં હોય જ ક્યાંથી? પરંતુ ઘણી શોધ પછી બે સમાધિઓ મળી આવી છે.

ગરુડચટ્ટીથી આગળ પહાડ પર જતાં નીલકંઠ મંદિરથી થોડે દૂર એક નાની પહાડી પર બે સમાધિઓ હયાત છે. સ્થાનિક લોકો આ સમાધિસ્થાનને સિદ્ધબાબાની સમાધિ તરીકે ઓળખે છે. પહેલાં આ સમાધિઓ તૂટીફૂટી દશામાં હતી, પરંતુ હવે તેને નવેસરથી સારી રીતે બનાવી છે.

આ સમાધિસ્થાનની બાજુમાં બે વિશાળ મહેલો છે. બંને સાવ જર્જરિત હાલતમાં છે. સ્થાનિક નિવાસીએ કહ્યું:

''આ બંને મહેલો નેપાળના રાજા અને રાણીના છે. તેઓ બંને સિદ્ધબાબાના ભક્તો હતા અને અવારનવાર અહીં આવીને રહેતાં હતાં.''

નીલકંઠ અને આ સમાધિસ્થાન સુધી અમે પહેલી વાર ચાલીને ગયા હતા, પરંતુ હવે મોટરમાર્ગ બની ગયો છે, તેથી નીલકંઠ સુધી બસ કે મોટર દ્વારા પહોંચી શકાય છે. નીલકંઠથી સિદ્ધબાબાની સમાધિ નજીક જ છે.

આ સમગ્ર વિસ્તારમાં અન્ય કોઈ સમાધિસ્થાન નથી. પૂ. મકરંદભાઈ કહે છે, તે સમાધિસ્થાન આ જ કે બીજું તે નિશ્ચિતપણે જાણવાનો આપણી પાસે કોઈ ઉપાય નથી, પરંતુ અનુમાનથી એમ લાગે છે કે તે સમાધિસ્થાન આ જ હોવું જોઈએ.

૯. આ બંને મહત્‌પુરુષો ત્રણસો વર્ષ પછી કલકત્તામાં અવતાર ધારણ કરશે. તે વખતે તેમના શરીરનો વર્ણ ગૌર હશે. તો બંને ૧૧-૧૨ વર્ષની વયે એકબીજાને મળશે. તેઓ બંને કલકત્તાના એક ચિકિત્સકના દવાખાને મળશે. પહેલી મુલાકાતમાં જ તેઓ બંને એકબીજાને ઓળખી જશે. તે વખતે પૂ. ભાઈના તે અવતારના પગે ફ્રેક્ચર થયું હશે.

આ બંને મહત્ પુરુષો એટલે કોણ? પૂ. નાથાલાલ જોશી અને પૂ. મકરંદભાઈ.

૧૦. એક વાર પૂ. ભાઈ (પૂ. નાથાલાલ જોશી) અને પૂ. મકરંદભાઈ વચ્ચે વિવાદ થયો. પૂ. મકરંદભાઈનું કહેવાનું હતું કે શક્તિપાત શક્ય નથી. પૂ. ભાઈનું કહેવાનું હતું કે શક્તિપાત શક્ય છે. વિવાદ વધી પડ્યો. આખરે પૂ. ભાઈએ પૂ. મકરંદભાઈને કહ્યું:

'જોવું છે?'

મકરંદભાઈએ હા કહી.

પૂ. ભાઈએ મકરંદભાઈની આંખ સામે આંખ માંડી. પૂ. ભાઈની જમણી આંખમાંથી પ્રકાશનું એક કિરણ નીકળ્યું અને મકરંદભાઈની ચેતનામાં પ્રવેશ્યું. પરિણામ એ આવ્યું કે મકરંદભાઈની ચેતના બદલાઈ ગઈ. મકરંદભાઈની અવસ્થા જ બદલાઈ ગઈ.

આ વિશિષ્ટ અવસ્થામાં મકરંદભાઈ થોડા દિવસો રહ્યા. પછી મકરંદભાઈ પૂ. ભાઈના ઘરે, તેમની પાસે જાય છે. મકરંદભાઈ પૂ. ભાઈને કહે છે:

'ભાઈ! તમે મને આ શું કરી નાખ્યું છે?'

પૂ. ભાઈ કહે છે:

'આવી ગયા? મને ખબર જ હતી કે તમે આવશો જ! આવો!'

પૂ. ભાઈએ પૂ. બહેનને કાંઈક ખાવાનું લાવવા કહ્યું. પૂ. બહેન થેપલું અને દહીં લઈ આવ્યા. મકરંદભાઈને આ દહીં-થેપલું ખવડાવ્યાં. મકરંદભાઈ પોતાની મૂળ અવસ્થામાં આવી ગયા.

૧૧. સ્વપ્ન પણ ઘણી વાર આધ્યાત્મિક અનુભૂતિનું માધ્યમ બને છે અને સ્વપ્ન વિગત જન્મની સ્મૃતિનું માધ્યમ પણ બને છે.

પૂ. મકરંદભાઈને વારંવાર એક સ્વપ્નદર્શન થાય છે. સ્વપ્ન આ પ્રમાણે છે:

એક વિશાળ નદી છે. લાંબા પગથિયાંવાળો એક મોટો ઘાટ છે. કેટલાક મિત્રો સાથે મકરંદભાઈ તે મહાનદીમાં સ્નાન કરે છે. સૌ સાથે મળીને હરિકીર્તન કરે છે. સ્નાન કરીને સૌ તો વિશાળ ઘાટનાં પગથિયાં ચડે છે. ત્યારપછી ઊંચાણવાળો રસ્તો આવે છે. તદનંતર સૌ ડાબી બાજુ વળે છે. આ રસ્તા પર ઘણા માણસોની અવરજવર ચાલુ છે, તેમ જણાય છે.

એક નાનું શિવમંદિર દેખાય છે અને બાજુમાં એક બેઠા ઘાટનું મકાન છે. મકાનની ઓસરીમાં અનાજ ભરવાની મોટી કોઠીઓ પડી છે. મકાનને ખપાટની જાળી છે. સૌ મકાનમાં પ્રવેશ કરે છે, તેમ દેખાય છે. બીજી બાજુ લાંબી ઓસરી છે. તેનાં પગથિયાંની નજીક કેળનાં વૃક્ષોનું ઝુંડ દેખાય છે. બીજી બાજુ ઓસરીમાં પાટલા નખાય છે અને ભોજનની તૈયારી થતી હોય તેમ દેખાય છે.

અહીં મકરંદભાઈનું સ્વપ્ન પૂરું થાય છે. મકરંદભાઈને આ સ્વપ્ન વારંવાર આવે છે.

પૂ. મકરંદભાઈએ પોતાને આ વારંવાર આવતાં સ્વપ્નની વાત પૂ. ભાઈને કરી. મા કહે છે:

'તે તારા એક વિગત જન્મની ઘટનાનું પૂર્વસ્મરણ છે. તે મકાનમાં તેં ખૂબ હરિનામ લીધું છે. તે સ્થાન નદિયા(નવદ્વીપ)નું છે.'


પૂ. મકરંદભાઈ માને પૂછે છે:

'નદિયામાં તે સ્થાન ક્યાં આવેલું છે?'

મા કહે છે:

'તે સ્થાન ગંગાના પ્રવાહમાં ડૂબી ગયું છે. હવે તે સ્થાન કે મકાન કશું જ ત્યાં નથી. તે બધું ગંગાના પ્રવાહમાં તણાઈ ગયું છે.'

(ક્રમશઃ) ■



# તૃપ્ત અતૃપ્ત

પ્રકરણ ૧૧

■ એચ. એન. ગોલીબાર

'દુનિયામાં નામના અને લોકપ્રિયતાનું પણ એટલું જ મહત્ત્વ છે જેટલું પૈસાનું છે. હું પૈસાના ઢગલામાં રમવાની સાથે ચિત્રોની દુનિયામાં પણ મારું નામ ગાજતું કરવા માગું છું. એટલે તું મારી એક વાત માનીશને! હું કાલ સવારની ગાડીમાં મુંબઈ જવા માગું છું. બોલ, જવા દઈશને?'

'ના, હું તમને નહીં જવા દઉં.' કજલીએ મોઢું ફુલાવી જીમી સામેથી મોઢું ફેરવી લેતાં કહ્યું.

'એવો જુલમ ન કર મારી રાણી.' જીમીએ કજલીને પોતાની તરફ ફેરવતાં કહ્યું: 'ત્યાં ઘણા-બધા જાહેરખબરવાળા મારી વાટ જોઈને બેઠા હશે. કેલેન્ડરવાળાઓ તો મારા નામની બૂમાબૂમ કરતા હશે અને પાછો ત્યાં હું વધારે ક્યાં રહેવાનો છું? એક મહિનામાં તો પાછો આવી જવાનો છું. આમ પણ હવે મને તારા વગર બિલકુલ ફાવતું નથી કજલી, મને જવા દે, હું જેટલું બનશે એટલો જલદી પાછો ચાલ્યો આવીશ.'

'પણ હું તમારા વગર બિલકુલ નહીં રહી શકું, જીમી! મને તમારા વગર બિલકુલ નહીં ગમે.'

'આવતા મહિને તો હું આવી જ જવાનો છુંને અને હા, રહી મારા વિના ન ગમવાની વાત, તો આપણે ક્યાં કાયમ માટે છૂટાં પડીએ છીએ. હું તને હરઘડી યાદ કરતો રહીશ. તારી યાદ મને ખૂબ સતાવશે. તારો આ માસૂમ ગુલાબી ચહેરો મારી આંખો સામે હરઘડી તરતો રહેશે. તારી યાદ મને ચેનની ઊંઘ પણ લેવા નહીં દે અને હા, જ્યારે હું આવીશ ત્યારે મારી પાસે ઢગલાબંધ પૈસા હશે. તને જોઈતી મનપસંદ વસ્તુઓ હું લેતો આવીશ.'

'મને તમારી કોઈ વસ્તુ ન જોઈએ જીમી, મને તો ફક્ત તમારો પ્રેમ જોઈએ. તમે મને હંમેશાં પ્રેમ કરતા રહો, હંમેશાં મને તમારી ગણતા રહો એ જ મારા માટે ઘણું છે.' કજલી ગળીગળી થઈ જતાં બોલી.

'કજલી, શું હું તને પ્રેમ નથી કરતો? હું તને મારી નથી ગણતો?'

'ગણો છો ને!'

'તું પણ મને તારો ગણે છે?'

'હા!'

'તો પછી મારી વાત માન કજલી, અને મને જવા દે. હું મુંબઈ જઈ આવું એ આપણાં બન્ને માટે ફાયદાકારક છે.'

'સારું, જેવી તમારી મરજી.' કજલી જાણે જીમીની જીદ સામે હારી ગઈ હોય એ રીતે બોલી.

'હું તારાં ચિત્રો પણ છપાવીને સાથે જ લેતો આવીશ. તું જોઈશ તો ગાંડી-ગાંડી થઈ જઈશ. તું જેટલી ખૂબસૂરત છે એટલાં જ તારાં ચિત્રો પણ સુંદર હશે.'

જીમીની આ વાતની કજલી પર કોઈ અસર ન પડી. એ જેમ ઊભી હતી એ જ હાલતમાં ગુમસૂમ ઊભી રહી.

જીમીને સવારે જ મુંબઈ જવા માટે નીકળી જવાનું હતું. કજલીની મંજૂરી તો મળી ગઈ હતી. એટલે એણે રાતે જ બધી તૈયારી કરી લીધી હતી. આખી રાત કજલી સાથે વિતાવ્યા પછી જ્યારે સવારે એ કજલીથી છૂટો પડીને જવાની તૈયારી કરવા લાગ્યો ત્યારે કજલીએ રડી-રડીને પોતાની આંખો સૂજાવી દીધી હતી. રડતાં-રડતાં એ જીમીને વારંવાર કહેતી રહી કે, એ જ્યાં હશે ત્યાં પોતે હંમેશાં એની સાથે જ રહેશે. એનો આત્મા એને એક પળ માટે પણ જુદી નહીં કરી શકે. એ પોતે ભલે કજલીથી દૂર જઈ રહ્યો હોય, પણ કજલી હંમેશાં એની સાથે જ રહેશે.

છેવટે જેમતેમ કરીને જીમી કજલીથી છૂટો પડ્યો. ગાડીની મુસાફરી ખૂબ જ લાંબી હતી. એક આખો દિવસ અને આખી રાત મુસાફરીમાં વિતાવવાની હતી. આમ પણ ગાડીની મુસાફરી ખૂબ જ કંટાળાજનક હોય છે. જીમીને પણ ગાડીની મુસાફરીથી ખૂબ જ કંટાળો આવતો હતો. ગાડીમાં આખો દિવસ જેમતેમ પસાર કર્યા પછી રાતે જીમી ગાડીના ડબ્બામાં ઉપરના પાટિયા પર સૂઈ રહ્યો હતો. ડબ્બામાં આછો અજવાશ ફેલાયેલો હતો. આખો ડબ્બો સીટો અને પાટિયાથી ભરાયેલો હતો. જીમી ચૂપચાપ પાટિયા પર જાગતો સૂતો હતો. એની સામેના પાટિયા પર એક યુવતી સૂતી હતી. એણે ચાદર ઓઢેલી હતી, પણ એના પગ અને હાથ બહાર દેખાતા હતા. એના ખુલ્લા પગ અને હાથ જોઈને લાગતું હતું કે એ કોઈ ખુબસૂરત યુવતી હોવી જોઈએ. જીમીની નજર ત્યાં જ ચોંટેલી હતી.

અચાનક પાટા બદલતાં ગાડી આંચકા મારવા લાગી. એ આંચકાઓના કારણે જ એ યુવતી જાગી ગઈ હોય એમ એણે પોતે ઓઢેલી ચાદર ખસેડી લીધી, પણ એણે ચાદર ખસેડતાં જ જીમી એકદમ સફાળો બેઠો થઈ ગયો. અત્યાર સુધી શાંત સૂતેલા જીમીનું દિલ ધક... ધક.. કરતાં જોરથી ધડકવા લાગ્યું. એના હોઠ સાવ સુકાઈને પથ્થર જેવા બની ગયા. એ પોતાની ફૂટેલી આંખે એ યુવતીને ઘૂરકી-ઘૂરકીને જોવા લાગ્યો.

જીમીને પોતાની સામે જોતો જોઈને એ યુવતીએ પણ એની સામે જોયું અને પછી થોડુંક હસીને પડખું ફેરવીને સૂઈ ગઈ. હવે જીમીના ટાંટિયા ધ્રૂજવા લાગ્યા હતા. કારણ કે, એ યુવતી બીજી કોઈ નહીં પણ કજલી જ હતી.

આ કજલી અહીં કેવી રીતે આવી ગઈ! પોતાની આંખો છેતરાતી તો નથી ને? જીમીના ગળામાં જાણે કોઈએ કાંટા ભોંકી દીધા હોય એવું એને લાગ્યું. પહેલાં તો એને થયું કે કદાચ કજલીએ પોતાની સાથે મજાક કરી હોય. કદાચ પોતાને કહ્યા વગર ડબ્બામાં પણ ચઢી ગઈ હોય. આમ પણ કજલીને પોતાની મજાક કરીને હેરાન કરવામાં ખૂબ મજા આવતી હતી.

પણ ના, કજલી પોતાની મજાક કરે એવો સવાલ જ પેદા થતો નહોતો. કારણ કે, એણે પોતે જાતે પોતાની સગી આંખે કજલીને દૂર-દૂર સુધી પોતાને વિદાય આપતાં જોઈ હતી. એટલે કજલી પોતાની મજાક ખાતર આ ગાડીમાં ચઢી હોય એ માની શકાય એમ હતું જ નહીં.

એ યુવતી ફરી પાછું પડખું ફેરવીને જીમી તરફ ફરી. જીમીએ ફરીથી ધ્યાનથી જોયું. ખરેખર એ કજલી જ હતી. પોતે કજલીને ઓળખવામાં સહેજે ભૂલ નહોતી કરી.

જીમી હવે ખરેખર ગભરાતો હતો. એના શરીરના રુવાંટાં ઊભાં થઈ ગયાં હતાં. એને ગઈ કાલ રાતની વાત યાદ આવી ગઈ. પોતે જ્યારે નીકળવાની તૈયારીમાં હતો, ત્યારે કજલીએ કહ્યું હતું કે, 'એ જ્યાં જશે ત્યાં એ એની સાથે ને સાથે જ આવશે. એનો આત્મા એને એક પળ માટે પણ જુદી નહીં કરી શકે. એ પોતે ભલે એનાથી દૂર જઈ રહ્યો હોય પણ એ હંમેશાં એની સાથે જ રહેશે.' તો પછી શું કજલીની એ વાત સાચી હશે?

ગાડી હાલક-ડોલક કરતાં આગળ વધી રહી હતી. જીમીનું માથું હવે ખરેખર ભમવા લાગ્યું હતું. જાત-જાતના વિચારો એના મગજમાં ચકરાવે ચઢતા હતા. જીમીના મનમાંથી ભૂંસાઈ ગયેલી કજલી તરફની શંકા પાછી ઊભરાઈ આવી હતી. જીમીને યાદ આવ્યું. હા, કજલી પોતાને ઘણી વખત વિચિત્ર-વિચિત્ર વાતો કહેતી હતી. એક વખત તો એણે એમ પણ કહ્યું હતું કે, 'પોતાને બાળક અવતરે એ માટે એ પાંચસો વરસથી વાટ જોઈ રહી હતી. એ સિવાય એણે પોતે એક વખત કજલીને પોતાનાં ચિત્રોના મુંબઈમાં સારા પૈસા મળવાની વાત કરી હતી ત્યારે પણ કજલીએ કહ્યું હતું કે, 'મને આ બધું સારું નથી લાગતું. અમારા જમાનામાં આવું ક્યારેક નહોતું બનતું.'

ગાડીની ઝડપ સાથે જીમીના વિચારો પણ દોડી રહ્યા હતા. 'પાંચસો વરસ' અને 'અમારા જમાનામાં' આ બે શબ્દો વારેઘડીએ એના મગજમાં હથોડા મારી રહ્યા હતા. કજલીએ પોતાને આ શબ્દો કહ્યા હતા એની પાછળનો મતલબ શું હશે?

ફરી એક વાર એના આખા શરીરે ધ્રુજારી ફેલાઈ ગઈ. એ આંખો તાણી-તાણીને સૂઈ રહેલી કજલી તરફ જોઈ રહ્યો હતો. એને સમજમાં નહોતું આવતું કે પોતે શું કરે! એણે વિચારી લીધું કે પોતે સામે પાટિયા પર જઈને કજલીને જગાડીને પૂછી જુએ કે એ આ ડબ્બામાં કઈ રીતે આવી?

જીમીએ સામેના પાટિયા પર જવાનું મનમાં નક્કી કરી લીધું. એ યુવતી જે પાટિયા પર સૂતી હતી એની ડાબી તરફનું પાટિયું બિલકુલ ખાલી હતું. એની પર પથારી તો બિછાવેલી હતી, પણ ત્યાં સૂતેલો આદમી ડબ્બામાં ક્યાંક લટાર મારવા ગયો હોય એમ લાગતું હતું. જીમીએ નીચેની તરફ જોયું. બધા ઘસઘસાટ ઊંઘી રહ્યા હતા. જીમીએ આ મોકાનો લાભ ઉપાડવાનું નક્કી કર્યું. એ ધીરે-ધીરે પોતાના પાટિયા પરથી ઊતરીને સામે સૂતેલી કજલીના પાટિયા પર જઈ પહોંચ્યો. પછી ધીરે રહીને કજલીના ખભાને ઢંઢોળતાં કહ્યું: 'કજલી! તું અહીં કેવી રીતે આવી ગઈ?'

> **'આ બદમાશ-ગુંડો મારી ઈજ્જત લૂંટવા માટે આવ્યો હતો.' એ યુવતીએ રડતાં-રડતાં જીમી તરફ ઈશારો કરતાં કહ્યું, અને એ સાથે જ લાઈટોના અજવાશમાં જીમીએ જોયું કે પોતે જેને કજલી સમજી રહ્યો હતો એ તો કોઈ બીજી જ યુવતી હતી!**

ઘસઘસાટ મીઠી ઊંઘમાં સૂતેલી યુવતી એકદમ સફાળી ચોંકીને બેઠી થઈ ગઈ અને જીમીને પોતાની પાસે બેઠેલો જોઈને જોર-જોરથી 'બચાવો... બચાવો...'ની ચીસો પાડવા લાગી. એની ચીસો સાંભળીને જીમી તો કૂદકો મારીને સામે પોતાના પાટિયા પર જઈને પછડાયો, પણ એ ચીસોની સાથે જ આખા ડબ્બાની બધી જ લાઈટો ટપોટપ સળગી ઊઠી. ઘસઘસાટ ઊંઘી રહેલા લોકો જાગીને બેઠા થઈ ગયા અને એકબીજાને 'શું થયું...? શું થયું?' પૂછવા લાગ્યા.

ડબ્બામાં લાઈટોનો અજવાશ થતાં જ જીમીએ જોયું કે એક આદમી હાંફળોહાંફળો થતો દોડતો આ તરફ આવ્યો અને આવતાં જ એ ચીસો પાડતી યુવતી તરફ જોતાં બોલ્યો: 'શું વાત છે રૂપા? શા માટે ચીસો પાડે છે?'

'આ બદમાશ-ગુંડો મારી ઈજ્જત લૂંટવા માટે આવ્યો હતો.' એ યુવતીએ રડતાં-રડતાં જીમી તરફ ઈશારો કરતાં કહ્યું, અને એ સાથે જ લાઈટોના અજવાશમાં જીમીએ જોયું કે પોતે જેને કજલી સમજી રહ્યો હતો એ તો કોઈ બીજી જ યુવતી હતી! આ પોતાનીથી શું થઈ ગયું? પોતાની સગી આંખે એણે હમણાં થોડી વાર પહેલાં જ કજલીને સામે સૂતેલી જોઈ હતી અને હવે એ જ કજલી કોઈ બીજી જ યુવતી બનીને ધ્રુસકે-ધ્રુસકે રડી રહી હતી.

જીમીએ હવે જોયું, એ યુવતીનો પતિ પોતાના ડોળા કાઢતો એની તરફ ફર્યો હતો. એ જીમીની ધોલાઈ કરવા માટે આગળ વધ્યો. ત્યાં જીમીએ હાથ જોડીને એને માંડ-માંડ સમજાવ્યો કે, 'એને સમજવામાં ભૂલ થઈ ગઈ છે, પોતાની પત્ની કજલીનો ચહેરો એની પત્ની રૂપાને બિલકુલ મળતો આવતો હતો.' માંડ-માંડએ યુવતીના પતિને સમજાવી શાંત કરીને જીમીએ બેસાડ્યો.

ડબ્બામાં બધા ઉશ્કેરાયેલા લોકો એક-એક કરીને પોતાની જગ્યાએ જઈને બેસી ગયા. એ યુવતી, રૂપાના પતિનો ગુસ્સો ઘણી વાર સુધી એવો ને એવો રહ્યો. એ પોતાના પાટિયા પર જઈને બેસી તો ગયો, પણ વારંવાર જીમી તરફ જોઈ લેવાનું ચૂકતો નહોતો. જ્યારે આ તરફ બિચારા જીમીની હાલત ખૂબ જ દયાજનક હતી. આવું કઈ રીતે બની ગયું એ એની સમજણમાં જ નહોતું આવતું.

ડબ્બાની લાઈટો ફરી ટપોટપ બંધ કરી દેવામાં આવી. ગાડી પોતાની મધ્યમ ઝડપે આગળ વધી રહી હતી. રાતની શાંતિને ભંગ કરતો ગાડીનો અવાજ ખૂબ જ ભયાનક લાગતો હતો. જીમી એ યુવતી રૂપા સામેથી પડખું ફેરવીને સૂઈ ગયો.

ડબ્બામાં બિલકુલ શાંતિ છવાઈ ગઈ હતી. એક પછી એક એમ બધા ફરી પહેલાંની માફક ઊંઘવા લાગ્યા હતા. લગભગ એકાદ કલાક આ રીતે જ પસાર થઈ ગયો. જીમીને ઊંઘ આવે એમ હતી જ નહીં. એના વિચારોની હારમાળા હજુ ચાલુ જ હતી. ગાડીનો અવાજ એના કાને ટકરાતો હતો. ગાડીના અવાજની સાથે-સાથે રૂપાના પતિનાં નસકોરાંનો અવાજ પણ આખા ડબ્બામાં ગુંજી રહ્યો હતો. જીમીના વિચારો ચાલુ જ હતા. આ બધો શું ગોટાળો હતો? રૂપા તો કજલી કરતાં બિલકુલ અલગ ચહેરો ધરાવે છે.

જીમીએ ફરી એક વાર ચોક્કસ કરી લેવા માટે ધીરે રહીને રૂપાને જોઈ લેવાનું નક્કી કર્યું. એણે ધીરે રહીને પડખું ફેરવ્યું. પહેલાં એણે રૂપાના પતિને જોયો. એ ઘસઘસાટ ઊંઘી રહ્યો હતો. પછી ધીમે રહીને એણે રૂપા તરફ પોતાની નજર કરી. રૂપા પોતાના પાટિયા પર જ સૂતી હતી, પણ એની આંખો ખુલ્લી હતી. જીમીએ એને ધ્યાનથી જોઈ ત્યારે ફરી એક વાર એના આખા શરીરે ધ્રુજારી ફેલાઈ ગઈ, પણ એ ધ્રુજારી સાથે-સાથે એના શરીરે અનેરો રોમાંચ થઈ આવ્યો. એણે જોયું, એ ખરેખર કજલી જ હતી. એ પોતાના બન્ને હાથ ફેલાવીને જીમીને એના બાહુપાશમાં જકડાઈ જવા માટે આમંત્રણ આપી રહી હતી.

જીમીએ આ કામ માટે સહેજે વાર ન લગાડી. એ હમણાં થોડી વાર પહેલાંની જ ઘટના જાણે ભૂલી ગયો હતો. અને એ તરત જ પોતાના પાટિયા પરથી ઊઠીને સીધો કજલીના પાટિયા પર જઈ ચઢયો. ત્યાં જઈને એણે કજલીને બાવડામાં ભીંસી લીધી. એણે કજલીને એ રીતે પોતાના શરીરે ભીંચવા માંડી કે કજલીનો શ્વાસ રૂંધાવા લાગ્યો. કજલીએ શ્વાસ લેવાની એક ભરપૂર કોશિશ કરી, અને એ સાથે એના મોઢામાંથી એક જોરદાર ચીસ નીકળી ગઈ. અને એ ચીસ સાંભળતાં જ પાટિયા પર સૂતેલો રૂપાનો પતિ જાગી ગયો. ફરી આખા ડબ્બાની લાઈટો ટપોટપ સળગી ઊઠી.

રૂપાનો પતિ હવે ખરેખર ધૂંઆપૂંઆ થઈ ગયો હતો. એણે તરત જ પોતાનો બૂટ કાઢીને જીમીની ધોલાઈ કરવાની શરૂઆત કરી દીધી. જીમીએ ચમકીને કજલીને છોડી દીધી અને એ સાથે આખા ડબ્બામાં ધમાલ મચી ગઈ. બધા પોતપોતાની સીટ પર ઊભા થઈને જીમીની ધોલાઈ કરવામાં પોતાની ફરજ માનીને એને ધીબવા માંડ્યા હતા. જીમી એ બધાના મારથી બચવાની નિષ્ફળ કોશિશ કરતો હતો. એણે પોતાની અડધી ખૂલેલી આંખથી ફક્ત એટલું જ જોયું કે યુવતી કજલી નહીં પણ રૂપા જ હતી. એ પોતાનું મોઢું છુપાવીને ધ્રુસકે-ધ્રુસકે રડી રહી હતી. જીમી પોતાની ધીરે-ધીરે બંધ થતી આંખથી ફક્ત એટલું જ જોઈ શક્યો કે પોતે બેભાન થઈ રહ્યો છે...

(ક્રમશઃ) ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| મજબૂત | WEAK |
| નજીવું | GIGANTIC |
| ગંજાવર | STRONG |
| દુર્બળ | THIN |
| પાતળું | MINIMAL |

### ઓળખાણ પડી?



વિજય ઉત્સવ તરીકે પણ ઓળખાતા અને દર વર્ષે નવેમ્બરમાં આયોજિત કર્ણાટકના રંગ અને આનંદના પ્રતીક ગણાતા ઉત્સવની ઓળખાણ પડી?

અ) ઓણમ બ) ઉગડી ક) હમ્પી ડ) કરાગ

### ગયા વખતનો ઉકેલ

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

**આડી ચાવી**
૧. ઓળખાણ (૪)
૪. બાળપણ (૪)
૬. વિહાર, ક્રીડા (૪)
૯. રૂઆબ (૩)
૧૦. એક ફળ (૪)
૧૨. નાટકનો પરદો (૪)
૧૩. પરંતુ, વળી, સુધ્ધાં (૨)
૧૪. ઓછું (૨)
૧૬. બોલવું તે (૨)
૧૭. તિરાડ (૨)
૧૯. વાર્તા (૩)
૨૨. છોકરીઓ વાળમાં બાંધે (૩)
૨૪. નવમી પાસ કરો તો ---માં આવો (૩)
૨૫. હલકાઈ, ઓછપ, ઊણપ (૩)
૨૭. સંસ્મરણ (૨)
૨૮. ખારવા કોમની સ્ત્રી (૪)
૨૯. પ્રદેશ (૨)
૩૨. માટે, કાજે (૩)
૩૩. નવું ઊગેલું (૬)
૩૪. એક ફળ (૩)

**ઊભી ચાવી**
૧. રસ્તો બતાવનાર (૫)
૨. અંતિમ, છેવટનું (૩)
૩. અંગ્રેજીમાં હા પાડો (૨)
૪. ભોગ, દેવને માટે કાઢેલો ભાગ (૨)
૫. ઉત્તમ (૩)
૭. ભણતર, કેળવવું તે (૪)
૮. વારંવાર બોલી મોંએ કરવું તે (૫)
૧૦. ટેક્ષ, કર (૩)
૧૧. સૌંદર્ય (૨)
૧૨. યુવાની (૩)
૧૫. ઈરાદો, ધારણા, મુરાદ (૪)
૧૮. હરાયાં ઢોર પૂરવાનો વાડો (૨)
૨૦. --- ભરવી એટલે હા પાડવી (૨)
૨૧. સતત, નિરંતર (૫)
૨૩. બીજા પ્રદેશનો (૫)
૨૪. દયાળુ (૪)
૨૫. સ્ત્રી (૨)
૨૬. ૪૦ શેર, વીસ કિલો (૨)
૩૦. તરવાની ક્રિયા (૩)
૩૧. બદ્દુવા (૨)
૩૨. --- જળનો ભરિયો દરિયો (૨)

### ગુજરાત મોરી મોરી રે

છ દાયકાથી ઠેકઠેકાણે રામ કથાનું વાંચન કરી સત્ય, પ્રેમ અને કરુણાનો સંદેશ આપનારા મોરારિબાપુનો જન્મ ગુજરાતના કયા સ્થળે થયો હતો એ જણાવો.

અ) જૂનાગઢ બ) મહુવા
ક) તલગાજરડા ડ) બોટાદ

### માતૃભાષાની મહેક

ઉપનિષદોમાં બે લોક માનેલા છેઃ આ લોક અને પરલોક. પૌરાણિક કાળમાં સાત લોકની કલ્પના થઈ. તે આ પ્રમાણે છેઃ ભૂલોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપલોક અને સત્યલોક. પાછળથી તેની સાથે અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાલ મેળવીને ચૌદ લોક કરવામાં આવ્યા. આ પ્રમાણે ચૌદ લોક કે ભુવન માનેલા છે.

### સુડોકુ-૭૦૪૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | | ૬ | | ૯ | | ૪ | ૫ |
| | | ૯ | | ૫ | | ૩ | | |
| ૧ | | | ૩ | | ૨ | | | ૯ |
| ૯ | ૮ | | | | | | ૫ | ૪ |
| | ૬ | | | | | | ૩ | |
| ૭ | ૩ | | | | | | ૯ | ૬ |
| ૮ | | | ૯ | | ૫ | | | ૭ |
| | | ૩ | | ૨ | | ૫ | | |
| ૨ | ૫ | | ૮ | | ૧ | | ૬ | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૯ | ૪ | ૬ | ૮ | ૩ | ૭ | ૫ |
| ૭ | ૮ | ૪ | ૨ | ૩ | ૫ | ૧ | ૯ | ૬ |
| ૩ | ૫ | ૬ | ૯ | ૭ | ૧ | ૮ | ૪ | ૨ |
| ૪ | ૩ | ૭ | ૫ | ૧ | ૨ | ૯ | ૬ | ૮ |
| ૮ | ૧ | ૫ | ૬ | ૯ | ૪ | ૨ | ૩ | ૭ |
| ૬ | ૯ | ૨ | ૭ | ૮ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૨ | ૬ | ૩ | ૧ | ૪ | ૭ | ૫ | ૮ | ૯ |
| ૫ | ૭ | ૮ | ૩ | ૨ | ૯ | ૬ | ૧ | ૪ |
| ૯ | ૪ | ૧ | ૮ | ૫ | ૬ | ૭ | ૨ | ૩ |

### ઈર્શાદ

નિશા - નિરાશા ટળશે કાળી, ઉષા ઊજળી ઝગશે,
આજ ડૂબ્યો સૂરજ તે શું નહીં કાલ પ્રભાતે ઊગશે?
-- સુભાષિત

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

જીવન દર્શનનું પ્રતિબિંબ પાડતી 'ઉદ્યમ તો સઉ આદરે, પામ કર્મ પ્રમાણ, કર્મીને હીરો જડે, અકર્મીને પાષાણ' પંક્તિમાં પાષાણ શબ્દનો અર્થ શું થાય છે એ જણાવો.

અ) પ્રમાણ બ) પ્રણામ ક) આવકાર ડ) પથ્થર

### માઈન્ડ ગેમ

જૈન સ્તવનમાં ખૂટતો શબ્દ ઉમેરો:
મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે, શુભ થાઓ આ -
--------- વિશ્વનું એવી ભાવના નિત્ય રહે.

અ) અનોખા બ) સકળ
ક) સુંદર ડ) વહાલા

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| મધુસુદન | શ્રી કૃષ્ણ |
| શાક્ય મુનિ | બુદ્ધ |
| વર્ધમાન | મહાવીર |
| આશુતોષ | શિવજી |
| વિનાયક | ગણેશ |

ઓળખાણ પડી?
મધ્ય પ્રદેશ

માઈન્ડ ગેમ
તંજૌર

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
અગહન

ગુજરાત મોરી મોરી રે
કંથકોટ કિલ્લો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુરેખા દેસાઈ (૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) નીતા દેસાઈ (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) ધીરેન્દ્ર ઉદેશી (૧૧) ગીતા ઉદેશી (૧૨) પ્રતિમા પમાણી (૧૩) વિભા મહેશ્વરી (૧૪) ખુશરૂ કાપડિયા (૧૫) હર્ષા મહેતા (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) મીનળ કાપડિયા (૧૯) નૂતન વિપીન (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) મહેશ સંઘવી (૨૨) ભાવના કર્વે (૨૩) મહેશ દોશી (૨૪) જ્યોતી ખાંડવાલા (૨૫) કલ્પના આશર (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) જગદીશ ઠક્કર (૨૯) અંજુ ટોલીયા (૩૦) શિલ્પા શ્રોફ (૩૧) મનીષા શેઠ (૩૨) ફાલ્ગુની શેઠ (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) દિલીપ પરીખ (૩૫) નીતીન જે. બજેરીયા (૩૬) અરવિંદ કામદાર (૩૭) અશોક સંઘવી (૩૮) પુષ્પા ખોના (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) હીનાબેન દલાલ (૪૫) શિલ્પા શ્રોફ

## ચિંતન

# તારા વિના કોને કહું

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com



એને જ કહેવાય જે આપણું સાંભળે, સાંભળ્યા પછી તેને સમજવાનો પ્રયત્ન કરે અને પછી આપણી અપેક્ષા મુજબ અથવા આપણી માટે જે ઇચ્છનીય હોય તે મુજબ આપણને સહાયભૂત થાય. એને જ કહેવાય જે આપણને સાચવી લેવા માટે સદાય તત્પર હોય - એકવાર ક્ષમતા ન હોય તો પણ તે માટે અનેકવિધ પ્રયત્નો કરે. એને જ કહેવાય જે આપણા માટે ક્યાંક પોતાના સિદ્ધાંતો સાથે પણ છૂટછાટ લે. જે વ્યક્તિ માત્ર નિયમોને જ અનુસરે એની આગળ અંતરની વાત ન કહેવાય - તેની સામે તો માત્ર વ્યવહારની રજૂઆત થાય. એને જ કહેવાય જે આપણા દુઃખે દુઃખી થાય અને આપણા સુખે હર્ષિત થાય - જે સમજુ હોવા સાથે કરુણાસભર હોય, બીજાની પીડા સમજવાની માનસિકતામાં હોય, કોઈપણ સ્વરૂપે મદદ કરવા તત્પર હોય અને આ બધી બાબતોમાં પોતાના નીજી સ્વાર્થથી પર હોય. વળી તેનામાં પોતાની અંગત બાબતોને બાજુમાં મૂકી ઘસારો સ્વીકારવાની તૈયારી હોય. સંસારમાં તો આવી વ્યક્તિ મળવી અઘરી છે.

જિંદગીમાં અનુભવાયેલ બાબતોને અભિવ્યક્ત કરવાની એક ઘેલછા હોય છે. દરેક વ્યક્તિને કશું કહેવું હોય છે. દરેક વ્યક્તિને પોતાની વાત પ્રસ્તુત કરવી ગમે છે. પોતે શું વિચારે છે, પોતાના અનુભવો કયા છે, કઈ કક્ષાનું જ્ઞાન પોતે ધરાવે છે, પોતાના મંતવ્ય કયા છે અને તે મંતવ્ય કઈ કઈ રીતના સાચા છે, દુનિયાની વિવિધ બાબતો માટે કેવા પ્રકારની વિચારસરણી તે ધરાવે છે, વિશ્વમાં આકાર લેતી ઘટનાઓ બાબતે તેનો અભિપ્રાય કયો છે, તેને શું ગમે છે અને શું નથી ગમતું, તે શેને યોગ્ય માને છે અને શેને યોગ્ય નથી માનતો, તેની દૃષ્ટિએ ધર્મ અને આધ્યાત્મ શું છે, તેની જિંદગીમાં કઈ કઈ તકલીફો છે - આ અને આવી બાબતો કહેવાની બધાને ઈચ્છા થતી રહે છે. કહી દેવાથી એક પ્રકારની શાંતિ અનુભવાય. પણ વાસ્તવમાં તેનાથી કોઇ ફાયદો થતો હોતો નથી. નવી ઘટનાઓ ઊભી થાય અને નવી વાતો સર્જાય. ફરીથી કહેવાની જરૂરિયાત જણાય - અને ચક્ર ચાલુ રહે. વાસ્તવમાં જ્યારે પણ માનવી કશું પણ કહે ત્યારે કાં તો તેમાં તેનો અહંકાર છુપાયેલો હોય કાં તો તેની વ્યથા કાં તો તેની કામના. જ્યારે રજૂઆત ઈશ્વરને કરવામાં આવે ત્યારે જ તેમાં સમર્પણની ભાવના સમાય, અને તેથી કહેવું તો ઈશ્વરને જ.

અહીં તો દરેક વ્યક્તિ જાણે પોતાની ખીચડી પકાવે છે. દાન-ધર્મ પણ એટલા માટે થતા હોય છે કે તેનાથી આત્મસંતોષ સ્થાપિત થાય છે. જો કોઈ સંજોગોમાં દયાળુ વ્યક્તિને મદદરૂપ ન થઈ શકે તો તેનો વસવસો તેને આખી જિંદગી રહેતો હોય છે. આવી અવસ્થા ન સર્જાય તે માટે પરિસ્થિતિ પ્રમાણે દયા તો દાખવવી જ પડે. આમ આ ક્રિયા પણ સ્વ-કેન્દ્રિત થઈ જાય છે. એક વસ્તુ સમજી લેવા જેવી છે કે અહીં દરેક વ્યક્તિ પોતાનાં સમીકરણો પૂરા કરવા જન્મ લે છે. આવા કોઈ સમીકરણનો અન્ય વ્યક્તિ ભાગ હોઈ શકે, પણ જે તે પુરુષાર્થની પાછળ તો પોતાનાં જ સમીકરણો ઉકેલતા હોય છે. અહીં કોઈને સાંભળવામાં રસ નથી, માત્ર બધાને સંભળાવવામાં રસ છે.

સંસારમાં એક હાથે આપવામાં આવે છે તો બીજા હાથે કંઈક લેવાઈ જાય છે. ઘણીવાર તો બીજા હાથે લેવાની ઈચ્છા પણ હોય છે પણ ક્યારેક વ્યવહારુ પરિસ્થિતિને કારણે ઈચ્છા ન હોય તો પણ બીજા હાથમાં કશુંક આવી જાય છે. આમ પણ સંસારનો વ્યવહાર ત્રાજવા જેવો છે, એક પલડામાં જેટલું મુકાય બીજા પલડામાં તેટલું આવી જાય. સૃષ્ટિનો આ ન્યાય પણ છે. લેવડદેવડના આ વ્યવહારમાં ક્યારેક આપણી પીડાને સાંભળનાર કોઈ નથી હોતું. વળી, કહેવાય છે કે આપણા સમયને કારણે વ્યક્તિ આપણી પાસે મદદ માટે આવે છે. સમય એમાં મૂળભૂત હોય છે. તેઓની માગણી પણ વ્યક્તિ સામે નહીં વ્યક્તિના સમય સામે હોય છે. આ સમયનું નિર્ધારણ ઈશ્વર કરે છે. તેથી અંતે તો માંગણી ઈશ્વર આગળ જ થાય છે. ઈશ્વર આપનાર પણ છે અને ઈશ્વર લઈ લેનાર પણ છે.

પોતાની વ્યથા, પોતાની પીડા, પોતાની કથા કોની પાસે જઈને કહેવી. આ માટે તો બે જ વિકલ્પ છે - ગુરુદેવ અને ઈશ્વર. બન્ને કૃપા કરવા માટે સમકક્ષ છે. એક આધાર છે તો એક પ્રતિનિધિ છે. એમની પાસે કોઈ સ્વાર્થ નથી હોતો. આપણને મદદરૂપ થવા પાછળ તેમની પાસે કોઈ સ્વ-હેતુ નથી હોતો. તેઓ તો પૂર્ણતાની મૂર્તિ છે. તેમને નથી કંઈ કરવાનું બાકી કે નથી કંઈ મેળવવાનું બાકી. તેઓ જે કંઈ કરે છે તે સમાજમાં ભક્તિ તથા ધર્મને સ્થાપિત કરવા માટે કરે છે. જો કંઈ કહેવું હોય તો ગુરુ કે ઈશ્વરને જ કહેવાય.

એમ નથી કે આપણી વાતની એમને ખબર નથી. પણ કહેવાની પાછળ જે શ્રદ્ધા, વિશ્વાસ અને સમર્પણનો ભાવ ઉદભવે તે મહત્ત્વનો છે. રજૂઆત કરવાના સમયની આપણી મનોસ્થિતિ સ્પષ્ટ થાય અને તેનાથી કેવા પ્રકારની કૃપા જરૂરી છે તે નિર્ધારિત થાય. સંસારમાં તપ તો ઘણા લોકોએ કર્યું, અને આ બધા જ તપ સિદ્ધ થયા પછી શું માંગશે એની ઈશ્વરને ખબર જ હતી, તો પણ માગવું જરૂરી છે. કારણ કે તે વખતની મનોસ્થિતિ ઘણી બધી બાબતોનું નિર્ધારણ કરે છે. આપણી રજૂઆતની શૈલીથી જ તેઓ નક્કી કરી શકે કે સમગ્ર સંસારના પરિપ્રેક્ષ્યમાં કયા પ્રકારની કૃપા યોગ્ય હશે. અને આમ પણ ગુરુ કે ઈશ્વર આગળ રજૂઆત કરવામાં સંકોચ કેવો..

કહેવાની ઘટના જ બાહ્યગામી છે. આમ તો દરેક ઇન્દ્રિય બાહ્યગામી છે. આંખ બહારની વસ્તુ જુએ છે, કાન બહારના અવાજ સાંભળે છે, તેવી જ રીતે ચામડી, નાક તથા જીવ બહારના રસને માણે છે. એમ કહેવાય છે કે બહારની પરિસ્થિતિ સાથેનો સંપર્ક બંધન કર્તા બની રહે. આ સંપર્કથી જે રસની પ્રતીતિ થાય તેના પ્રત્યે જે તે ઇન્દ્રિયોના પરિપ્રેક્ષ્યમાં રાગ-દ્વેષ ઉત્પન્ન થાય. ઇન્દ્રિયોના સંપર્કમાં આવતી બાબતો થકી જ ઈચ્છા-કામના જાગ્રત થાય. એમ કહેવાય છે કે મુમુક્ષુઓએ અંતર્ગામી થવું જોઈએ. તેમણે નજરને અંદર વાળવાની છે, દ્રષ્ટિ અંદર તરફ કરવાની છે, અંતરમાં રહેલ ચૈતન્યને જાણવાનો છે - અનુભવવાનો છે. આ બધું ત્યારે જ થઈ શકે જ્યારે બહારની બાબતોમાં રસ ન હોય. બહારની બાબતો માટે વૈરાગ્ય જરૂરી છે અને અંદર તરફ દ્રષ્ટિ વાળવા માટે અભ્યાસ જરૂરી છે. અન્યને પોતાની વ્યથા કથા કહેવા માટેની જે તાલાવેલી છે તે બાહ્યગામી પ્રવૃત્તિ કહેવાય. આમ તો તેનાથી મુક્ત રહેવું જરૂરી છે, પરંતુ જો કહેવું જ હોય તો ઈશ્વર સિવાય કોને કહી શકાય. તે જ સમજી શકે છે, તે જ જાણી શકે છે, ઉત્તર આપ્યા વગર તે જ સાંભળ્યાની પ્રતીતિ કરાવી શકે છે.

જે સમજવા સક્ષમ છે, જે આપવા તૈયાર છે, જે વિશાળ દ્રષ્ટિ ધરાવે છે, જે સંપૂર્ણતામાં વિવેકને ધારણ કરે છે, જે માગનાર- ન માગનાર બધાનું જ શુભ ઈચ્છે છે, જે પ્રત્યેક સમયે આપણો સાથ નિભાવે છે - તેમને જ કહેવું યોગ્ય અને સાર્થક ગણાય. ■

## ભજનનો પ્રસાદ

# બ્રહ્માનંદસ્વામી : શકવર્તી સાંસ્કૃતિક સંપદાના અર્થપૂર્ણ ઉદ્‌ગાતા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com



બ્રહ્માનંદકૃત બારમાસીઓ મધ્યકાલીન ગુજરાતી બારમાસી કવિતામાં ખૂબ જ મહત્ત્વની રચનાઓ છે. પ્રકૃતિ, પરમતત્ત્વ અને અધ્યાત્માનુભૂતિ એમ ત્રિવિધ વિગતો એમાં સ્થાન પામે છે. એક 'બાર મહિના અષાઢથી આરંભાય છે કારણ કે હાલારમાં હાલારી સંવતના નૂતન વર્ષનો આરંભ અષાઢથી થતો હોઈનો એનો આરંભ અષાઢથી કરાયો છે. પણ બીજી 'બારમાસીનો આરંભ જેઠથી કર્યો છે. કારણ કે સહજાનંદ સ્વામી પરમધામમાં-અક્ષરધામમાં જેઠ મહિને સીધાવ્યા હતા. આ ભાવનો બારમાસીના પ્રથમ પદમાં ભારે હૃદયદ્રાવક રીતે નિરૂપેલ છે.

'જેઠે જીવન ચાલિયા, નિર્મોહી મારા નાથ
દર્શન વિના દુઃખિયો ઘણો, સર્વે વ્રજનો સાથ
ફળિયામાં ઘોડીનો ફેરતા, છોગા ધરતા શીશ
તે દિન કે દિ દેખાડશો, ડોલરિયા જગદીશ'

અહીં પ્રત્યેક મહિને સહજાનંદ સાથેના અતીતના સ્મરણોને આલેખ્યા છે. કરુણનું હૃદયસ્પર્શી નિરૂપણ હૃદયને હચમચાવી અને હલબલાવી નાખે છે. આખી બારમાસીમાં જાણે કે બ્રહ્માનંદનું હૃદય ઠલવાયું છે. અશ્રુનો ધોધ વહે છે.

સહજાનંદને પૂછે છે કે તમારા વગર કેવી રીતે રહેવાશે ? 'બ્રહ્માનંદના નાથજી આવોને... એમ કહીનો હૈયાના વલવલાટનો-ધલવલાટને અહીં અભિવ્યક્તિ અર્પી છે.

બારમાસી જેવી જ બીજી હૃદયસ્પર્શી દીર્ઘસ્વરૂપની રચનાઓ છે 'ઘનશ્યામાષ્ટક' અનો 'હરિકૃષ્ણાષ્ટક' બ્રહ્માનંદની નાદવૈભવની કળાશક્તિનો, કલ્પના વૈભવનો અને શબ્દચયનના માધુર્યનો અહીં સુંદર પરિચય થાય છે. ચારણીછંદોની છટા, અવતારપુરુષ સહજાનંદના વ્યક્તિત્વની છટા એમ બન્ને છટાનું ભવ્ય-ભાવગંભીર અને ભાવગહન રૂપ અહીં સ્થાન પામ્યું છે. એનું નાદસૌંદર્ય અને એ નિમિત્તે પ્રયોજાયેલા અલંકારો પણ અભ્યાસપાત્ર બનો એ કક્ષાના છે. બ્રહ્માનંદનું 'વ્રજભાષા કાવ્યશાળા'નું શિક્ષણ અહીં સરાહનીય રીતે સહજ રીતે જ સ્થાન પામ્યું છે અને એમાંથી પ્રગટે છે અદ્‌ભુત શબ્દછટાસભર કાવ્યબાનીનો ધોધ-પ્રવાહ જે ભાવકને તાણી જાય છે અને સહજાનંદમય બનાવે છે. બ્રહ્માનંદના કાવ્યપ્રયોગોમાં મને ચારણી કાવ્યબાનીવાળી રચનાઓ અનુભૂતિની અસરકારક અભિવ્યક્તિ તરીકેના ઉદાહરણરૂપ જણાઈ છે.

બ્રહ્માનંદે માત્ર કૃષ્ણાવતાર રૂપ સહજાનંદ સ્વામી અને સ્વામિનારાયણ સાધનાધારાને જ પદકવિતામાં સ્થાન આપ્યું છે એવું નથી. એમણે 'નૃપ દશરથ ગહર રઘુવર'માં રામાવતારનું વર્ણન કર્યું છે. 'એની ધન્ય ધન્ય'માં પણ શ્રીરામ અનો હનુમાનના મહિમાને આલેખ્યા છે. 'નારાયણ નામ લેનો તથા 'સિંધુ સુતાપતિમાં વિષ્ણુ અવતારનો મહિમા ગાયો છે. આમ અન્ય અવતારધારીઓના ગાન દ્વારા બ્રહ્માનંદે એમના અન્ય અવતાર પરત્વેના આદરભાવને-પૂજ્યભાવને પ્રગટાવ્યો છે.

બ્રહ્માનંદની આવી વ્યાપક ધર્મભાવના અને શ્રદ્ધા એમને માત્ર સંપ્રદાયના કવિ બનાવતા અટકાવે છે. તેમની પ્રીતિ પરમતત્ત્વ સાથે છે જે કોઈપણ સ્વરૂપે અવતાર ધારણ કરીને અવનિ પર ઉપસ્થિત થાય. બ્રહ્માનંદ એમના ગીતો ગાવામાં અને વધામણીમાં પાછા પડતા નથી. બ્રહ્માનંદકૃત સહજાનંદ સ્વરૂપ વર્ણનના પદો મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતાની એક મહત્ત્વની ધારા છે.

**૬. તત્ત્વદર્શનમૂલક પદો :**

બ્રહ્માનંદના કાવ્યવિશ્વમાં ભક્તિની સાથે તત્ત્વદર્શન પણ સંકળાયું છે. એમના અનેક ગ્રંથો સંપ્રદાયના સિદ્ધાંતોને - તત્ત્વદર્શનને આલેખે છે. પદોમાં પણ ઉદ્ધવ તત્ત્વદર્શન અનેક સ્થાનો પડઘાય છે. 'એક વાત સુણોમાં કૃષ્ણ વ્રજવાસીઓને પોતાના મૂળ-અસલ સ્વરૂપની ઝાંખી કરાવે છે. આ માટે તે પ્રકૃતિ તત્ત્વોનું નિરૂપણ કરે છે. પોતે એક છે અને અનંતરૂપો ધારણ કરે છે. સકલ બ્રહ્માંડ પરમતત્ત્વથી વ્યાપ્ત છે. માયા, સગુણ નિર્ગુણ વગેરેનું નિરૂપણ કરીને વિવિધતામાં એકતાનાં દર્શન કરાવે છે. બીજી રીતે કહીએ તો શિવ અને જીવ જુદા નથી. અહીં ઉપનિષદનું તત્ત્વજ્ઞાન સરળ ભાષામાં પદના માધ્યમ દ્વારા અભિવ્યક્તિ પામ્યું છે. ગહન ગંભીર સિદ્ધાન્તસાગર 'એક વાત સુણો દ્વારા કહેવાઈ છે. આ પ્રકારનું એક બીજું એક પદ 'કહોને ઉદ્ધવજી' છે.

અહીં ઉદ્ધવજીને ગોપાંગનાઓ કૃષ્ણના સમાચાર પૂછે છે. 'કૃષ્ણ વ્રજની વાતો કરે છે? નંદ જશોદાને મળવાની તેનો ઇચ્છા થાય છે ? મહિયારીઓને રસ્તામાં રોકીનો માખણ છૂંટી લેતા, ગોપીના ઘરમાં પેસીને માખણ ખાઈ જતા, યમુના નદીમાં ન્હાવા જતા, ગોવાળો સાથે વનમાં જતા, ગળામાં હાર પહેરતાં આ બધાં આનંદના દિવસો કૃષ્ણને યાદ આવે છે ખરા?' એવા પ્રશ્નો પૂછ્યા છે. અહીં ગોપીઓની કૃષ્ણ તરફની ભક્તિ પ્રગટ થઈ છે. ભૂતકાળનાં બનાવો યાદ કરીનો કૃષ્ણની સ્તુતિ કરે છે. એમાં નવધા ભક્તિનું સ્વરૂપ બ્રહ્માનંદે ભારે કુનેહથી નિરૂપ્યું છે. તત્ત્વદર્શનનું ગહન સ્વરૂપ રચ્યું છે. વ્યાપક બ્રહ્મનો નામના પદમાં. ઉદ્ધવ અનો ગોપાંગનાઓ દ્વારા પ્રેમભક્તિ અનો જ્ઞાનમાર્ગને સામસામે મૂકીનો ભારે સરળતાથી જ્ઞાનનો આલેખ્યું છે.

આ સકલ વિશ્વ બ્રહ્મસ્વરૂપ છે. એવું ઉદ્ધવજી માનો છે. ગોપીઓ કહે છે કે 'અમે તો કૃષ્ણના પ્રેમભૂખ્યા છીએ. તમારે તો નિરાકાર ઇશ્વર છે અનો અમારે તો સાકાર નંદકુમાર જ ઈશ્વર છે. લટકાળા મનમોહન સિવાય અમારું મન બીજે ક્યાંય લાગતું નથી. જેવી રીતે અમૃતના પીનારાનો ખાટી છાશ ભાવતી નથી તેમ અમનો કૃષ્ણ સિવાય ક્યાંય સુખ મળતું નથી, એમ ગોપી કહે છે. 'સો દિવસ સુધી ભૂખ્યો રહીને પણ જેમ સિંહ ઘાસ ખાતો નથી એમ અમે કૃષ્ણ સિવાય બીજાનો પ્રીતિ કરનારા નથી. અમે બીજા જન્મનો વિચાર પણ કરતા નથી. અમે ઉધાર વ્યાપારમાં માનતા નથી. અમે તો આ ભવમાં જ કૃષ્ણની પ્રીતિનો અનુભવ કરવા માગીએ છીએ. પ્રેમમાર્ગ - જ્ઞાનમાર્ગની સામે જીતે છે એ તત્ત્વદર્શન બ્રહ્માનંદનો અભિપ્રેત હોય તેમ લાગે છે.

આમ, તત્ત્વદર્શનમૂલક ઉદ્ધવ નિરૂપણવાળી રચનાઓ પણ વિષયસામગ્રીની દૃષ્ટિએ અને ભાવની અભિવ્યક્તિની દૃષ્ટિએ ભારે મહત્ત્વની છે.

**૭. બોધઉપદેશમૂલક પદો :**

બોધ ઉપદેશના બ્રહ્માનંદકૃત પદો પણ બ્રહ્માનંદીય છાપનો-છટાનો કારણે મધ્યકાલીન ગુજરાતી પદકવિતામાં મહત્ત્વના સ્થાન-માનનો પામે છે. બ્રહ્માનંદનું પ્રતિનિધિત્વ કરતા જે કેટલાંક પદો છે એમાંનું એક પદ 'રે શિર સાટે નટવરનો વરીએ' છે.


બ્રહ્માનંદના ખૂબ જાણીતા એવા પદોમાં 'રે શિર સાટે નવટવરનો વરીએ' પદનું સ્થાન છે. નટવરનો વરવું હોય તો બલિદાન આપવું પડે છે. બ્રહ્માનંદ માથું મૂકીનો નટવરનો વરવાનું કહે છે. બુદ્ધિનો ઉપયોગ કર્યા સિવાય નટવર સાથે પ્રીતિ કરી છે. કોઈ પણ રસ્તો વિચાર કરીનો પસંદ કરવો જોઈએ. પછીથી ડરી જઈનો પાછા પગલાં કરવા જોઈએ નહિ. શૂરવીર થઈનો યુદ્ધ કરવા જાય અને પછી બીકથી પાછો ભાગી આવે, તો એનું જીવન નકામું છે. યુદ્ધે ચઢીએ તો ભલે શરીરના કટકેકટકા થઈ જાય પરંતુ પાછા ફરવાનું હોય નહીં. અહીં કવિ કહે છે કે ભક્તિ તો મુશ્કેલીથી ભરેલી છે. એના માટે બલિદાન આપવું પડે છે. એક વખત ભક્તિમાર્ગ પસંદ કર્યો એટલે પાછાં ફરવાનું હોય નહીં. શીર સાટે નટવરનો સોદો કર્યો એમાંથી માથા સાટે અર્થાત્ મૃત્યુની બીક છોડીનો પ્રભુમય-પરમતત્ત્વમય બનવાનો બોધ ભારે અસરકારક રીતે પ્રાપ્ત થાય છે.

(ક્રમશઃ)■

## શિવ રહસ્ય

# હું રહ્યો બાળ બ્રહ્મચારી તમને સ્વીકારી નહીં શકું, તમે તુરંત તમારા ઘરે જાઓ

ભરત પટેલ
feedback@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

ક્રોધિત ત્વષ્ટા ઋષિ ત્યાંથી વિદાય લે છે. ગભરાયેલા દેવરાજ ઇન્દ્ર દેવગુરુ બૃહસ્પતિ પાસે પહોંચે છે. દેવગુરુ બૃહસ્પતિ તેમને કહે છે, 'દેવરાજ તમારી આકાંક્ષા અસીમિત છે, એનો કોઈ અંત જ નથી અને તમારી આકાંક્ષા ઋષિ ત્વષ્ટા ક્યારેય પૂરી નહીં કરી શકે. તમારું સ્વર્ગ તમારી દેવસેનાની શક્તિથી જ સુરક્ષિત રહી શકે છે. ઋષિ ત્વષ્ટા તમને કોઈ સંરક્ષણ પૂરું નહીં પાડી શકે. થઈ શકે તો તેમને ફરી પૃથ્વીલોક મોકલી દેવા જોઈએ.' આ વાર્તાલાપ ઋષિ ત્વષ્ટા સાંભળી લેતાં સ્વર્ગલોકથી વિદાય લે છે. તેઓ વિચારે છે કે દેવરાજ ઇન્દ્ર અને દેવર્ષિ નારદની વિનંતીને માન આપીને જ હું સ્વર્ગલોક આવ્યો હતો. હું મારા અપમાનનો બદલો અવશ્ય લઈશ. મારે તુરંત દેવર્ષિ નારદને મળી તેમને દંડ આપવો જોઈએ. આટલું વિચારી ત્વષ્ટા ઋષિ દેવર્ષિ નારદ પાસે પહોંચે છે. ઋષિ ત્વષ્ટા કહે છે, 'દેવરાજ ઇન્દ્ર અને દેવગુરુ બૃહસ્પતિ મને મૂર્ખ સમજે છે. દેવર્ષિ તમારી વિનંતીને માન આપીને જ હું સ્વર્ગલોક ગયો હતો. સ્વર્ગલોકમાં જેમ મારું અપમાન કરી હાસ્યસ્પદ બનાવવામાં આવ્યો છે, તેમ તમે પણ કોઈ નગરમાં હાસ્યાસ્પદ બનશો.' શ્રાપ આપીને ઋષિ ત્વષ્ટા ત્યાંથી વિદાય લે છે. શ્રાપ મળતાં જ દેવર્ષિ નારદ વાનરમુખ થઈ જાય છે. તેમને જોઈ રાજકુમારી આક્રંદ કરવા માંડે છે. આ જોઈ મહારાણી રાજશ્રી કહે છે, 'સ્વામી દેવર્ષિએ આપણી પુત્રી પર કુદૃષ્ટિ નાખી હશે એટલે એમણે આમ ભોગવવું પડી રહ્યું છે. આપણી દીકરીને આ દેવર્ષિએ ભ્રમિત કરી દીધી છે. તેમને કઠોરથી કઠોર દંડ આપવામાં આવે.' સામે રાજકુમારી દમયંતી દેવર્ષિ નારદને પોતાનો પતિ સ્વીકાર કરી ચૂકી હોવાનું જણાવતાં રાજા સંજય ક્રોધિત થાય છે અને કહે છે 'પુત્રી શું તારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે. શું તું એક કપટી ઋષિ સાથે લગ્ન કરીશ, અમે નિશ્ચિત કરી લીધું છે કે તારાં લગ્ન સ્વયંવર દ્વારા થશે.' આટલું સાંભળતાં દેવર્ષિ નારદ કહે છે, 'નહીં દેવી દમયંતી, મારામાં એવું કંઈ જ નથી જે તમારે માતા-પિતાનો અનાદર કરવો પડે.' આટલું કહી દેવર્ષિ નારદ ત્યાંથી વિદાય લે છે.

***

દેવર્ષિ નારદ વનમાં આવી પોતાની એક ઝૂંપડી બનાવી ભગવાન શિવની આરાધના શરૂ કરે છે. તેમનો 'ઓમ નમઃ શિવાય'નો ધ્વનિ કૈલાસ સુધી પહોંચવા માંડે છે.

માતા પાર્વતીઃ 'સ્વામી જુઓ દેવર્ષિ નારદ ભગવાન શ્રીહરિ વિષ્ણુની આરાધના છોડી તમારી કરી રહ્યા છે, હવે તમારે તેમને વરદાન આપવું જ જોઈએ.'

ભગવાન શિવઃ 'દેવર્ષિ નારદ વરદાન મેળવવા આરાધના નથી કરી રહ્યા તેઓ ઋષિ ત્વષ્ટાના શ્રાપને નિવારવા આરાધના કરી રહ્યા છે, પણ દેવી તેમણે એ સમજવું જોઈએ કે મળેલો શ્રાપ ભોગવવો જ રહ્યો એટલે હું તેમના શ્રાપનું નિવારણ કઈ રીતે કરી શકું?'

માતા પાર્વતીઃ 'તેઓ તમારી આરાધના કરી રહ્યા છે, તમે સર્વશક્તિશાળી છો કંઈ પણ કરી શકો છો. તેમને શ્રાપમુક્ત કરો.'

***

બીજી તરફ ત્વષ્ટા ઋષિ યજ્ઞ કરવા માંડે છે.

ઋષિ ત્વષ્ટાઃ 'હે જગતજનની માતા શક્તિ આપનો આરાધક યજ્ઞ કરી રહ્યો છે તમે મને એક એવો પુત્ર આપો કે જે દેવરાજ ઇન્દ્ર કરતાં ૧૦ ગણો શક્તિશાળી હોય અને મારો એ પુત્ર સ્વર્ગલોક પર વિજય મેળવી દેવરાજ ઇન્દ્રને શિક્ષા આપે તો મારા મનને તૃપ્તિ મળશે.'

આટલું કહી ઋષિ ત્વષ્ટા યજ્ઞમાં આહુતિ આપવાની શરૂઆત કરે છે. દિવસોના દિવસો વીતી જતાં ઋષિ ત્વષ્ટા થાકી-હારી જાય છે અને ક્રોધિત થઈ માતા શક્તિનું આહ્‌વાન કરે છે, 'હે માતા શક્તિ જો આપ મારાથી રુષ્ટ હો તો માફ કરો, મને તુરંત એક પુત્ર આપો જે દેવરાજ ઇન્દ્રને પદભ્રષ્ટ કરી મારી મનોકામના પૂર્ણ કરે.'

માતા શક્તિ ત્યાં પ્રગટ થઈ ચેતવણી આપતાં કહે છે, 'ઋષિવર સમજવાની કોશિશ કરો કે પ્રતિશોધની જ્વાળા પોતાને જ રાખ કરે છે, હાલ તમે પ્રતિશોધની જ્વાળામાં લપેટાઈ ગયા છો. પ્રતિશોધ ક્યારેય સુખ આપતો નથી, હંમેશાં દુઃખ જ આપે છે. દરેકને પોતાના કર્મનું ફળ મળતું જ હોય છે, પ્રતિશોધ છોડી યજ્ઞનો ઉપયોગ જનકલ્યાણ માટે કરો.'

ઋષિ ત્વષ્ટાઃ 'નહીં માતા, હું દેવરાજ ઇન્દ્રને ક્યારેય માફ નહીં કરી શકું. તમારે મને દેવરાજ ઇન્દ્ર કરતાં ૧૦ ગણો શક્તિશાળી પુત્ર આપવો જ પડશે અન્યથા આ યજ્ઞકુંડમાં મારી આહુતિ આપી હું પોતાને ભસ્મ કરી દઈશ.'

આટલું કહી ઋષિ ત્વષ્ટા યજ્ઞકુંડમાં પોતાને સ્વાહા કરવા જતાં માતા શક્તિ તેમને રોકે છે.

માતા શક્તિઃ 'થોભી જાવ શક્તિ ઉપાસક ત્વષ્ટા, આત્મહત્યા કોઈ પણ સમસ્યાનું સમાધાન નથી, તમે જીદ નહીં છોડો તો મારે તમારી યજ્ઞકામના પૂર્ણ કરવી પડશે, પણ તેનું પરિણામ ઘોર અનિષ્ટકારી હશે. તમારા આ યજ્ઞકુંડમાંથી સમસ્ત સંસારના અસુરોના ભટકી રહેલા આત્મા તમારા પુત્રના રૂપમાં પ્રગટ થશે. તમારો આ યજ્ઞપુત્ર બળશાલી અને વિનાશકારી હશે. એકવાર ફરી વિચાર કરી જુઓ.'

ઋષિ ત્વષ્ટાઃ 'નહીં માતા, મેં વિચારી લીધું છે મને એ પુત્ર આપો.'

માતા શક્તિઃ 'તથાસ્તુ.'

આટલું કહી માતા શક્તિ ત્યાંથી વિદાય લે છે.

***

બીજી તરફ રાજા સંજય પુત્રી દમયંતીનો સ્વયંવર રચવાની તૈયારી કરે છે. દેવી દમયંતી તેની સખી રૂપવતી સાથે મધ્યરાત્રીએ પલાયન થઈ જાય છે અને દેવર્ષિ નારદ પાસે પહોંચે છે. મધ્યરાત્રીએ દમયંતીને પોતાના ઘરમાં જોઈ દેવર્ષિ નારદ ક્રોધિત થાય છે.

દેવર્ષિ નારદઃ 'દેવી દમયંતી તમે અહીં? આટલી મધ્યરાત્રીએ કેમ આવ્યાં છો, લોકો શું કહેશે?'

રાજકુમારી દમયંતીઃ 'દેવર્ષિ મને લોકોની ફિકર નથી, હું મારાં માતા-પિતાને છોડીને આવી છું, તમારી શરણમાં મને લઈ લો.'

દેવર્ષિ નારદઃ 'આ યોગ્ય નથી, કોઈ પણ કુંવારી કન્યા માટે માતા-પિતાની છત્રછાયાથી દૂર થવું યોગ્ય નથી.'

રાજકુમારી દમયંતીઃ 'દેવર્ષિ હું તમને મનોમન પતિ માની ચૂકી છું.'

દેવર્ષિ નારદઃ 'બસ કરો દમયંતી, કોઈ કુંવારી કન્યા પોતાના મનના માણીગરને પામવા માતા-પિતાને છોડીને આગળ વધે છે ત્યારે તે લાજ-મર્યાદા ખોઈ બેસે છે અને કોઈ નારી જો પોતાની લાજ-મર્યાદા ખોઈ બેસી હોય તો તેમાં શેષ કંઈ રહેતું નથી. હું રહ્યો બાળ બ્રહ્મચારી તમને સ્વીકારી નહીં શકું, તમે તુરંત તમારા ઘરે જાઓ.'

---


ફરી પાછો 'ઓમ નમઃ શિવાય'નો ધ્વનિ કૈલાસ સુધી પહોંચે છે.

માતા પાર્વતીઃ 'સ્વામી આ ધ્વનિનો સ્વર દેવર્ષિ નારદનો તો નથી લાગતો, તો આ આરાધના કોણ કરી રહ્યું છે.'

ભગવાન શિવઃ 'આ ધ્વનિનો સ્વર વિંધ્યાચલ પર્વત પરથી અસુર દુન્દુભિનિર્હાદનો આવી રહ્યો છે.

(ક્રમશઃ)■

# ભારતીય ક્રિકેટરો ઑસ્ટ્રેલિયાની પ્રૅક્ટિસ વન-ડેમાં જીત્યા પછી પણ રમતા રહ્યા, જાણો શા માટે...





(ડાબે) કૅનબેરામાં રવિવારે ટૉસ વખતે હરીફ કૅપ્ટનો રોહિત અને જૅક એડવર્ડ્સ. (જમણે) હર્ષિત રાણાએ ચાર અને આકાશ દીપે બે વિકેટ લીધી હતી. (બીસીસીઆઇ)

કૅનબેરાઃ રોહિત શર્માની કૅપ્ટન્સીમાં ભારતે અહીં રવિવારે પ્રાઇમ મિનિસ્ટર્સ ઇલેવન સામેની પિન્ક બૉલ પ્રૅક્ટિસ વન-ડે મૅચમાં છ વિકેટે આસાનીથી વિજય મેળવી લીધો હતો. જોકે ટીમ ઇન્ડિયાના આ વિજય સાથે મૅચ સમાપ્ત થઈ ત્યાર પછી પણ ભારતીય બૅટર્સે રમવાનું ચાલુ રાખ્યું હતું. આનું કારણ નવાઈ પમાડે એવું અને રસપ્રદ છે.

વાત એવી છે કે ટીમ ઇન્ડિયાને જીતવા માટે ૫૦ ઓવરમાં ૨૪૧ રન બનાવવાનો લક્ષ્યાંક મળ્યો હતો. તેમણે ૪૩મી ઓવરના પાંચમા બૉલમાં ચાર વિકેટના ભોગે ટાર્ગેટ મેળવી લીધો હતો, પરંતુ આ પ્રૅક્ટિસ-મૅચ હોવાથી ભારતીયોએ વધુ બૅટિંગ કરવાનું પસંદ કર્યું હતું અને એ સંબંધમાં અમ્પાયરોને જાણ કરી હતી.

છેવટે ૪૬મી ઓવર પૂરી થઈ ત્યારે અમ્પાયરે રમત પૂરી થઈ હોવાની જાહેરાત કરીને બેલ્સ નીચે પાડી દીધી હતી. ૪૩મી ઓવરમાં જ ભારતે ચાર વિકેટે ૨૪૧ રનનો ટાર્ગેટ મેળવી લીધો હતો, પણ ત્યાર પછી પણ બૅટિંગ ચાલુ રખાઈ હતી અને છેવટે સ્કોર-કાર્ડમાં ભારતનો સ્કોર '૪૬ ઓવરમાં ૨૫૭/૫' લખાયો હતો. નવાઈની વાત એ છે કે ટીમ ઇન્ડિયાએ નિર્ધારિત ૨૪૧ રન બનાવ્યા ત્યારે વૉશિંગ્ટન સુંદર અને સરફરાઝ ખાન અણનમ હતા, પરંતુ રમત લંબાવવામાં આવ્યા બાદ પહેલી જ ઓવરમાં (૪૪મી ઓવરમાં) વિકેટ ગુમાવી દીધી હતી. તે ફક્ત એક રન બનાવી શક્યો હતો. ત્યાર પછી વૉશિંગ્ટન સુંદર અને દેવદત્ત પડિક્કલ છેક સુધી ક્રીઝ પર ટકી રહ્યા હતા. વૉશિંગ્ટન ૪૨ રને અને પડિક્કલ ચાર રને અણનમ રહ્યો હતો.

એ પહેલાં, સવારે પ્રાઇમ મિનિસ્ટર્સ ઇલેવનની ટીમ બૅટિંગ મળ્યા પછી ૪૩.૨ ઓવરમાં ૨૪૦ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. એમાં ઓપનર સૅમ કૉન્ટાસ (૧૦૭ રન, ૯૭ બૉલ, એક સિક્સર, ૧૪ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. હૅનો જેકબ્સે ૬૧ રન અને જૅક ક્લેટને ૪૦ રન બનાવ્યા હતા.

આ પ્રૅક્ટિસ-મૅચ હોવાથી એમાં ઑસ્ટ્રેલિયાના પ્રવાસે આવેલા લગભગ બધા (૧૮) ખેલાડીઓ રમ્યા હતા. ભારત વતી સાત બોલરે બોલિંગ કરી હતી. ફાસ્ટ બોલર હર્ષિત રાણાએ ૪૪ રનમાં ચાર, આકાશ દીપે ૫૮ રનમાં બે વિકેટ લીધી હતી. મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, વૉશિંગ્ટન સુંદર અને રવીન્દ્ર જાડેજાને એક-એક વિકેટ મળી હતી. એકમાત્ર નીતિશ કુમાર રેડ્ડીને વિકેટ નહોતી મળી.

ભારતને જિતાડવામાં જે બૅટર્સનું સૌથી મોટું યોગદાન હતું એમાં શુભમન ગિલ (૬૨ બૉલમાં ૫૦ રન), યશસ્વી જયસ્વાલ (૫૯ બૉલમાં ૪૫ રન), નીતિશ કુમાર રેડ્ડી (૩૨ બૉલમાં ૪૨ રન), વૉશિંગ્ટન સુંદર (૩૬ બૉલમાં ૪૨ અણનમ), રવીન્દ્ર જાડેજા (૩૧ બૉલમાં ૨૭ રન), કેએલ રાહુલ (૪૪ બૉલમાં ૨૭ રન) તેમ જ 'મિસ્ટર એક્સ્ટ્રા' (૧૬ રન)નો સમાવેશ હતો. ઑસ્ટ્રેલિયા વતી કુલ નવ બોલરે બોલિંગ કરી હતી. ઓપનર કૉન્ટાસને શાનદાર સેન્ચુરી બદલ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ■

## કોહલી અને પંતને બૅટિંગમાંથી આરામઃ રોહિત ટેસ્ટમાં ચોથા નંબરે રમશે?

કૅનબેરાઃ અહીં રવિવારે પ્રાઇમ મિનિસ્ટર ઇલેવન સામેની પ્રૅક્ટિસ વન-ડેમાં ભારતીય ટીમ માટે છ બૅટર્સે વિજય આસાન બનાવ્યો હતો. જોકે એ છ બૅટરમાં વિરાટ કોહલી અને રિષભ પંત નહોતા. તેમને બૅટિંગમાંથી આરામ આપવામાં આવ્યો હતો.

ખરેખર તો ઑસ્ટ્રેલિયાના પ્રવાસે આવેલા તમામ ભારતીય ખેલાડીઓ આ મૅચમાં રમવા ઊતર્યા હતા.

યજમાન ટીમે ૨૪૦ રન બનાવ્યા પછી ભારતીય ટીમને ૨૪૧ રનનો લક્ષ્યાંક અપાવવામાં ખાસ કરીને ઈજામુક્ત થઈને પાછા રમવા આવેલા શુભમન ગિલ (૫૦ રન રિટાયર્ડ આઉટ)ની ભૂમિકા હતી. તે ત્રીજા નંબરે રમ્યો હતો. તેની પહેલાં ઓપનિંગમાં યશસ્વી જયસ્વાલ (૪૫ રન) અને કેએલ રાહુલ (૨૭ રન રિટાયર્ડ આઉટ)ને ૭૫ રનની ભાગીદારીથી જીતનો પાયો નાખી આપ્યો હતો. કૅપ્ટન રોહિત શર્મા છેક ચોથા ક્રમે આવ્યો હતો અને ફક્ત ત્રણ રન બનાવીને આઉટ થઈ ગયો હતો.

તે ઓપનિંગમાં કે વનડાઉનમાં ન આવ્યો અને છેક ચોથા નંબરે રમ્યો એના પરથી ચર્ચા થવા લાગી છે કે શુક્રવાર, છઠ્ઠી ડિસેમ્બરે ઍડિલેઇડમાં શરૂ થનારી પિન્ક બૉલ ડે/નાઇટ ટેસ્ટમાં પણ તે ચોથા સ્થાને રમશે. ઇલેવનમાં તેનો સમાવેશ દેવદત્ત પડિક્કલના સ્થાને થશે, જ્યારે ગિલનો સમાવેશ ધ્રુવ જુરેલના સ્થાને થશે.

રવિવારની પ્રૅક્ટિસ વન-ડેમાં નીતિશ રેડ્ડી (૪૨ રન) તથા વૉશિંગ્ટન સુંદર (૪૨ અણનમ)ના પણ મહત્ત્વના યોગદાન હતા. ■

# અર્જુન એરીગૈસી ૨,૮૦૦ ઇલો રેટિંગ પાર કરનાર આનંદ પછીનો ભારતનો બીજો ચેસ-સ્ટાર બન્યો

નવી દિલ્હીઃ એક તરફ સિંગાપોરમાં ભારતનો ૧૮ વર્ષની ઉંમરનો ડી. ગુકેશ ચીનના વર્લ્ડ ચૅમ્પિયન ડિન્ગ લિરેનને વિશ્વ વિજેતાપદ માટે પડકારી રહ્યો છે ત્યાં બીજી બાજુ ભારતના ૨૧ વર્ષના ગ્રૅન્ડમાસ્ટર અર્જુન એરીગૈસીએ રવિવારે અપ્રતિમ સિદ્ધિ મેળવી હતી. તે ૨,૮૦૦ ઇએલઓ (ઇલો) મેળવનાર બીજો ભારતીય બન્યો છે. તેણે ચેસ-લેજન્ડ વિશ્વનાથન આનંદ પછી બીજા ભારતીય તરીકે આ સિદ્ધિ હાંસલ કરી છે.

ઇલો નામ હંગેરી-અમેરિકન વિદ્વાન અર્પડ ઇલોના નામ પરથી પડ્યું છે. તેમણે ચેસ ખેલાડીઓની બુદ્ધિમતાના માપદંડ માટે ઇલો રેટિંગ સિસ્ટમ શરૂ કરી હતી.

અર્જુન આ સાથે છેલ્લામાં છેલ્લા ઇલો રેટિંગમાં ચોથા નંબરે છે. તે ૨૦૨૪ના વર્ષમાં જબરદસ્ત ફૉર્મમાં છે. તાજેતરના ચેસ ઑલિમ્પિયાડમાં તે વ્યક્તિગત હરીફાઈમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો તેમ જ દેશને ટીમ-ટાઇટલ પણ અપાવ્યું હતું.

ચેસ જગતની સર્વોચ્ચ સંસ્થા ફિડએ એક્સ પર જણાવ્યું હતું કે 'અર્જુન એરીગૈસી ક્લાસિકલ ચેસના રેટિંગ્સમાં ૨,૮૦૦ પૉઇન્ટથી આગળ જનારો વિશ્વનો ૧૬મો ખેલાડી બન્યો છે. ડિસેમ્બર, ૨૦૨૪ના લેટેસ્ટ રેટિંગમાં અર્જુનના રેટિંગ પૉઇન્ટ ૨,૮૦૧ છે અને હાલમાં તે વિશ્વમાં ચોથા ક્રમે છે.'



તેલંગણાના વારંગલમાં જન્મેલો અર્જુન ૧૪ વર્ષની ઉંમરે ગ્રૅન્ડમાસ્ટર બન્યો હતો અને સપ્ટેમ્બર, ૨૦૨૪માં આનંદના સ્થાને ભારતનો ટૉચનો ક્રમાંકિત ચેસ ખેલાડી બન્યો હતો.

અમેરિકાનો જગવિખ્યાત ચેસ ખેલાડી હિકારુ નાકામુરા ૨,૮૦૨ પૉઇન્ટ સાથે અર્જુનથી માત્ર એક જ પૉઇન્ટ આગળ છે. નાકામુરા ત્રીજા સ્થાને છે. નોર્વેનો ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન મૅગ્નસ કાર્લસન (૨,૮૩૧) હજી પણ નંબર-વન છે, જ્યારે અમેરિકાનો ફૅબિયાનો કૅરુઆના (૨,૮૦૫) બીજા નંબરે છે. વર્લ્ડ ચૅમ્પિયન બનવાની રેસમાં ઉતરેલો ડી. ગુકેશ ૨,૭૮૩ પૉઇન્ટ સાથે અર્જુન પછી પાંચમા સ્થાને છે. વર્લ્ડ ચૅમ્પિયન ડિન્ગ લિરેનના ૨,૭૨૮ પૉઇન્ટ છે અને તે છેક બાવીસમાં સ્થાને છે. જોકે ગયા વર્ષે તે વિશ્વ વિજેતાપદની સ્પર્ધા જીત્યો હોવાથી હાલમાં વર્લ્ડ ચૅમ્પિયન છે. ■

# ઑસ્ટ્રેલિયાના ક્રિકેટ-લેજન્ડનું નિધન, શાનદાર કારકિર્દીમાં ૧૫,૦૦૦થી પણ વધુ રન બનાવેલા

## ▸ ઈયાન રેડપાથે કરીઅરના છેલ્લા વર્ષમાં ફટકારી હતી પહેલી સિક્સર, અંતિમ ટેસ્ટમાં જીતેલા પ્રથમ મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ

ગીલૉન્ગ (વિક્ટોરિયા)ઃ ઑસ્ટ્રેલિયાના મહાન ઓપનિંગ બૅટર ઇયાન રેડપાથનું રવિવારે અવસાન થયું હતું. તેઓ ૮૩ વર્ષના હતા. રેડપાથ જાન્યુઆરી, ૧૯૬૪થી જાન્યુઆરી, ૧૯૭૬ સુધીની ૧૨ વર્ષની કારકિર્દીમાં ૬૬ ટેસ્ટ તથા પાંચ વન-ડે રમ્યા હતા. ટેસ્ટ-ક્રિકેટમાં તેમણે આઠ સેન્ચુરીની મદદથી ૪૩.૪૫ની સરેરાશે ૪,૭૩૭ રન બનાવ્યા હતા અને ટેસ્ટ સહિતની ફર્સ્ટ-ક્લાસ કરીઅરમાં તેમણે કુલ ૧૫,૨૯૪ રન કર્યા હતા.


ટેસ્ટમાં તેમણે આઠ સેન્ચુરી તથા ૩૧ હાફ સેન્ચુરી ફટકારી હતી. ૧૯૬૪માં ડેબ્યૂ કર્યા બાદ છેક ૧૯૬૯માં તેઓ પહેલી વાર સેન્ચુરી ફટકારી શક્યા હતા.

તેઓ ૧૯૭૧થી ૧૯૭૫ દરમ્યાન પાંચ વન-ડે રમ્યા હતા. તેઓ બાહોશ બૅટર તરીકે પ્રખ્યાત હતા તેમ જ ક્રીઝ પર અડીખમ રહેનાર બૅટર તરીકે પણ જાણીતા હતા.

રાઇટ-હૅન્ડ બૅટર રેડપાથે ૬૬ ટેસ્ટની શાનદાર કરીઅરમાં કેટલા ચોક્કા માર્યા હતા એનો સત્તાવાર આંકડો ઉપલબ્ધ નથી, પરંતુ તેઓ ફકત બે સિક્સર ફટકારી શક્યા હતા. ૬૬ ટેસ્ટની કારકિર્દીમાં તેમણે એ પહેલી બે સિક્સર છેક ૬૫મી ટેસ્ટમાં (ઍડિલેઇડમાં વેસ્ટ ઇન્ડિઝ સામે) ફટકારી હતી.

તેમણે ત્યારે મૅચના પહેલા દાવમાં ૧૦૩ રન અને બીજા દાવમાં ૬૫ રન બનાવ્યા હતા. બન્ને ઇનિંગ્સમાં કૅરિબિયન ઑફ-સ્પિનર લાન્સ ગિબ્સે તેમની વિકેટ લીધી હતી. જોકે ઑસ્ટ્રેલિયાએ એ ટેસ્ટ ૧૯૦ રનથી જીતી લીધી હતી.

રેડપાથ ૧૯૭૬માં મેલબર્નમાં કરીઅરની અંતિમ ટેસ્ટ રમ્યા હતા. એમાં તેમણે ૧૦૧ રન અને પછી ૭૦ રન બનાવ્યા હતા અને ઑસ્ટ્રેલિયાએ ૧૬૫ રનથી વિજય મેળવ્યા બાદ તેમને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. નવાઈની વાત એ છે કે આખી કરીઅરમાં તેમનો એ પહેલો જ મૅન ઑફ ધ મૅચ અવૉર્ડ હતો.




થોડા મહિના પહેલાં ઇયાન રેડપાથનો ઑસ્ટ્રેલિયાના 'હૉલ ઑફ ફેમ'માં સમાવેશ કરાયો હતો.

તેમની એ આખરી ટેસ્ટમાં ગ્રેગ ચૅપલ કૅપ્ટન હતા અને ટીમના બીજા ખેલાડીઓમાં ઍલન ટર્નર, રિક મૅકોસ્કર, ઇયાન ચૅપલ, ગ્રેહામ યેલૉપ, વિકેટકીપર રૉડની માર્શ, જેફ થૉમસન, ડેનિસ લિલી વગેરે ખેલાડીઓ હતા. એ મૅચ માટેની ક્લાઇવ લૉઇડના નેતૃત્વ હેઠળની વેસ્ટ ઇન્ડિયન ટીમમાં વિવ રિચર્ડ્સ, રૉય ફ્રેડરિક્સ, ઑલ્વિન કાલિચરણ, વિકેટકીપર ડેરિક મરે, માલ્કમ હોલ્ડિંગ, વેન્બર્ન હોલ્ડર વગેરેનો સમાવેશ હતો. ઑસ્ટ્રેલિયાએ એ સિરીઝ ૫-૧થી જીતી લીધી હતી.

રેડપાથ ભારત સામે ૧૦ ટેસ્ટ રમ્યા હતા જેમાં તેમણે કુલ ૪૭૫ રન બનાવ્યા હતા.

રેડપાથ ૧૯૭૬માં અંતિમ ટેસ્ટ રમ્યા ત્યાર બાદ ઍન્ટિક (દુર્લભ) ચીજોના બિઝનેસ તરફ વળ્યા હતા. જોકે એક વર્ષ બાદ તેઓ ફરી ક્રિકેટની રમત તરફ વળ્યા હતા અને કેરી પૅકરની વર્લ્ડ સિરીઝ ક્રિકેટમાં રમ્યા હતા. ■

# 'એ ભાઈ, ગાર્ડન મેં ઘૂમ રહા હૈ ક્યા?': સિરાજ અવરોધ માટે જવાબદાર સુરક્ષા કર્મચારી પર ક્રોધિત




કૅનબેરાઃ અહીં રવિવારે ઑસ્ટ્રેલિયાના પાટનગર કૅનબેરામાં પ્રાઇમ મિનિસ્ટર્સ ઇલેવન સામેની પ્રૅક્ટિસ મૅચમાં ભારતનો પેસ બોલર મોહમ્મદ સિરાજે હતાશામાં અને ગુસ્સામાં વાપરેલા શબ્દો ટાળી શક્તો હતો, પરંતુ તેણે જે બળાપો બહાર કાઢ્યો એ સમજી શકાય એવો હતો. એનું કારણ એ છે કે ફાસ્ટ બોલર સામાન્ય રીતે બૉલ ફેંકતા પહેલાં રન-અપ પર અચાનક જો અટકી જાય તો તેને ઈજા થઈ શકે છે અને આવા કિસ્સા ભૂતકાળમાં બની ચૂક્યા છે.

વાત એમ છે કે પ્રાઇમ મિનિસ્ટર્સ ઇલેવનના ઓપનિંગ બૅટર મૅટ રેન્શૉએ બૅટિંગ માટે સ્ટાન્સ લઈ લીધું હતું અને સિરાજે રન-અપ પર દોડવાનું પણ શરૂ કરી દીધું હતું. સિરાજની ઓવરનો એ પાંચમો બૉલ હતો. રન-અપ શરૂ કરી દીધો હોય ત્યારે અધવચ્ચે અટકવું પડે તો કોઈ પણ પેસ બોલરનો પિત્તો જાય. પછી ભલે એનું કારણ સાઇટ-સ્ક્રીન હોય કે બૅટર અન્ય કોઈ કારણસર એકાગ્રતા ગુમાવી બેઠો હોય અથવા વિઘ્ન અનુભવતો હોય.

રેન્શૉને ફેંકેલા સિરાજના ઉપરાઉપરી ત્રણ ડૉટ-બૉલ હતા અને સિરાજ વધુ એક બૉલ ફેંકવા દોડ્યો, પરંતુ રેન્શૉ છેલ્લી ઘડીએ ક્રીઝમાં પોતાની જગ્યા પરથી હટી ગયો હતો. કારણ એ હતું કે એક સિક્યૉરિટી ગાર્ડ સાઇટ-સ્ક્રીનની આગળ આંટા મારી રહ્યો હતો અને એટલે જ રેન્શૉએ એકાગ્રતાભંગ થતાં ક્રીઝમાંથી હટી જવું પડ્યું હતું.

જોકે ક્રોધે ભરાયેલા સિરાજથી રહેવાયું નહીં અને પેલા સુરક્ષા કર્મચારી માટે બોલ્યો, 'એ ભાઈ, ગાર્ડન મેં ઘૂમ રહા હૈ ક્યા?'

સિરાજની આ કમેન્ટ તરત જ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગઈ હતી.

મીડિયા-યુઝર્સ રોહિત શર્માની કમેન્ટ્સથી પરિચિત છે જ. આ વર્ષની શરૂઆતમાં ઇંગ્લૅન્ડ સામેની સિરીઝ દરમ્યાન રોહિત શર્માની આવી જ એક કમેન્ટ રેકૉર્ડ થઈ હતી અને પછી વાયરલ થઈ હતી. રોહિતની ટિપ્પણીમાં પણ 'ગાર્ડન' શબ્દ વપરાયો હતો એટલે સોશિયલ મીડિયાએ રોહિત પછી હવે સિરાજની કમેન્ટવાળી ઘટનાને પણ દરેક યુઝર સુધી પહોંચાડી દીધી. ■



**દેહરાદૂનમાં મલખંબના દાવપેચઃ** ગઈ કાલે દેહરાદૂનમાં ખેલ મહાકુંભ દરમ્યાન વિદ્યાર્થીઓએ મલખંબના દાવપેચ બતાવીને સૌને ચોંકાવી દીધા હતા. (પીટીઆઇ)

# એક કરોડવાળો ૧૩ વર્ષનો વૈભવ સૂર્યવંશી એક જ રનમાં આઉટ!: હવે આજે જાપાન સામે કસોટી

## ▸ શનિવારે જાપાન સામે યુએઇને ભારતીય મૂળના ખેલાડીઓએ વિજય અપાવ્યો



દુબઇઃ ૧૩ વર્ષની ઉંમરના બિહારના પ્રતિભાશાળી જુનિયર ક્રિકેટર વૈભવ સૂર્યવંશીને રાજસ્થાન રોયલ્સે હજી છ દિવસ પહેલાં આઈપીએલ-ઑક્શનમાં ૧.૧૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો અને પાકિસ્તાન સામેની શનિવારની એશિયા કપ અન્ડર-૧૯ વન-ડે મૅચમાં તેની પાસે મોટી ઇનિંગ્સની આશા રખાઈ હતી, પણ તે ફક્ત એક રન બનાવ્યા બાદ વિકેટ ગુમાવી બેઠો હતો.

શનિવારે દુબઈમાં એશિયા કપની પ્રથમ લીગ મૅચમાં ભારતનો પાકિસ્તાન સામે રોમાંચક મુકાબલામાં ૪૩ રનથી પરાજય થયો હતો. ખરેખર તો ભારતીય ટીમ લડત આપ્યા પછી પરાજિત થઈ હતી.

પાકિસ્તાને બૅટિંગ લીધા બાદ ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૮૧ રન બનાવ્યા હતા જેમાં શાહઝૈબ ખાનના ૧૫૯ રન સામેલ હતા. ભારત વતી સમર્થ નાગરાજે ત્રણ તેમ જ મુંબઈના આયુષ મ્હાત્રેએ બે વિકેટ લીધી હતી.

ભારતીય ટીમ લડત આપ્યા બાદ ૪૭.૧ ઓવરમાં ૨૩૮ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી જેમાં એક માત્ર નીખિલ કુમારની હાફ સેન્ચુરી (૬૭ રન) સામેલ હતી.

ઓપનર વૈભવ સૂર્યવંશી ટૅલન્ટેડ બૅટર છે. જોકે શનિવારની મૅચમાં તે નવમા બૉલ પર આઉટ થઈ ગયો હતો. ભારતની કુલ નવ વિકેટ લેનાર અલી રઝાના બૉલ પર તે કૅપ્ટન-વિકેટકીપર સાદ બૈગના હાથમાં કૅચઆઉટ થયો હતો. મુંબઈના ઓપનર આયુષ મ્હાત્રે (૨૦ રન) પછી વૈભવ પણ ૨૮ રનના ટીમ-સ્કોર પર આઉટ થઈ ગયો હતો.

ભારતે આ ટૂર્નામેન્ટમાં દસમાંથી આઠ વખત ફાઇનલ જીતીને ટ્રોફી પર કબજો કર્યો છે એટલે ભારત આ વખતે પણ ચૅમ્પિયનપદ માટે ફેવરિટ છે. મોહમ્મદ અમાન ભારતનો કેપ્ટન છે.

આ સ્પર્ધામાં ભારતના ગ્રૂપ 'એ'માં યુએઇ તથા જાપાન પણ છે. ગ્રૂપ 'બી'માં શ્રીલંકા, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અને નેપાળ સામેલ છે. હવે ભારતની મૅચ આજે (સવારે ૧૦.૩૦ વાગ્યાથી) જાપાન સામે રમાશે. જાપાનનો શનિવારે યુએઇ સામે ૨૭૩ રનથી કારમો પરાજય થયો હતો. યુએઇએ ભારતીય મૂળના આર્યન સક્સેનાના ૧૫૦ રનની મદદથી સાત વિકેટે ૩૨૫ રન બનાવ્યા હતા જેના જવાબમાં જાપાનની ટીમ માત્ર બાવન રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય મૂળના ઉદીશ સુરીએ માત્ર બે રનમાં ચાર વિકેટ લઈને તરખાટ મચાવ્યો હતો. તેની ૫.૧ ઓવરમાંથી ત્રણ ઓવર મેઇડન હતી. બાંગ્લાદેશ અને શ્રીલંકા પોતાની પહેલી બન્ને લીગ મૅચ જીતી ચૂક્યા છે. ■

# બૅડમિન્ટનમાં ભારતીય મહિલા ખેલાડીઓએ ચીની હરીફોને ધૂળ ચટાડી

## ▸ સિંધુની બે વર્ષ બાદ પ્રથમ ટ્રૉફી, ટ્રિશા-ગાયત્રીનું ઐતિહાસિક ટાઇટલઃ લક્ષ્ય સેન પણ બન્યો ચૅમ્પિયન



સિંધુએ ચીનની વુ લુઓ યુને સ્ટ્રેઇટ ગેમમાં હરાવી દીધી હતી. (પીટીઆઇ)




મહિલા ડબલ્સમાં ટ્રિશા-ગાયત્રીએ ચીની હરીફોને કારમો પરાજય ચખાડ્યો હતો.




લક્ષ્ય સેન પુરુષોના વર્ગમાં ચૅમ્પિયન બન્યો હતો.

લખનઊઃ બૅડમિન્ટનમાં ભારતના ટૉપ-સીડેડ ખેલાડીઓ પી. વી. સિંધુ અને લક્ષ્ય સેને અહીં રવિવારે સૈયદ મોદી ઇન્ટરનૅશનલ ટૂર્નામેન્ટમાં અનુક્રમે મહિલા અને પુરુષ વર્ગમાં સિંગલ્સનું ટાઇટલ જીતી લીધું હતું. મહિલાઓની ડબલ્સમાં ટ્રિશા જૉલી અને ભારતીય બૅડમિન્ટન લેજન્ડ પુલેલા ગોપીચંદની પુત્રી ગાયત્રી ગોપીચંદની જોડી ચૅમ્પિયન બની હતી. ખાસ કરીને સિંધુએ તેમ જ ટ્રિશા-ગાયત્રીની જોડીએ ચીની હરીફને સ્ટ્રેઇટ ગેમમાં હરાવી હતી.

સિંધુ બે વર્ષ બાદ ફરી એકવાર ટાઇટલ જીતી છે. તેણે ફાઇનલમાં ચીનની વુ લુઓ યુને ૨૧-૧૪, ૨૧-૧૬થી હરાવી દીધી હતી. સિંધુ આ પહેલાં ૨૦૧૭માં અને ૨૦૨૨માં આ ટૂર્નામેન્ટ જીતી હતી. છેલ્લે તે જુલાઈ, ૨૦૨૨માં સિંગાપોર ઓપન જીતી ત્યાર પછી એક પણ ટાઇટલ નહોતી જીતી શકી.

મેન્સમાં ૨૦૨૧ની વર્લ્ડ ચૅમ્પિયનશિપના બ્રૉન્ઝ મેડલિસ્ટ લક્ષ્ય સેને લખનઊમાં રવિવારે ફાઇનલમાં સિંગાપોરના જિઆ હેન્ગ જેસન તેહને ૨૧-૬, ૨૧-૭થી પરાસ્ત કર્યો હતો.

મહિલા ડબલ્સમાં ટ્રિશા-ગાયત્રીએ ચીનની બાઓ લિ જિન્ગ અને લિ કિઆનને ૨૧-૧૮, ૨૧-૧૧થી હરાવીને ખિતાબ જીતી લીધો હતો.

ટ્રિશા-ગાયત્રી આ ટૂર્નામેન્ટની વિમેન્સ ડબલ્સની ટ્રૉફી જીતનારી પ્રથમ ભારતીય જોડી છે.

મેન્સ ડબલ્સની ફાઇનલમાં ભારતના પૃથ્વી ક્રિષ્ણમૂર્તિ રૉય અને સાઇ પ્રતિકની જોડીનો ૭૧ મિનિટ સુધી ભારે લડત આપ્યા બાદ ચીનના હુઆન્ગ દિ અને લિઉ યાન્ગ સામે ૧૪-૨૧, ૨૧-૧૯, ૧૭-૨૧થી પરાજય થયો હતો. મિક્સ્ડ-ડબલ્સની ફાઇનલમાં ધ્રુવ કપિલા અને તનિશા ક્રૅસ્ટોની જોડીનો થાઇલૅન્ડના હરીફો ડેકાપોલ-સુપિસ્સરા સામે ૨૧-૧૮, ૧૪-૨૧, ૮-૨૧થી પરાભવ થયો હતો. ■

# માર્કેટ કેપ ₹ ૧૩.૯૭ લાખ કરોડની વૃદ્ધિ સાથે ₹ ૪૪૬.૬૮ લાખ કરોડના સ્તરે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ભારે અફડાતફડી હોવા છતાં એકંદરે ઇક્વિટી ઇન્વેસ્ટર્સ માટે પાછલું સપ્તાહ નફાકારક રહ્યું હતું. સમીક્ષા હેટળના પાછલા સપ્તાહમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓટો ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે ટેકનોલોજી અને રિયલ્ટી ઈન્ડેક્સ ઘટ્યા હતા. સપ્તાહ દરમિયાન રોકાણકારોની સંપત્તિમાં રૂ.૧૩. ૯૭ લાખ કરોડની વૃદ્ધિ બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૯,૧૧૭.૧૧ના બંધથી ૬૮૫.૬૮ પોઈન્ટ્સ (૦.૮૭ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૧૮ નવેમ્બર અને સોમવારે ૮૦,૧૯૩.૪૭ ખૂલી ૨૭ નવેમ્બરને બુધવારે ઊંચામાં ૮૦,૫૧૧.૧૫ સુધી અને ગુરુવાર ૨૮ નવેમ્બરે નીચામાં ૭૮,૯૧૮.૯૨ સુધી જઈ સપ્તાહ અંતે ૭૯,૮૦૨.૭૯ બંધ રહ્યો હતો.

આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ. ૪૪૬.૬૮ લાખ કરોડ રહ્યું હતું, જે ૨૨ નવેમ્બરના શુક્રવારના અંતે રૂ. ૪૩૨.૭૧ લાખ કરોડ હતું. બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૧.૩૪ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૧.૭૦ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૨.૦૫ ટકા, બીએસઈ મિડકેપ ૨.૩૧ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૪.૯૨ ટકા વધ્યા હતા.

માર્કેટ રેગ્યુલેટર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) પાસે અનબ્લીચ્ડ સિન્થેટિક ગ્રે ફેબ્રિક્સ ઉત્પાદક બોરાના વેવ્સ લિમિટેડે ૭૦ લાખ ઇક્વિટી શેરના ફ્રેશ ઇશ્યુ માટે ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ ફાઇલ કર્યો છે. કંપની સુરત, ગુજરાત ખાતે ગ્રે ફેબ્રિકની ઉત્પાદન ક્ષમતા વિસ્તારવા, નવા એકમની સ્થાપનાની યોજના ધરાવે છે.

બીએસઈ આઈપીઓ ૬.૦૮ ટકા વધ્યો હતો. પ્રાઇમરી માર્કેટમાં હલતલ ચાલુ રહી છે. ટ્રાન્ઝેક્શન એડવાઇઝરી સર્વિસિસ તેમજ ફંડ અને એસેટ મેનેજમેન્ટ ક્ષેત્રની નિસસ ફાઇનાન્સ સર્વિસિસ કો લિમિટેડ રૂ. ૧૧૪.૨૪ કરોડની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે, પ્રાઇસ બેન્ડ રૂ. ૧૭૦થી ૧૮૦ પ્રતિ શેર છે અને ભરણું છઠી ડિસેમ્બરે બંધ થશે.

આ ઉપરાંત એસએમઈ આઈપીઓ ૨.૩૧ ટકા વધ્યો હતો. ઔદ્યોગિક ટાયરના સૌથી મોટા ઉત્પાદક અને નિકાસકાર પૈકી એક એમેરાલ્ડ ટાયર મેન્યુફેક્ચરર્સ લિમિટેડ પાંચમી ડિસેમ્બરે રૂ. ૪૭.૩૭ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે, પ્રાઇસ બેન્ડ શેર દીઠ રૂ. ૯૦થી ૯૫ છે અને ભરણું નવમી ડિસેમ્બરે બંધ થશે. એન્કર બિડિંગ ચોથી ડિસેમ્બરે છે.

સેકટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ ઈન્ફ્રા ૪.૮૭ ટકા, ઓટો ૪.૨૪ ટકા, બેન્કેક્સ ૪.૦૨ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૩.૭ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૭૧ ટકા, હેલ્થકેર ૧.૭ ટકા, આઈટી ૧.૬૨ ટકા, મેટલ ૧.૩૬ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૦૬ ટકા, પાવર ૦.૭૧ ટકા અને પીએસયુ ૦.૩૪ ટકા વધ્યા હતા, જ્યારે ટેક ૦.૫ ટકા અને રિયલ્ટી ૦.૧૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી સૌથી અધિક વધેલી પાંચ સ્ક્રિપ્સમાં અદાણી પોર્ટ્સ ૪.૩૮ ટકા, ભારતી એરટેલ ૩.૫૨ ટકા, લાર્સન એન્ડ ટુબ્રો ૩.૨૬ ટકા, એચડીએફસી બેન્ક ૨.૮૮ ટકા અને સ્ટેટ બેન્ક ૨.૭૪ ટકા વધ્યો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક ઘટેલા પાંચ શેરોમાં એચસીએલ ટેકનોલોજી ૨.૭૧ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૨.૩૯ ટકા, પાવર ગ્રીડ ૨.૨૫ ટકા, ટેક મહિન્દ્ર ૨.૧૧ ટકા અને ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૧.૮૪ ટકા ગબડ્યો હતો. એ ગ્રુપની ૭૨૪ કંપનીઓમાંથી ૬૦૭ સ્ક્રિપ્સના ભાવ વધ્યા, ૧૧૭ સ્ક્રિપ્સના ભાવ ઘટ્યા હતા. બી ગ્રુપની ૧,૧૮૭ કંપનીઓમાંથી ૧,૦૨૨ વધી હતી, ૧૬૪ ઘટી હતી અને એક સ્થિર રહી હતી.

સેન્સેક્સમાંની ૧૩ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૭ ઘટી હતી. બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સમાંની ૬૭ સ્ક્રિપ્સ વધી હતી અને ૩૩ ઘટી હતી. બીએસઈ ૨૦૦ સમાવિષ્ટ ૧૪૯ સ્ક્રિપ્સ વધી અને ૫૧ ઘટી હતી, મિડકેપમાંની ૧૩૨ સ્ક્રિપ્સમાંથી ૧૦૪ વધી, ૨૮ ઘટી હતી. સ્મોલ કેપમાંની ૯૪૫ સ્ક્રિપ્સમાંથી ૮૧૪ વધી હતી, ૧૩૧ ઘટી હતી.

એક્સચેન્જના ડેટા અનુસાર પાછલા સપ્તાહે પણ એફઆઇઆઇની વેચવાલી વધુ રહી હતી.

દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ.૮,૬૪૬.૯૩ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ.૬,૩૦૫.૧૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. ■

# યુએસ જોબ ડેટા અને રિઝર્વ બેન્કની નીતિ પર નજર સાથે બજાર પોઝિટિવ ટોન જાળવતાં રેન્જબાઉન્ડ રહે એવી ધારણા

મુંબઇઃ શેરબજાર માટે આવનારા દિવસો પમ ખાડાટેકરા વાળા પુરવાર થઇ શકે છે. અમેરિકાના જોબ ડેટાથી માંડીને સ્થાનિક ધોરણે રિઝર્વ બેન્કની નીતિ પર નજર સાથે બજાર પોઝિટીવ ટોન જાળવતાં રેન્જબાઉન્ડ રહેવાની ધારણાં છે. જીડીપીના અત્યંત નિરાશાજનક આંકડા અને ઓટો ક્ષેત્રના નિરસ ડેટા સાથે બજાર આજે સપ્તાહની શરૂઆત કરશે. અલબત્ત ક્રૂડ ઓઇલના હાલ સાનુકૂળ રહેલા ભાવ અને યુએસ ડોલર ઇન્ડેક્સ તથા ટ્રેઝરી બિલની યિલ્ડનો ઘટાડો બજારને ટેકો આપશે.

બજારે જોકે તાજેતરના કરેક્શન અને કોન્સોલિડેશન પછી સકારાત્મક સેન્ટિમેન્ટનો સંકેત આપતા, બીજા સપ્તાહે તેજીની ચાલ જાળવીને, ૨૯ નવેમ્બરના રોજ પૂરા થયેલા સમીક્ષા હેઠળના સપ્તાહમાં લગભગ એક ટકા વધ્યું હતું. ભૌગોલિક રાજકીય તણાવ હળવો થવા સાથે નાણાકીય વર્ષ ૨૦૨૫ના બીજા ભાગમાં સરકારી ખર્ચમાં વધારા અને કોર્પોરેટ કમાણીમાં રિકવરીની આશાએ બજારનો મૂડ સુધાર્યો છે. મહારાષ્ટ્ર ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનની મજબૂત જીત, ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો અને એમએસસીઆઇનું રિબેલેન્સીંગ પણ સેન્ટિમેન્ટને ટેકો આપે છે.

બજાર આજે સોમવારે, બજાર સૌપ્રથમ માસિક ઓટો સેલ્સ ડેટા (રવિવારથી શરૂ) પર પ્રતિક્રિયા આપશે અને નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરમાં જીડીપી ઘટીને ૫.૪ ટકાના અનેક ત્રિમાસિક સમયગાળાની નીચી સપાટીએ પડકાયો છે તેની અસર પણ જોવા મળશે. એકંદરે, બજાર સકારાત્મક પૂર્વગ્રહ સાથે રેન્જબાઉન્ડ રહેવાની અપેક્ષા છે, જ્યારે આરબીઆઇ નીતિ, યુએસ જોબ ડેટા, મેન્યુફેક્ચરિંગ અને

**ફોરકાસ્ટ**

**નિલેશ વાઘેલા**

સર્વિસીસ પીએમઆઇ નંબર્સ, ભૌગોલિક રાજકીય વિકાસ અને એફઆઇઆઇના વલણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, એમ નિષ્ણાતોએ જણાવ્યું હતું.

સેન્સેક્સ સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન ૦.૮૭ ટકા વધીને ૭૯,૮૦૩ પર પહોંચ્યો હતો અને નિફ્ટી ઇન્ડેક્સ ૦.૯૪ ટકા વધીને ૨૪,૧૩૧ પર પહોંચ્યો હતો, જ્યારે વ્યાપક બજારોએ બેન્ચમાર્ક સૂચકાંકો કરતાં આઉટપર્ફોર્મ કર્યું હતું કારણ કે નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૨.૫ ટકાનો તેમ જ સ્મોલ કેપ ૧૦૦ ઇન્ડેક્સ પાંચ ટકાનો જોરદાર ઉછાળો નોંધાવ્યો હતો. બજારમાં સ્થિરતા આવતા અઠવાડિયે આવનારા આર્થિક ડેટાની સ્થિરતા પર નિર્ભર રહેશે, જ્યારે રોકાણકારાના સેન્ટિમેન્ટ પર આરબીઆઈની આગામી નાણાકીય નીતિની મોટી અસર જોવા મળશે, એમ જિયોજીત ફાઇનાન્શિયલ સર્વિસિસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. અન્ય આર્થિક સૂચકાંકો જેવા કે સર્વિસ અને મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ ડેટા, ઓટો સેલ્સ અને યુએસ જોબ ડેટા રોકાણકારોના ધ્યાનને પ્રભાવિત કરશે અને તેના અનુસાર બજારની ગતિને આકાર આપશે. આ અઠવાડિયે, બધાની નજર ચોથીથી છઠી ડિસેમ્બરે યોજાનારી વર્તમાન કેલેન્ડર વર્ષની છેલ્લી નાણાકીય નીતિ સમિતિની બેઠક પર હશે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં વૃદ્ધિમાં મંદી હોવા છતાં, મોટા ભાગના નિષ્ણાતો રેપો રેટમાં કોઈ ફેરફારની અપેક્ષા રાખતા નથી, કારણ કે ફુગાવો આરબીઆઈના ચાર ટકાના લક્ષ્યાંક કરતાં ઘણો વધી ગયો છે, જે ઓક્ટોબર માટે ૬.૨૧ ટકા હતો જે અગાઉના મહિનામાં ખાદ્યપદાર્થોના ઊંચા ભાવને કારણે ૫.૪૯ ટકા હતો. તેમના મતે વ્યાજ દરમાં ઘટાડો ફેબ્રુઆરી અથવા એપ્રિલની પોલિસી બેઠકમાં શરૂ થઈ શકે છે. એકંદરે રેટ કટ સાયકલની શરૂઆત માટેની સમયરેખા અને મધ્યસ્થ બેંક દ્વારા વૃદ્ધિની આગાહીના સંદર્ભમાં કોમેન્ટરી જોવાની ચાવી છે.મધ્ય પૂર્વમાં તણાવ ઘટવાની આશાએ ગયા અઠવાડિયે ભાવમાં તીવ્ર ઘટાડાથી ભારતીય ઇક્વિટી બજારો માટે સહાયક ભૂમિકા ભજવી હોવાથી તેલની કિંમતો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ભારત ચોખ્ખું તેલ આયાતકાર દેશ છે અને તેલના ભાવમાં કોઈપણ ઘટાડો સામાન્ય રીતે આવતા ક્વાર્ટરમાં ભારતીય કોર્પોરેટ્સના ઓપરેટિંગ ડેટાને વેગ આપે છે. બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ, આંતરરાષ્ટ્રીય ઓઇલ બેન્ચમાર્ક, સપ્તાહ દરમિયાન ૩.૮૨ ટકા ઘટીને ૭૨.૩ ડોલર પ્રતિ બેરલ બોલાઈ ગયો, જે તમામ કી મૂવિંગ એવરેજથી નીચે ટ્રેડિંગ કરે છે, જે એક સકારાત્મક સંકેત છે. ૨૦૨૫માં ઇન્ટરનેશનલ એનર્જી એજન્સી દ્વારા વધારાની સપ્લાયની અપેક્ષાએ પણ ઓઇલના ભાવ પર ભાર મૂક્યો હતો.

નિષ્ણાતો અપેક્ષા રાખે છે કે આગામી સપ્તાહમાં ક્રૂડમાં મંદી પૂર્વગ્રહ સાથે ભાવ અસ્થિર રહેશે. સ્થાનિક મોરચે, બજારના સહભાગીઓ નવેમ્બર માટે બીજી ડિસેમ્બરના રોજ એચએસબીસી મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ ફાઈનલ નંબર્સ અને ચોથી ડિસેમ્બરના રોજ એચએસબીસી સર્વિસિસ પીએમઆઈ ડેટા પર ધ્યાન કેન્દ્રિત કરશે. પ્રારંભિક અંદાજ મુજબ, ફાઈનલ પ્રિન્ટથી નવેમ્બરમાં મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ ઘટીને ૫૭.૩ થઈ ગયો. ઑક્ટોબરમાં ૫૭.૫ હતો, જ્યારે સેવાઓનો પીએમઆઇ ઑક્ટોબરમાં ૫૮.૫ના અંતિમ આંકડાથી વધીને ૫૯.૨ થયો હતો. એક માર્કેટ એનાલિસ્ટે કહ્યું હતું કે, તાજેતરની રેલી માત્ર બાઉન્સ છે અને તેનાથી વધુ કંઈ નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઘણા નકારાત્મક પરિબળો મુખ્યત્વે એફઆઇઆઇનું વેચાણ હજુ પણ નિયંત્રણમાં નથી. આવી સ્થિતિમાં રોકાણકારોએ બજારમાં પ્રવેશતા પહેલા નિર્ણાયક વલણની રાહ જોવી જોઈએ. તેમનું માનવું છે કે આ વર્ષના બાકીના સમયગાળા માટે ચાવીરૂપ સ્તરો ૨૩,૫૫૦ અને ૨૪,૩૫૦ છે. જો નિફ્ટી ૨૪,૩૫૦ની સપાટીને પાર કરે છે તો ૨૪,૭૦૦ સુધી તીવ્ર વધારો શક્ય છે. તે જ સમયે, જો તે ૨૩,૫૫૦થી નીચે જાય છે, તો બજારમાં ભારે ઘટાડો જોવા મળશે.

એક અન્ય સ્ટોક બ્રોકરે જણાવ્યું હતું કે નિફ્ટી માટે તાત્કાલિક સપોર્ટ ૨૩,૮૦૦ અને ૨૩,૬૮૦ પર છે જે મજબૂત ફિબોનાકી સ્તરની આસપાસ છે. આ સ્તર સંભવિત વલણ રિવર્સલ પોઈન્ટ તરીકે કાર્ય કરી શકે છે. ૨૪,૩૫૦ પર નિફ્ટી માટે અપસાઇડ પર તાત્કાલિક પ્રતિકાર દેખાય છે. જો તે આ સ્તરથી ઉપર જશે તો નિફ્ટી ૨૪,૮૦૦ અને પછી ૨૫,૦૦૦ સુધી જઈ શકે છે. ■

# કારના વેચાણ પર નેગેટિવ અસર રહેશે

મુંબઇઃ બજારની નજર ડિસેમ્બરના આવનારા ઑટો વેચાણ આંકડાઓ પર છે. નોમુરાના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે, કે વધારે ડિસ્કાઉંટ અને નબળી ડિમાંડની અસર ફોર વ્હીલર નકારાત્મક અસર પર યથાવત રહી શકે છે. નવેમ્બરમાં જોકે ટુ-વ્હીલર હોલસેલ વેચાણ વર્ષના આધાર પર ત્રણ ટકા વધી શકે છે.

જોકે ગ્રામીણ ક્ષએત્રે રૂરલ સેન્ટિમેન્ટમાં સુધારો થવાથી ટ્રેક્ટરની ડિમાંડમાં વધારો થવો સંભવ છે. સારા વરસાદથી રૂરલમાં ટ્રેક્ટર ડિમાંડમાં સુધારો જોવાને મળી શકે છે. જ્યારે ઓછા બેઝના ચાલતા કમર્શિઅલ વ્હીકલ્સના વેચાણમાં વર્ષના આધાર પર ૧૦ ટકા ગ્રોથ સંભવ છે.

નોમુરાનું કહેવું છે કે નવેમ્બર ૨૦૨૪માં અશોક લેલેન્ડનું વેચાણ ૧૪૩૦૦ યુનિટ થઈ શકે છે. કંપનીએ નવેમ્બર ૨૦૨૩માં ૧૪૦૫૩ વાહનોનું વેચાણ કર્યું હતું. આ રીતે કંપનીના વેચાણમાં વાર્ષિક ધોરણે ૧.૮ ટકાનો વધારો જોવા મળી શકે છે.

જ્યારે નવેમ્બરમાં ટાટા મોટર્સનું વેચાણ વાર્ષિક ધોરણે ૭૪૧૭૨ યુનિટથી ઘટીને ૭૩૦૦૦ યુનિટ થઈ શકે છે. કંપની વાર્ષિક ધોરણે વેચાણમાં ૧.૬ ટકાનો ઘટાડો જોઈ શકે છે. નવેમ્બર ૨૦૨૪માં મારુતિના વેચાણમાં વાર્ષિક ધોરણે ૮.૬ ટકાનો વધારો જોવા મળી શકે છે અને તે નવેમ્બર ૨૦૨૩માં ૧૬૪૪૩૯ યુનિટથી વધીને ૧૭૮૫૦૦ યુનિટ થઈ શકે છે.

હ્યુન્ડાઇનું વેચાણ ઘટ્યું હોવાના અહેવાલ આવ્યા છે, આ રિપોર્ટ જારી થતાં પહેલા નોમુરાએ નવેમ્બર ૨૦૨૪માં હ્યુન્ડાઇના વેચાણ માટે ૬૪૦૦૦નો અંદાજ મુક્યો હતો. આ કંપનીએ નવેમ્બર ૨૦૨૩માં ૬૫૮૦૦ વાહનોનું વેચાણ કર્યું હતું. કંપની વાર્ષિક ધોરણે વેચાણમાં ૨.૭ ટકાનો ઘટાડો જોઈ શકે છે.

રિપોર્ટમાં જણાવાયું હતુ કે ઉક્ત સમયગાળા દરમિયાન, એમએન્ડએમ ઓટોનું વેચાણ વાર્ષિક ધોરણે ૧૪.૮ ટકા વધવાની અપેક્ષા છે. ■

# એલઆઇસીના માર્કેટ કેપમાં ₹ ૬૦,૬૫૬ કરોડનો વધારો, જ્યારે ઈન્ફોસિસનું મૂલ્ય ₹ ૧૮,૪૭૭ કરોડ ઘટ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાછલા સપ્તાહે ટોચની ૧૦ સૌથી વેલ્યૂએબલ કંપનીઓમાંથી નવના કમ્બાઇન્ડ માર્કેટ વેલ્યૂએશન રૂ. ૨,૨૯,૫૮૯.૮૬ કરોડનો વધારો થયો હતો. આ સમયગાળા દરમિયાન લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એલઆઇસી) સૌથી વધુ નફો કરતી હતી.

એલઆઇસીની વેલ્યૂએશન રૂ. ૬૦,૬૫૬.૭૨ કરોડથી વધીને રૂ. ૬,૨૩,૨૦૨.૦૨ કરોડ થઈ છે. જ્યારે એચડીએફસી બેન્કની વેલ્યૂએશન રૂ. ૩૯,૫૧૩.૯૭ કરોડ વધીને તેનું માર્કેટ કેપ રૂ. ૧૩,૭૩,૯૩૨.૧૧ કરોડ થયું હતું. જોકે, ઇન્ફોસિસનું માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. ૧૮,૪૭૭.૫૦ કરોડ ઘટ્યું હતું.

ગયા સપ્તાહે (૨૫ થી ૨૯ નવેમ્બર) વચ્ચે સેન્સેક્સ ૬૮૫ પોઈન્ટ ઉછળ્યો હતો. ૨૯ નવેમ્બરે, સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે, સેન્સેક્સ ૭૫૯ પોઈન્ટ (૦.૯૬%) ના વધારા સાથે ૭૯,૮૦૨ પર બંધ થયો હતો. નિફ્ટીમાં ૨૧૬ પોઈન્ટ (૦.૯૧%)નો ઉછાળો આવ્યો હતો, તે ૨૪,૧૩૧ના સ્તરે બંધ થયો હતો.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૬ વધ્યા અને ૪ ઘટ્યા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૪૩ ઊંચકાયા હતા અને ૭ ડાઉન હતા. એનએસઇ રિયલ્ટી અને પીએસયુ સિવાયના તમામ લાભ સાથે બંધ થયા છે. માર્કેટ કેપિટલાઇઝેશન એ કોઈપણ કંપનીના કુલ બાકી શેરનું મૂલ્ય છે, એટલે કે તે તમામ શેર જે હાલમાં તેના શેરધારકો પાસે છે. કંપનીના જારી કરાયેલા શેરની કુલ સંખ્યાને શેરની કિંમત દ્વારા ગુણાકાર કરીને તેની ગણતરી કરવામાં આવે છે.

માર્કેટ કેપિટલાઇઝેશનનો ઉપયોગ કંપનીઓના શેરનું વર્ગીકરણ કરવા માટે રોકાણકારોને તેમની જોખમ પ્રોફાઇલ અનુસાર તેમને પસંદ કરવામાં મદદ કરવા માટે થાય છે. જેમ કે લાર્જ કેપ, મિડ કેપ અને સ્મોલ કેપ કંપનીઓ.

કંપનીના શેરો નફો આપશે કે નહીં તેનો અંદાજ ઘણા પરિબળોને જોઈને લગાવવામાં આવે છે. આ પરિબળોમાંનું એક માર્કેટ કેપ છે. રોકાણકારો માર્કેટ કેપ જોઈને જાણી શકે છે કે કંપની કેટલી મોટી છે.

કંપનીનું માર્કેટ કેપ જેટલું ઊંચું હોય તેટલી સારી કંપની ગણાય. માગ અને પુરવઠા અનુસાર શેરના ભાવ વધે છે અને ઘટે છે. તેથી, માર્કેટ કેપ એ કંપનીનું જાહેરમાં માનવામાં આવતું મૂલ્ય છે.

માર્કેટ કેપના સૂત્ર પરથી તે સ્પષ્ટ છે કે કંપનીના શેરની કિંમત દ્વારા શેરની કુલ સંખ્યાને ગુણાકાર કરીને તેની ગણતરી કરવામાં આવે છે. એટલે કે જો શેરની કિંમત વધે તો માર્કેટ કેપ પણ વધશે અને જો શેરના ભાવ ઘટશે તો માર્કેટ કેપ પણ ઘટશે. ■

# જીડીપી વૃદ્ધિ તળિયે જતાં વ્યાજ દરનો નિર્ણય આરબીઆઇ માટે કસોટી સમાન

મુંબઈ : વર્તમાન નાણાં વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિકમાં દેશનો આર્થિક વિકાસનો (જીડીપી) વૃદ્ધિ દર ઘટીને આવ્યો છે જ્યારે ફુગાવો હજુપણ ઊંચો પ્રવર્તી રહ્યો છે ત્યારે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) ડિસેમ્બરની બેઠકમાં વ્યાજ દર અંગે કેવો અભિગમ અપનાવે છે તેના પર બજારની નજર રહેલી છે. ઊંચા ફુગાવાને ધ્યાનમાં રાખતા આરબીઆઈ હજુપણ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવશે તેવો પણ એક મત પ્રવર્તી રહ્યો છે.

દેશનો ઓકટોબરનો રિટેલ ફુગાવો આરબીઆઈની ચાર ટકાની મર્યાદા ઉપરાંત છ ટકાથી વધુ રહી ૬.૨૦ ટકા રહ્યો છે, ત્યારે આરબીઆઈની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી) વ્યાજ દર ઘટાડવાની પ્રક્રિયા શરૂ કરશે નહીં, પછી ભલે જીડીપી વૃદ્ધિ દર ઘટીને આવ્યો હોય એમ એક બેન્કરે જણાવ્યું હતું. એકતરફ ઊંચા ફુગાવા તથા બીજી બાજુ જીડીપીના નીચી વૃદ્ધિને જોતા ચોથીથી છઠી ડિસેમ્બર દરમિયાન યોજાનારી એમપીસી બેઠકમાં સભ્યો વચ્ચે મતમતાંતર જોવા મળવાની સંભાવના રહેલી છે. સપ્ટેમ્બર ત્રિમાસિકનો જીડીપી વૃદ્ધિ દર ઘટીને ૫.૪૦ ટકા સાથે સાત ત્રિમાસિકની નીચી સપાટીએ રહ્યો છે, જ્યારે અપેક્ષા ૬.૬૦ ટકા રખાતી હતી. રિઝર્વ બેન્કે સાત ટકાની અપેક્ષા રાખી હતી.

ઉત્પાદન, માઈનિંગ તથા બાંધકામ ક્ષેત્રે પ્રવૃત્તિ મંદ રહેતા જીડીપી પર અસર પડી હોવાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું. રિઝર્વ બેન્ક માર્ચ ૨૦૨૫માં રેપો રેટ ઘટાડશે અને જૂન સુધીમાં રેપો રેટમાં અડધા ટકા સુધીનો ઘટાડો જોવા મળશે એમ ગોલ્ડમેન સાચ્સ દ્વારા અગાઉ જણાવાયું હતું. નાણાં પ્રધાન નિર્મલા સીતારામન તથા વાણિજ્ય પ્રધાન પિયુષ ગોયલ વ્યાજ દરમાં કપાત માટે આગ્રહ ધરાવી રહ્યા છે, તેને ધ્યાનમાં રાખતા એમપીસી સાવચેતીપૂર્ણ ઘટાડો કરે તો નવાઈ નહીં. ■

# ઇન્ડેક્સ ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ્સના એક્સપાયરી દિવસમાં ફેરફાર આવતા મહિનાથી અમલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ એનએસઇએ ઇન્ડેક્સ ડેરિવેટિવ કોન્ટ્રેક્ટના સમાપ્તીના દિવસો બદલ્યા છે. એક્સચેન્જે આ ફેરફારો અંગે જારી કરેલા પરિપત્ર અનુસાર, જે કોન્ટ્રાક્ટની મુદત પૂરી થવાના દિવસો બદલવામાં આવ્યા છે તેમાં બેંક નિફ્ટીની માસિક અને ત્રિમાસિક સમાપ્તી અને ફિન નિફ્ટી, મિડકેપ નિફ્ટી અને નિફ્ટી નેક્સ્ટ ફિફ્ટીના માસિક કોન્ટ્રાક્ટની સમાપ્તીનો સમાવેશ થાય છે.

નવા ફેરફારો નવા વર્ષથી અમલમાં આવશે. એનએસઇએ પરિપત્ર દ્વારા માહિતી આપી છે કે બેન્ક નિફ્ટીના માસિક અને ત્રિમાસિક કરારની સમાપ્તી હવે મહિનાના છેલ્લા બુધવારને બદલે ગુરુવારે થશે. જ્યારે ફિન નિફ્ટીના માસિક કોન્ટ્રાક્ટની એક્સપાયરી હવે મહિનાના છેલ્લા મંગળવારને બદલે ગુરુવારે થશે.

આ સાથે, મિડકેપ નિફ્ટી માસિક કોન્ટ્રાક્ટની સમાપ્તી હવે મહિનાના છેલ્લા સોમવારને બદલે ગુરુવારે થશે. ઉપરાંત, નિફ્ટી નેક્સ્ટ ફિફ્ટી માસિક કોન્ટ્રાક્ટની એક્સપાયરી હવે મહિનાના છેલ્લા શુક્રવારને બદલે ગુરુવારે થશે. એક્સચેન્જ અનુસાર, નિફ્ટીના માસિક, સાપ્તાહિક, ત્રિમાસિક અને અર્ધવાર્ષિક કોન્ટ્રાક્ટના સમાપ્તિ દિવસોમાં કોઈ ફેરફાર થશે નહીં.

નોંધવું રહ્યું કે, આ પરિપત્ર પહેલી જાન્યુઆરી, ૨૦૨૫થી અમલમાં આવશે. એટલે કે આ દિવસથી તમામ કોન્ટ્રાક્ટના એક્સપાયરી ડેઝ પરિપત્રમાં જાહેર કરાયેલા દિવસો પ્રમાણે બદલાશે. એક્સચેન્જ અનુસાર, આ ફેરફાર સિવાય ઈન્ડેક્સ ડેરિવેટિવ્ઝ માટેના કોન્ટ્રાક્ટ સ્પેસિફિકેશનમાં અન્ય કોઈ ફેરફાર થશે નહીં.

એક્સ્ચેન્જે આપેલી માહિતી મુજબ, બીજી જાન્યુઆરી, ૨૦૨૫ના સોદાઓ અનુસાર, બેંક નિફ્ટીના નજીકના મહિનાના કરારની સમાપ્તી ૨૯ જાન્યુઆરી ૨૦૨૫ના બદલે ૩૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ થશે, મધ્ય મહિનાના કરારની સમાપ્તી ૨૬ ફેબ્રુઆરીને બદલે ૨૭ ફેબ્રુઆરી થશે.

જ્યારે ફાર મન્થ એક્સપાઇરી કોન્ટ્રાક્ટ ૨૬ માર્ચને બદલે ૨૭ માર્ચે પૂરો થશે અને ત્રિમાસિક કરારની સમાપ્તી ૨૬મી જૂન, ૨૫મી સપ્ટેમ્બર અને ૨૪મી ડિસેમ્બર (૨૫મી ડિસેમ્બર રજા હોવાને કારણે) ૨૦૨૫માં થશે.

ફિન નિફ્ટીનો એનએમ કોન્ટ્રાક્ટ ૨૮ જાન્યુઆરીને બદલે ૩૦ જાન્યુઆરીએ સમાપ્ત થશે, એમએમ કોન્ટ્રાક્ટ ૨૫ ફેબ્રુઆરીને બદલે ૨૭ ફેબ્રુઆરીએ અને એફએમ કોન્ટ્રાક્ટ ૨૫ માર્ચને બદલે ૨૭ માર્ચે સમાપ્ત થશે.

મિડકેપ નિફ્ટીના એનએમ કોન્ટ્રાક્ટની એક્સપાયરી ૨૭મી જાન્યુઆરીના બદલે ૩૦મી જાન્યુઆરીએ થશે, એમએમ કોન્ટ્રાક્ટની એક્સપાયરી ૨૪મી ફેબ્રુઆરીને બદલે ૨૭મી ફેબ્રુઆરીએ થશે અને એફએમ કોન્ટ્રાક્ટની એક્સપાયરી ૩૧મી માર્ચને બદલે ૨૭મી માર્ચે થશે.

એ જ રીતે, નિફ્ટી નેક્સ્ટ ફિફ્ટીના એનએમ કોન્ટ્રાક્ટની એક્સપાયરી ૩૧ જાન્યુઆરીને બદલે ૩૦ જાન્યુઆરીએ થશે, એફએમ કોન્ટ્રાક્ટની એક્સપાયરી ૨૮ ફેબ્રુઆરીને બદલે ૨૭ ફેબ્રુઆરીએ થશે અને એફએમ કોન્ટ્રાક્ટની એક્સપાયરી ૨૮ માર્ચને બદલે ૨૭ માર્ચે થશે. ■

# નવા નિયમો અંતર્ગત સ્ટોક બ્રોકર્સ માટે ઓપ્શન પ્રીમિયમ્સ અપફ્રન્ટ કલેકશન ફરજિયાત બનશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ : મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ (એફએન્ડઓ) સેગમેન્ટમાં નવા નિયમો સહિત મુખ્ય છ પગલાનો અમલ ૨૧, નવેમ્બર ૨૦૨૪થી શરૂ કરી દીધો છે.

બજારના સહભાગીઓના પ્રતિસાદના આધારે અને નિષ્ણાત કાર્યકારી ગ્રુપ અને સેકન્ડરી માર્કેટ એડવાઈઝરી કમિટી દ્વારા સમીક્ષા બાદ સેબીએ ન્યુનતમ કોન્ટ્રેક્ટ મૂલ્ય અગાઉના રૂ. પાંચથી રૂ. ૧૦ લાખની રેન્જથી વધારીને રૂ.૧૫ લાખ કર્યું છે. આ એડજસ્ટમેન્ટથી નવા રજૂ કરવામાં આવેલા એફએન્ડઓ કોન્ટ્રેક્ટસના લોટ સાઈઝને અસર થશે, જે હવે રૂ.૧૫ લાખથી રૂ.૨૦ લાખની રેન્જમાં આવશે. ઉલ્લેખનીય છે કે, સેબીના પહેલી ઓકટોબર ૨૦૨૪ના સર્ક્યુલરમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, ડેરિવેટીવ્ઝ કોન્ટ્રાક્ટની રજૂઆતના સમયે ન્યુનતમ મૂલ્ય રૂ.૧૫ લાખ હશે, જેમાં સમીક્ષા દરમિયાન કોન્ટ્રેક્ટનું મૂલ્ય રૂ.૧૫ લાખથી રૂ.૨૦ લાખ વચ્ચે રહે તે સુનિશ્ચિત કરવા માટે લોટ સાઈઝ નક્કી કરવામાં આવી છે.

ડેરિવેટીવ્ઝ ટ્રેડીંગમાં કરેલા મુખ્ય ફેરફારો આ મુજબ છેઃ-

(૧)વિકલી એક્સપાયરીમાં ઘટાડોઃ હવે ઈન્ડેક્સ ડેરિવેટીવ્ઝ કોન્ટ્રેક્ટ્સ માટે વિકલી એક્સપાયરી દરેક એક્સચેન્જ માટે દીઠ માત્ર એક બેન્ચમાર્ક ઈન્ડેક્સ રહેશે, વધારે પડતાં સટ્ટાકીય ટ્રેડીંગને અંકુશમાં લેવા અને નેકેડ ઓપ્શન સેલિંગ અથવા અનકવર્ડ જોખમોને મર્યાદિત કરવાનો ઉદ્દેશ છે.

(૨) કોન્ટ્રેક્ટસ સાઈઝમાં વધારોઃ ડેરિવેટીવ્ઝ માટે ન્યુનતમ કોન્ટ્રેક્ટ મૂલ્ય રૂ.પાંચથી રૂ. ૧૦ લાખથી વધારીને રૂ.૧૫ લાખ કરવામાં આવશે, જેના થકી ઓછી ક્ષમતાના નાના ટ્રેડરોને દૂર કરી જોખમ ઉઠાવી શકે એવા લોકો જ આ જોખમી સેગ્મેન્ટમાં ટ્રેડીંગ કરી શકે. આ કોન્ટ્રેક્ટનું મૂલ્ય આગળ જતાં રૂ.૧૫ લાખથી રૂ. ૨૦ લાખની રેન્જમાં એડજસ્ટ કરાશે.

(૩) અતિરિક્ત માર્જિનની આવશ્યકતાઃ બજારમાં અસાધારણ અફડાતફડીથી રોકાણકારોને રક્ષણ માટે સેબી એક્સપાયરીના તમામ ઓપન શોર્ટ ઓપ્શન્સ પર બે ટકા વધારાનું એક્સ્ટ્રીમ લોસ માર્જિન (ઈએલએમ) લાગુ કરશે. જેનાથી ટેઈલ રિસ્ક કવરેજમાં વધારો થશે, જે ખાસ ઉંચા વોલ્યુમના સમયગાળા દરમિયાન વધારો થશે.

(૪)પ્રીમિયમનું અપફ્રન્ટ એકત્રીકરણઃ પહેલી ફેબ્રુઆરી ૨૦૨૫થી બ્રોકરોએ ઓપ્શન પ્રીમિયમ્સ અપફ્રન્ટ એકત્ર કરવું જરૂરી રહેશે, આ ફેરફારથી ઈન્ટ્રા-ડે વધારે પડતાં લિવરેજને નિરૂત્સાહી કરવાનો ઉદ્દેશ છે અને રોકાણકારો તેમની પોઝિશનને કવર કરવા પર્યાપ્ત કોલેટરલ ધરાવે છે એની ખાતરી થશે.

(૫)કેલેન્ડર સ્પ્રેડ લાભ નાબૂદઃ કેલેન્ડર સ્પ્રેડની પ્રણાલી, જુદી જુદી મુદ્દતમાં પોઝિશનને ઓફસેટ કરવાની તે જ દિવસે સમાપ્ત થતાં કોન્ટ્રેક્ટસ માટે નાબૂદ કરવામાં આવશે. આ પગલાનો હેતુ એક્સપાયરીના દિવસોમાં સટ્ટાકીય ટ્રેડીંગ ઘટાડવાનો છે.

(૬) ઈન્ટ્રા-ડે પોઝિશન લિમિટેડ પર નજરઃ પહેલી એપ્રિલ ૨૦૨૫થી શેર બજારો ટ્રેડિંગ દિવસ દરમિયાન ઈક્વિટી ઈન્ડેક્સ ડેરિવેટીવ્ઝ માટે પોઝિશન લિમિટનું નિરીક્ષણ શરૂ કરશે. જે ટ્રેડરોને ધ્યાન બહાર જાય તેવી પોઝિશનની લિમિટને પાર કરતાં અટકાવવામાં મદદરૂપ થશે. ■

# આગામી છ માસિક ગાળામાં જીડીપી વૃદ્ધિમાં સુધારો થવાનો આશાવાદ

નવી દિલ્હી : વર્તમાન નાણાકીય વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)ના વૃદ્ધિ દરમાં તીવ્ર ઘટાડો થયો હોવા છતાં, ભારતીય કોર્પોરેટ જગતને વિશ્વાસ છે કે નાણાકીય વર્ષના બીજા ભાગમાં વૃદ્ધિ દર ઝડપી બનશે.

નાણાકીય વર્ષ ૨૦૨૫ના બીજા ક્વાર્ટર માટે જીડીપીના આંકડા ચોમાસાની અસ્પષ્ટતા તેમજ શહેરી વિસ્તારોમાં અપેક્ષિત કરતાં ધીમી વપરાશ વૃદ્ધિ દર્શાવે છે. રિટેલ અને માઈનિંગ અને ઓટોમોબાઈલ સહિત તમામ ઉદ્યોગોમાં તેની અસર જોવા મળી છે. શહેરી માંગ ઓછી છે પરંતુ ગ્રામીણ માગમાં સુધારો જોવા મળી રહ્યો છે.

સરકાર દ્વારા મૂડી ખર્ચમાં અપેક્ષિત વૃદ્ધિ, તહેવારોની મોસમ દરમિયાન માગમાં વધારો અને ગ્રામીણ બજારોમાં સ્થિર માગ આગામી સમયમાં અપેક્ષિત છે. મહિનાઓ પછીના ક્વાર્ટર અને નાણાકીય વર્ષ ૨૦૨૫માં વધુ સારા આંકડા જોવા મળે તેવી શક્યતા છે.

કેટલીક કંપનીઓના સીઈઓએ ધીમા વલણ અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે જો કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક રહેશે, પરંતુ તે ચીનની જેમ બે આંકડામાં વૃદ્ધિ કરી શકશે નહીં. ભારતનો વિકાસ દર ૬ થી ૭ ટકાની આસપાસ રહેવાની શક્યતા છે અને આ વધુ ટકાઉ અને વાસ્તવિક અપેક્ષા છે. આપણે આ સ્વીકારવાની જરૂર છે અને તે મુજબ વિસ્તરણનું આયોજન કરવું જોઈએ.

ઉદ્યોગોએ જીડીપી ડેટાનું વિશ્લેષણ કરવું જોઈએ. જીડીપીના આંકડા ગ્રાહક ખર્ચ અથવા પાયાના સ્તર પર નોંધપાત્ર અસર કરે તેવી અપેક્ષા નથી. આગામી બે ક્વાર્ટરમાં ૫૦ લાખ લગ્નો પર લગભગ ૬ લાખ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે અને આ પૈસા આખરે અર્થતંત્રમાં પાછા આવશે. ભારતમાં લાંબા ગાળાના વપરાશનું વલણ સકારાત્મક છે. વર્તમાન નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળાના જીડીપી ડેટા દર્શાવે છે કે રોકાણમાં તીવ્ર ઘટાડો થયો છે કારણ કે ચૂંટણીના કારણે વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં સરકારનો મૂડી ખર્ચ ઓછો હતો. ખાનગી વપરાશ પણ ધીમો રહ્યો હતો. ■

## તોફાન પહેલાની શાંતિ?

# શિંદે ફરી એક્ટિવ મોડમાં

### હેલિપેડ પર જ કેસરકર સાથે વન-ઓન-વન ચર્ચા: કોઈ મોટો નિર્ણય લે એવી વકી



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: રાજ્યમાં વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિને મોટી સફળતા મળી છે. વિધાનસભાના પરિણામોને એક અઠવાડિયાથી વધુ સમય વીતી ગયો છે. તે પછી પણ રાજ્યના મુખ્ય પ્રધાન કોણ? એનો જવાબ મળ્યો નથી. બીજી તરફ મુખ્ય પ્રધાનના શપથગ્રહણની તારીખ પણ જાહેર કરવામાં આવી છે. આ તમામ પ્રક્રિયામાં દેશના રાજકારણનું ધ્યાન કાર્યવાહક મુખ્ય પ્રધાન એકનાથ શિંદે તરફ ગયું છે.

એકનાથ શિંદે દિલ્હીથી સીધા સાતારાના ડેરેગાંવમાં આવેલા તેમના ગામ ગયા હતા. જેના કારણે રાજ્યમાં બે દિવસ સુધી રાજકીય ગતિવિધિઓ

(જુઓ પાનું ૪) ▶▶

## 'દાઢીવાળાને ઓછા આંકવા નહીં'

મુંબઈ: સંજય રાઉતે એકનાથ શિંદેની ગામની મુલાકાત અંગે ટીકા કર્યા બાદ હવે સંજય શિરસાટે તેનો જવાબ આપ્યો છે.

સંજય શિરસાટે ખુલાસો કર્યો હતો કે 'અમને એકનાથ શિંદેના સ્વાસ્થ્યની ચિંતા છે. સોમવારે શિવસેના (શિંદે)ના વિધાનસભ્યોની બેઠક બોલાવી તેઓ શિવસેનાનો એક્શન પ્લાન જણાવશે. મુખ્ય પ્રધાનપદનો મુદ્દો અમારા માટે પૂરો થઈ ગયો છે. મહાયુતિના નેતાઓ સાથે બેસીને નિર્ણય લેશે.'

શિવસેનાના સંસદસભ્ય સંજય રાઉતે એકનાથ શિંદેની કરેલી ટીકા બાબત સંજય શિરસાટે જણાવ્યું હતું કે 'સંજય રાઉતમાં માણસાઈ નથી. શિંદેની તબિયતની ચિંતા કરવાને બદલે તેઓ મેલીવિદ્યાની ભાષા બોલી રહ્યા છે.'

એકનાથ શિંદે જ્યારે દાઢી પર હાથ ફેરવે છે ત્યારે રાજ્યમાં ઊથલપાથલ થાય છે એવું નિવેદન શિરસાટે અગાઉ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે 'કોઈએ દાઢીને હળવાશથી ન લેવી જોઈએ. દાઢીએ વિધાનસભામાં પોતાની કમાલ દેખાડી છે. દાઢીની તાકાત ઓછી ન આંકવી. શિંદેએ એનસીપી (શરદ પવાર), શિવસેના (ઠાકરે) અને કૉંગ્રેસને ખૂણામાં ધકેલી દીધા છે.' ■

# શ્રીકાંત શિંદે મહારાષ્ટ્રના નવા નાયબ મુખ્ય પ્રધાન?

### એકનાથ શિંદેએ ડેરેગાંવમાં આપેલા ઈન્ટરવ્યૂમાં આપ્યો સંકેત



સાતારા: ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ શનિવારે જાહેરાત કરી હતી કે નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ પાંચમી ડિસેમ્બરે યોજાશે. દરમિયાન, મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન કોણ હશે તે હજુ પણ જાહેર કરવામાં આવ્યું નથી. રખેવાળ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ત્રણ દિવસ બાદ પોતાના વતન ડેરેગાંવમાં પત્રકાર પરિષદ યોજીને મોટો સંકેત આપ્યો છે. પત્રકારે પૂછેલા એક સવાલ પર એકનાથ શિંદેના જવાબથી રાજકીય વર્તુળમાં ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે.

મુખ્ય પ્રધાનપદ ભાજપને જશે એવું નક્કી માનવામાં આવી રહ્યું છે, ત્યારે એવી ચર્ચા છે કે એકનાથ શિંદે નાયબ મુખ્ય પ્રધાનપદ સ્વીકારશે નહીં. દરમિયાન, જો કે શિંદે પોતે નાયબ મુખ્ય પ્રધાન નહીં બને, પરંતુ એવા અહેવાલો છે કે તેઓ તેમના પક્ષના અન્ય વ્યક્તિને આ પદ આપી શકે છે. શું શ્રીકાંત શિંદેને નાયબ મુખ્ય પ્રધાન બનાવવામાં આવશે? આ પત્રકારોના સવાલ પર એકનાથ શિંદેએ કહ્યું હતું કે, આ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. તેથી શ્રીકાંત શિંદે માટે નાયબ મુખ્ય પ્રધાનપદ જવાની શક્યતા વધી ગઈ છે.

શિંદેને ગૃહ મંત્રાલય, ઉર્જા પોર્ટફોલિયો આપવાનો ભાજપનો વિરોધ છે, તો બીજી તરફ એકનાથ શિંદે ગૃહ, ઉર્જા, જળ સંસાધન વિભાગનો આગ્રહ રાખી રહ્યા છે. સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે ગૃહ મંત્રાલય પણ મુખ્ય પ્રધાન પાસે રહેશે અને એકનાથ શિંદેને વિકલ્પ તરીકે જાહેર બાંધકામ ખાતું આપવામાં આવશે. દરમિયાન રવિવારની પ્રેસ કોન્ફરન્સમાં એકનાથ શિંદેએ પણ ગૃહપ્રધાનપદને લઈને મોટું નિવેદન આપ્યું છે. શિંદેએ કહ્યું હતું કે, ગૃહપ્રધાનપદની સાથે વિધાનસભા અધ્યક્ષ પદ પર પણ ચર્ચા કરવામાં આવશે. ■

## એકનાથ શિંદેના પ્રેસ કોન્ફરન્સના નિવેદનોનો અર્થ શું છે?

એક પત્રકારે એકનાથ શિંદેને પૂછ્યું હતું કે, શું શ્રીકાંત શિંદેને નાયબ મુખ્ય પ્રધાન બનાવવામાં આવશે? ત્યારે એકનાથ શિંદેએ કહ્યું હતું કે હજુ પણ ચર્ચા ચાલી રહી છે. આનાથી શ્રીકાંત શિંદેના નાયબ મુખ્ય પ્રધાનપદની શક્યતા નકારી શકાતી નથી. એકનાથ શિંદેએ એમ પણ કહ્યું છે કે ગૃહપ્રધાનપદને લઈને ચર્ચા થશે. એકનાથ શિંદે હજુ પણ મુખ્ય પ્રધાનપદને લઈને આશાવાદી છે અને શિંદે પોતાના કામ પર ધ્યાન કેન્દ્રિત કરે છે તેમ તેમ તેમનો દાવો હજુ યથાવત છે. એવા સંકેતો છે કે શિંદે ભાજપ સાથે સખત સોદો કરશે. શપથગ્રહણની તારીખ જાહેર થઈ ગઈ હોવા છતાં, શિંદે હજુ પણ લડાઈ માટે તૈયારી કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ■

## અજિત પવાર જૂથ ન હોત તો શિવસેનાને ૧૦૦ બેઠક મળી હોત: શિંદે-સેના

મુંબઈ: શિવસેનાના વિધાનસભ્ય ગુલાબરાવ પાટીલે રવિવારે એવો દાવો કર્યો હતો કે, જો અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી મહાયુતિનો ભાગ ન હોત તો ૨૦ નવેમ્બરની વિધાનસભા ચૂંટણીમાં એકનાથ શિંદેના નેતૃત્વવાળી પાર્ટીએ ૯૦-૧૦૦ બેઠકો જીતી હોત.

મહાયુતિમાં ભાજપ, શિવસેના અને એનસીપીનો સમાવેશ થાય છે. પવાર ગયા વર્ષે જુલાઈમાં શિંદે સરકારમાં જોડાયા હતા અને તેમને ડેપ્યુટી સીએમ બનાવવામાં આવ્યા હતા.

'અમે માત્ર ૮૫ બેઠકો પર ચૂંટણી લડી હતી. અજીતદાદા વિના, અમે ૯૦-૧૦૦ બેઠકો જીતી શક્યા હોત. શિંદેએ ક્યારેય પૂછ્યું ન હતું કે અજિત

(જુઓ પાનું ૪) ▶▶

## સરકાર રચવામાં વિલંબ મહારાષ્ટ્રનું અપમાન: આદિત્ય

મુંબઈ: શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ રવિવારે દાવો કર્યો હતો કે વિધાનસભા ચૂંટણીના પરિણામોની જાહેરાતના એક સપ્તાહથી વધુ સમય બાદ મુખ્ય પ્રધાન અંગે નિર્ણય લેવામાં અને સરકાર રચવાની મહાયુતિની અસમર્થતા મહારાષ્ટ્રનું અપમાન છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરની પોસ્ટમાં ઠાકરેએ રાજ્યમાં હજુ સુધી રાષ્ટ્રપતિ શાસન કેમ લાગુ

(જુઓ પાનું ૪) ▶▶

## સીએમનું નામ ફિક્સ, વરિષ્ઠોની મંજૂરીની ફક્ત રાહ : દાનવે

મુંબઈ: મહારાષ્ટ્રના નવા મુખ્ય પ્રધાનનું નામ નક્કી થઈ ગયું છે અને પક્ષના વરિષ્ઠ નેતૃત્વ તરફથી પુષ્ટિની રાહ જોવાઈ રહી છે, એમ જણાવી ભાજપના નેતા રાવસાહેબ દાનવેએ રવિવારે કોઈનું નામ લીધા વગર ઉમેર્યું હતું કે મહારાષ્ટ્રના લોકો જાણે છે કે આગામી સીએમ કોણ બનશે.

મહારાષ્ટ્રની નવી મહાયુતિ સરકારનો શપથવિધિ સમારોહ પાંચમી ડિસેમ્બરે સાંજે દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં યોજાશે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમાં ભાગ લેશે, એમ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના પ્રદેશ પ્રમુખ ચંદ્રશેખર બાવનકુળેએ શનિવારે જણાવ્યું હતું.

ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાનની કોઈ જાહેરાત નથી કરવામાં આવી, પરંતુ દેવેન્દ્ર ફડણવીસ સૌથી મજબૂત દાવેદાર છે. મહારાષ્ટ્રના રખેવાળ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે શુક્રવારે સતારા જિલ્લામાં તેમના વતન ડેર ગયા

(જુઓ પાનું ૪) ▶▶

## દેવેન્દ્ર ફડણવીસે લગાવી ફિલ્ડિંગ?

### મહત્ત્વપૂર્ણ બેઠક પહેલાં પડદા પાછળની મોટી હિલચાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિધાનસભાની ચૂંટણી થઈ ગઈ છે અને લોકોએ મહાયુતિને ભરપૂર સમર્થન આપ્યું છે. મહાગઠબંધન દ્વારા સત્તાની સ્થાપના માટે તૈયારીઓ ચાલી રહી છે અને શપથ ગ્રહણ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજર રહેવાના છે. જો કે મુખ્ય પ્રધાન કોણ હશે તેનું નામ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. શરૂઆતમાં એવું કહેવાતું હતું કે એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસનું નામ ચાલી રહ્યું છે. જો કે, એકનાથ શિંદેએ પ્રેસ કોન્ફરન્સ કરીને મુખ્ય પ્રધાનપદ માટે પોતાનો દાવો છોડી દીધો હતો. હવે એ વાત લગભગ સ્પષ્ટ થઈ ગઈ છે કે ભાજપનો મુખ્ય પ્રધાન બનશે. પાંચમીએ શપથ ગ્રહણ સમારોહ પહેલા મહાયુતિના નેતાઓની બેઠક યોજાશે.

શપથ ગ્રહણ સમારોહમાં માત્ર મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન જ શપથ લેશે અથવા પ્રધાનો પણ સાથે શપથ લેશે તે પણ હજી નક્કી કરવાનું બાકી છે. ભાજપે હજુ સુધી તેના વિધાનસભ્ય પક્ષના નેતાનું નામ જાહેર કર્યું નથી. અજિત પવારે શનિવારે કહ્યું હતું કે મુખ્ય પ્રધાન

(જુઓ પાનું ૪) ▶▶




## પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ આજથી સાત દિવસ સુધી બંધ

મુંબઈ: મધ્ય રેલવેના મુખ્ય સ્ટેશનો પર ભીડને કાબૂમાં રાખવા માટે મધ્ય રેલવે (સીઆર)એ મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર કામચલાઉ ધોરણે પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે. નિર્ણય અનુસાર બીજી થી નવમી ડિસેમ્બર સુધી પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ નહીં કરવામાં આવે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે દાદરની ચૈત્યભૂમિ ખાતે દેશભરમાંથી લાખોની સંખ્યામાં અનુયાયીઓ શ્રદ્ધાંજલિ આપવા આવતા હોવાથી મોટા રેલવે સ્ટેશનો પર ભારે ભીડ જામે છે. પ્લેટફોર્મ પર ભીડ ન થાય તે માટે મધ્ય રેલવેએ લાંબા અંતરના સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર તાત્પુરતો પ્રતિબંધ મૂકવાનો નિર્ણય પણ લીધો છે.

અગાઉ દિવાળી નિમિત્તે પણ મધ્ય અને પશ્ચિમ રેલવે દ્વારા પ્રવાસીઓના ધસારાને ધ્યાનમાં રાખીને પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો જેથી લાંબા અંતરની ટ્રેનોમાં પ્રવાસ કરતા પ્રવાસીઓને અસુવિધાનો સામનો ન કરવો પડે. ■

# સીપી ટેન્કમાં બંધ બંગલામાં આગ

### મકાનનો મોટોભાગનો હિસ્સો બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)


(અમય ખરાડે)

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં સીપી ટેન્ક પાસે એક બંધ બંગલામાં રવિવારે સાંજે ભીષણ આગ ફાટી નીકળી હતી. સાંજે ૫.૧૫ વાગે આગ ફાટી નીકળતા ફાયરબ્રિગેડની ચાર ગાડીઓ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. સદ્‌નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ સીપી ટેન્ક પાસે અરદેશી દાદી સ્ટ્રીટ, વી.પી. માર્ગ પાસે ગ્રાઉન્ડ પ્લસ એક માળના બંધ મકાનમાં સાંજે ૫.૧૫ વાગે આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને લગભગ એક કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. સદ્‌નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. જોકે આગમાં મકાનનો મોટોભાગનો હિસ્સો બળીને ખાખ થઈ ગયો હતો.

આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. હજી ચાર દિવસ પહેલા જ ડોંગરીમાં ૨૪ માળની બહુમાળીય બિલ્ડિંગ અન્સારી હાઈટ્સમાં આગ લાગી હતી, જેમાં ચાર લોકો જખમી થયા હતા અને ૪૦થી વધુ રહેવાસીઓને બચાવી લેવામાં આવ્યા હતા. આગ બુઝાવવા માટે ફાયરબ્રિગેડને ઘટના સ્થળે પહોંચવામાં ત્યાં રહેલી સાંકડી ગલીઓમાં ફાયરસેફટીના નિયમોનું ઉલ્લંન કરીને ગેરકાયદે બાંધકામ પર આગામી બે મહિનામાં કાર્યવાહી કરવાનું પાલિકાએ નિર્ણય લીધો છે. ■

## બાવનકુળે પોતાને રાજ્યપાલ સમજે છે?

### શપથવિધિની જાહેરાત કરવા પર રાઉત ભડક્યા

મુંબઈ: સમગ્ર મહારાષ્ટ્રમાં હાલ બે મુદ્દાની ચર્ચા થઈ રહી છે. રાજ્યમાં મહાયુતિની સરકાર ક્યારે બનશે? મહારાષ્ટ્રના આગામી મુખ્ય પ્રધાન કોણ હશે? ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ એમાંથી એક સવાલનો જવાબ આપી જણાવ્યું હતું કે 'રાજ્યમાં સરકાર બનાવવા અંગેની ગૂંચ ઉકેલાઈ ગઈ છે અને પાંચ ડિસેમ્બરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં શપથવિધિ સમારોહ યોજાશે.'

આ જાહેરાત બાદ શિવસેનાના સંસદસભ્ય સંજય રાઉતે કહ્યું હતું કે 'બાવનકુળે પોતાને રાજ્યના રાજ્યપાલ સમજી આવી જાહેરાત કરે છે? તેમને આ અધિકારો કોણે આપ્યા? શું ગવર્નરે બાવનકુળેને કોઈ જાહેરાત કરવા કહ્યું હતું? એક તરફ આ મહાગઠબંધનવાળા સરકાર બનાવવાનો દાવો રજૂ કરવા તૈયાર નથી અને બાવનકુળે પાંચ તારીખની જાહેરાત કરે છે. મને સમજાતું નથી કે શું આ લોકો ડરી ગયા છે? રાજ્યમાં ખૂબ જ ગંભીર સ્થિતિ છે. એક મોટું બંધારણીય સંકટ છે. આ બધા માટે ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચુડ જવાબદાર છે.' ■

## એસટી બસના ભાડામાં ત્રણ વર્ષે વધારો?

### મહાયુતિ સરકારના નિર્ણય પર નજર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: તાજેતરમાં જાહેર કરવામાં આવેલા બેસ્ટ ઉપક્રમના ૨૦૨૫-૨૬ના બજેટમાં બસના ભાડામાં કોઈ પ્રકારનો વધારો જાહેર કરવામાં આવ્યો નથી. પરંતુ મહારાષ્ટ્ર સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરિટી (એસટી) દ્વારા આગામી નાણાકીય વર્ષમાં એસટીની બસમાં ૧૪.૧૩ ટકાનો ભાડા વધારો કરવાનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો છે. જોકે ભાડામાં વધારો થશે કે નહીં તે રાજ્યની નવી મહાયુતીની સરકાર પર આધાર રાખે છે.

અગાઉની મહાયુતીની સરકાર દ્વારા નાગરિકો માટે એસટી બસમાં વિવિધ યોજના જાહેર કરી હતી અને વિધાનસભાની ચૂંટણી દરમિયાન ચૂંટણી ઢંઢેરામાં પણ મહિલા પ્રવાસી સહિત જયેષ્ઠ નાગરિકો માટે અનેક સવલતો જાહેર કરી હતી. તેથી હવે મહારાષ્ટ્ર સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરિટીના ૧૪.૧૩ ટકા ભાડા વધારાના પ્રસ્તાવ પર નવી સરકાર શું નિર્ણય લેશે તે આગામી દિવસમાં જણાશે.

નવી સરકાર દ્વારા જો સ્ટેટ ટ્રાન્સપોર્ટ

(જુઓ પાનું ૪) ▶▶

## ઑનલાઈન ઑર્ડર કરાયેલી વસ્તુઓ ભરેલી ડિલિવરી બૉયની બૅગ ચોરનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઑનલાઈન પોર્ટલ પરથી ઑર્ડર કરવામાં આવેલી વસ્તુઓ ભરેલી ડિલિવરી બૉયની આખેઆખી બૅગ ચોરીને રફુચક્કર થઈ જનારા શખસની પોલીસે ધરપકડ કરી હતી.

દક્ષિણ મુંબઈના પૉશ વિસ્તાર મલબાર હિલમાં આવી ઉપરાછાપરી ત્રણ ઘટના બનતાં પોલીસ તપાસમાં લાગી હતી.

મલબાર હિલ પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ લખન નારાયણ વાઘમારે (૩૫) તરીકે થઈ હતી. તેની પાસેથી ચોરીની મતા હસ્તગત કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા ઑનલાઈન પોર્ટલ પરથી વિવિધ વસ્તુઓ ઑર્ડર કરવામાં આવ્યા પછી એ વસ્તુઓ ગ્રાહકોનાં ઘર સુધી ડિલિવરી બૉય પહોંચતા હોય છે. મલબાર હિલમાં ગયા મહિને ડિલિવરી બૉયની બૅગ ચોરી થયાની ત્રણ ઘટના બની હતી. ■



**રાજકોટમાં આસિસ્ટન્ટ પ્રોફેસર માટેની પરીક્ષામાં વીજળી ગુલ**

રાજકોટઃ રાજ્યની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં અધ્યાપકોની નોકરી માટે લેવાતા ગુજરાત સ્ટેટ એલિજિબિલીટી ટેસ્ટનું રવિવારે રાજ્યના ૧૧ શહેરોમાં આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ સહિત અલગ અલગ ૧૧ શહેરોમાં અંદાજે ૮૫૦૦ ઉમેદવારો પરીક્ષા આપી હતી. રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા કેન્દ્ર પર પેપરની શરૂઆતમાં જ વીજળી ગુલ થઈ જતા પરીક્ષાર્થીઓ હેરાન થયા હતાં. (તસવીર– પ્રવીણ સેદાણી– રાજકોટ)

# કચ્છમાં આ વર્ષે ડેન્ગ્યૂના ત્રણ ગણા કેસ નોંધાતા આરોગ્ય વિભાગે દવા છંટકાવની કામગીરી શરૂ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સંગ્રહિત પાણીમાં થતા મચ્છરો દ્વારા ફેલાવતા ડેન્ગ્યૂ તાવના દર્દીઓમાં ગત વર્ષની તુલનાએ આ વર્ષે કચ્છમાં ત્રણ ગણો વધારો નોંધાતાં જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા હાલ બેઠકોના દોર યોજાઈ રહ્યા છે.

પાણીમાં થતા અને દિવસે કરડતા 'એડીસ ઈજીપ્તિ' મચ્છરોનો ચિંતાજનક સ્તરે ઉપદ્રવ વધતાં ડેન્ગ્યૂનો ખાનગી અને સરકારી દવાખાનાઓમાં સારવાર લેવા આવતા તાવના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે.

કચ્છમાં ગત વર્ષે ૭૭ જેટલા ડેન્ગ્યૂ તાવના દર્દીઓ સરકારી ચોપડામાં નોંધાયા હતા, તેની સામે આ વર્ષે આંક ત્રણ ગણો ઉંચકાઈને ૨૧૭ થઈ જતાં આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યૂ નાથવા માટે મેલેરીયા વિભાગના કર્મચારીઓને દવા છંટકાવ,પોરાનાશક કામગીરી, લોકોમાં મચ્છરો સામે જાગૃતિ લાવવાના પ્રયાસો વેગવાન બનાવવા તાકીદ કરાઈ રહી છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર.આર. ફુલમાલીએ જણાવ્યું હતું કે, ચોખ્ખા પાણીમાં મચ્છરો ઈંડા મુકીને લોકોને દિવસે કરડીને ડેન્ગ્યુ ફેલાવે છે. કચ્છમાં ડેન્ગ્યૂના સૌથી વધુ કેસ શહેરી વિસ્તારમાં ૧૯ છે. તેમાંથી ભુજમાં દશ છે.

જિલ્લા મલેરિયા અધિકારી ડો. કેશવકુમાર સિંઘે ભુજ અને નખત્રાણામાં તાજેતરમાં આરોગ્ય કર્મચારીઓની બેઠક યોજી ડેન્ગ્યૂ સામે નબળી કામગીરી થશે તો કડક કાર્યવાહી કરવાની ચીમકી આપી હતી.

દરમ્યાન, નર્મદાનું પૂરતું પાણી મેળવનારા કચ્છના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પાણીનું અપૂરતું વિતરણ થતું હોવાથી લોકોને નાછૂટકે જરૂરત મુજબના પાણીનો સંગ્રહ કરવાની ફરજ પડી રહી છે.

આ સંગ્રહિત પાણી રોજિંદા વપરાશ માટે હોવાથી તેમાં પોરાનાશક દવા નાખી શકાતી કે નથી લોકો ચુસ્ત ઢાંકણથી બંધ કરતા. જેથી એડીસ ઈજિપ્તિ મચ્છરને ખુલ્લા પાત્રમાં ઈંડા મૂકવા મોકળું મેદાન મળી રહે છે.

રેફ્રિજરેટરની ટ્રે, એર કુલર, પક્ષીના કુંજ, વગેરે તેમજ જાજરૂમાં પાણી ભરી રખાયેલી બાલદીમાંથી મુખ્યત્વે ડેન્ગ્યૂના મચ્છરના સેંકડોની સંખ્યામાં પોરા થાય છે તેમ ભુજના જાણીતા બાળરોગ નિષ્ણાત ડૉ.નેહલ વૈદ્યે જણાવ્યું હતું. ■

# રાજકોટ સિવિલમાં ગેસ્ટ્રો અને ન્યુરોફિઝિશિયન નહીં હોવાથી બંને વિભાગની સુપર સ્પેશિયાલિટી ઓપીડી બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની સિવિલ હૉસ્પિટલના જૂના બિલ્ડિંગમાં નવો સુપર સ્પેશિયાલિટી વિભાગ શરૂ કરી તેમાં પ્લાસ્ટિક સર્જરી, યુરોલોજી, ન્યુરોસર્જરી અને કાર્ડિયો તેમજ ગેસ્ટ્રો સહિતની સુવિધાઓ અપાતી હોવાનો દાવો કરાયો હતો.આ હૉસ્પિટલમાં એક વર્ષથી ગેસ્ટ્રો અને ન્યુરોફિઝિશિયન જ નહીં હોવાનું અને રેસિડેન્ટ ડોક્ટરો દ્વારા કામ ચલાવવામાં આવતું હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આ બંને પદ પર ડોક્ટરની ભરતી ટૂંક સમયમાં કરાશે એમ એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. હેતલ ક્યાડાએ કહ્યું હતું.

રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં નવા તૈયાર કરાયેલા બિલ્ડિંગમાં સુપર સ્પેશિયાલિટી ઓપીડીની વ્યવસ્થાઓ રાખવામાં આવી છે. ઓપીડીમાં અલગ અલગ દિવસ મુજબ સારવારની સવલતો દર્દીઓને પૂરી પડાય છે.જ્યાં ગુરુવારે ગેસ્ટ્રો અને મંગળ તથા શુક્રવારે ન્યુરોફિઝિશિયનની સુપર સ્પેશિયાલિટીની ઓપીડીની સેવાનો લાભ દર્દીઓને મળતો નથી. આ બિલ્ડિંગનું નિર્માણ થયા બાદ ડો. અંકુર પાંચાણી ન્યુરોફિઝિશિયન તરીકે ફરજ બજાવતા હતાં. જોકે તેમણે સાતેક મહિના અગાઉ રાજીનામું આપ્યા બાદ અન્ય કોઈ તબીબની નિમણૂક હજુ સુધી થઈ નથી.

દર્દીઓને ગેસ્ટ્રોને લગતી બીમારીઓ માટે ખાનગી હૉસ્પિટલમાં મોટા ખર્ચે સારવાર લેવી પડે છે અને અમદાવાદ સિવિલ સુધી લાંબા થવું પડે છે. અનેક રજૂઆતો છતાં સિવિલના તંત્ર દ્વારા આ બંને પદો પર ભરતી કરવામાં આવતી નથી. સિવિલ હૉસ્પિટલના એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. હેતલ ક્યાડાએ જણાવ્યું હતું કે આ અંગે હાલમાં બે ન્યુરોફિઝિશિયન તેમજ એક ગેસ્ટ્રો તબીબ સાથે ચર્ચા ચાલી રહી છે અને ટૂંક સમયમાં જ આ બંને જગ્યા પર નિષ્ણાત ડોક્ટર્સની નિમણૂક કરવામાં આવશે. ■

# કચ્છમાં ઠંડીનો ચમકારો અનુભવાયો

## ૧૧ ડિગ્રી સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડું મથક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ જમ્મુ-કાશ્મીર અને તેની આસપાસના વિસ્તારોમાં ભારે બરફવર્ષા થતાં વધી ગયેલા ભેજના આવરણને કારણે ઠંડી ધીરે ધીરે પાછી ફરી રહી હોય તેમ સમગ્ર રાજ્યની સાથે કચ્છમાં લઘુતમ તાપમાનનો આંક નીચે ઉતર્યો છે અને અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં રવિવારે લઘુતમ તાપમાનનો આંક ૧૧ ડિગ્રી સે.પર પહોંચી જતાં રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું હતું.

નલિયા ઉપરાંત રાજનગર ભુજમાં લઘુતમ તાપમાનનો આંક ૧૫ ડિગ્રી પર પહોંચી જતાં વહેલી સવારે અને સૂર્યાસ્ત બાદ ઠંડીના કારણે રસ્તાઓ સુમસામ બની ગયા હતાં.

જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં વહેલી સવારે અને મોડી સાંજે ધૂંધળો માહોલ છવાયો હતો અને ૨૯થી ૩૨ ડિગ્રી સે. જેટલો ઊંચો રહેલો મહત્તમ તાપમાનનો પારો ગગડીને ૨૬થી ૨૮ ડિગ્રી વચ્ચે પહોંચી જતાં બપોરના સમયે પણ ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.

હવામાન વિભાગે આ પ્રકારનું વાતાવરણ અનુભવાયા બાદ લઘુતમ પારો ત્રણથી પાંચ ડિગ્રી ગગડશે તેવી આગાહી કરતાં 'વ્હાઇટ ક્રિસમસ'નો અદભુત માહોલ ઊભો થવાની લોકોમાં આશા બંધાઈ હતી. ■

# કચ્છમાં દોઢ કરોડના કોકેઈન સાથે ઝડપાયેલા ચાર આરોપીઓ ૧૪ દિવસ રિમાન્ડ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કારના એર ફિલ્ટર બોક્સમાં ૧.૪૭ કરોડની કિંમતના માદક પદાર્થ કોકેઈનની ડિલિવરી કરવા હરિયાણાથી કચ્છમાં આવેલા અને આડેસર ચેકપોસ્ટ નજીકથી પકડાયેલા બે મહિલા સહિત ચાર આરોપીઓના ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યાં હતાં.

આરોપીઓની પ્રાથમિક પૂછપરછમાં કેટલાક ચોંકાવનારા ખુલાસા થયા હતાં. જેમાં ભચાઉ નજીકના લાકડીયા નજીક આવેલી હાઇવે હોટલ પર છેલ્લા દસેક વર્ષોથી ડ્રગ્સ વેચતા મુખ્ય આરોપી સનીસિંઘની પત્ની, તેનો ભાઈ, ભાઈની પત્ની તથા સનીસિંઘનો સાગરિત હરિયાણાથી ખાસ ડ્રગ્સની ડિલીવરી આપવા જ આવ્યા હતા, પરંતુ બાતમીના આધારે પોલીસે આરોપીઓને ઝડપી લીધા હતા.

ગત ગુરુવારે સાંજે સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ અને લાકડીયા પોલીસ ધોરીમાર્ગ પર સંયુક્ત રીતે કચ્છમાં પ્રવેશી રહેલા બહારના પાસીંગના વાહનોનું ચેકીંગ કરી રહી હતી તે સમયે ભારત હોટલ પાસેના મઢી ત્રણ રસ્તે જોવા મળેલી બાતમી મુજબની હરિયાણા પાસિંગની ફોર્ડ ઈકો સ્પોર્ટ્સ કારને અટકાવી સઘન તલાશી લેતાં એર ફિલ્ટર નીચે પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલાં ક્રીમ રંગના ગાંગડા મળી આવ્યાં હતાં. એફએસએલ તપાસ કરાવતા તે કોઈઇન હોવાનું જણાયું હતું. જેની કિમત ૧.૪૭ કરોડ આંકવામાં આવી હતી. આ બનાવમાં કાર હંકારી રહેલા હનિસિંઘ, મુખ્ય આરોપી સનીસિંઘની પત્ની સુમન ઉર્ફે જશપાલકૌર, સન્ની સિંઘનો ભાઈ સંદિપસિંઘ અને સંદિપની પત્ની અર્શદીપકૌરને પોલીસે ઝડપી લીધા હતા.

પોલીસે આરોપીઓને કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે તેમના ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આ કેસની તપાસ કરી રહેલા સામખિયાળી પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.કે. ગઢવીએ જણાવ્યુ હતું કે, લાકડીયા નજીક સન્નીસિંઘ ઉર્ફે ગુલવંતસિંઘ હજુરાસિંઘ શીખ વર્ષોથી હાઇવે હોટેલનું સંચાલન કરે છે. જેમાં લગભગ છ મહિના પહેલા હનીસિંઘ કામ કરવા આવ્યો હતો અને લગભગ ૨-૩ મહિના સુધી કામ પણ કર્યું હતું. આ દરમિયાન બંનેની ઓળખાણ થઈ હતી અને ડ્રગ્સની હેરફેર કરવાનું શરૂ કર્યું હતું. હનીસિંઘ અને સનીસિંઘ બંને સાથે મળી ડ્રગ્સનો ધંધો કરે છે અને સનીસિંઘનો સંપૂર્ણ પરિવાર ડ્રગ્સની હેરફેરીમાં તેમનો સાથ આપે છે. રિમાન્ડ દરમિયાન હજુ વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા હોવાનું અને કચ્છને ઊડતા પંજાબ બનાવવાનાં કૃત્યમાં સામેલ મુખ્ય આરોપી ગુલવંતસિંઘ ઉર્ફે સનિસિંઘ હજુરાસિંઘ શીખ હજુ સુધી પોલીસ પકડથી દૂર છે, જેને પકડી પાડવા માટે પોલીસે જુદી-જુદી ટીમો બનાવી વિવિધ દિશામાં તપાસ આરંભી હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

# અમરેલી જિલ્લાની ધારી ગ્રામ પંચાયતને નગરપાલિકાનો દરજ્જો મળશે

## ઈડર પાલિકાની હદ વધારાશે

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમરેલી જિલ્લાની ધારી આપવાના નિર્ણયને અનુમતિ આપી હતી. ધારી ગ્રામ પંચાયતમાં ધારીની આસપાસના પ્રેમપરા, હરિપરા, વેકરીયાપરા, નવાપરા-લાઈનપરા જૂથ ગ્રામપંચાયત ભેળવી દઈને આ ધારી નગરપાલિકાની રચના કરવામાં આવશે. અમરેલી જિલ્લાનું ધારી આંબરડી સફારી પાર્ક તથા પ્રાચીન ગળધરા ખોડીયાર માતા મંદિરથી ૬ કિલોમીટરના અંતરે વસેલું છે.

ધારી તાલુકાના ૨૫ જેટલા ગામો જંગલ વિસ્તારના હોવાથી ક્યારેક જંગલની આગના બનાવો બને તેવા સમયે ફાયર ફાઈટર અને અગ્નિશમન સેવાઓ પણ આ નગરપાલિકા દ્વારા સરળતાએ સમયસર મળે તેવો આશય પણ નગરપાલિકાની રચનામાં રહેલો છે. ધારી નગરપાલિકા રાજ્યની ૧૬૦મી નગરપાલિકા બનશે. અત્યારે 'અ' વર્ગની ૨૨, 'બ' વર્ગની ૩૦, 'ક' વર્ગની ૬૦ અને 'ડ' વર્ગની ૪૨ મળી કુલ ૧૫૯ નગરપાલિકાઓ કાર્યરત છે. હવે તેમાં આ નવી ડ' વર્ગની નગરપાલિકા ધારી નગરપાલિકાનો ઉમેરો થશે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સાબરકાંઠાની ઈડર નગરપાલિકામાં જવાનપુરા-સદાતપુરા ગામ અને સોસાયટી વિસ્તારનો પણ સમાવેશ કરવાની દરખાસ્તને અનુમતિ આપી હતી. મુખ્ય પ્રધાને આ બે ગ્રામપંચાયતોનો ઈડર નગરપાલિકામાં મર્જ કરવા નિર્ણય કર્યો હતો. આના પરિણામે ઈડર શહેરનો વિસ્તાર વ્યાપ હવે વધવાથી ટી.પી. સ્કીમ કે ડેવલોપમેન્ટ પ્લાન સરળતાએ થઈ શકશે તેમજ સમગ્ર વિસ્તારના વિકાસને વેગ મળશે. ■

# રાજકોટમાં વધુ એક જીએસટી કૌભાંડ

## ૭૯ લાખ રૂપિયાની ઠગાઈ મુદ્દે ક્રાઈમ બ્રાંચમાં ગુનો નોંધાયો

અમદાવાદઃ રાજકોટમાં તાજેતરમાં જ ૬૧ લાખની જીએસટી ચોરી અંગે ક્રાઈમ બ્રાંચમાં ૧૪ પેઢીઓ સામે ફરિયાદ નોંધાઈ હતી. હવે ફરીવાર વધુ સાત પેઢીઓ જીએસટીની રડારમાં આવી હતી. જેમાં ૭૯.૨૦ લાખ રૂપિયાની ઠગાઈ મુદ્દે ક્રાઈમ બ્રાંચમાં ગુનો નોંધાયો હતો. આ સાત પેઢીઓમાં રાજકોટમાં ત્રણ, જૂનાગઢમાં બે અને અમદાવાદ તથા ભાવનગરમાં એક પેઢી હોવાનું જાણવા મળ્યું હતું. રાજકોટના સેન્ટ્રલ જીએસટી કચેરીના સુપરિટેન્ડેન્ટ જયપ્રકાશસિંહ રામચંદ્રસિંહે ડીસીબી પોલીસ સ્ટેશનમાં ૭૯,૨૦,૩૯૮ રૂપિયાની જીએસટી ચોરી અંગે શ્રી ક્રિષ્ના ટ્રેડિંગ પેઢી, યેશ ડેવલોપર પેઢી, આર કે એન્ટરપ્રાઈઝ, બી જે ઓડેદરા પેઢી, ક્રીઝલ એન્ટરપ્રાઈઝ, ઓન કન્સ્ટ્રકશન અને અમદાવાદ નંદવિહાર રેસિડેન્સીમાં આવેલ ડી એ એન્ટરપ્રાઈઝ સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદીએ ફરિયાદમાં કહ્યું હતું કે, અજાણ્યા વ્યક્તિએ શ્રી ક્રિષ્ના ટ્રેડિંગ નામે પેઢી બનાવી ખોટો ભાડા કરાર કરી રાજકોટ સી.જી.એસ.ટી. ભવન સહિત ઓનલાઈન રજૂ કરી ફેબ્રુઆરી ૨૦૨૩થી માર્ચ ૨૦૨૩ દરમિયાન બોગસ ઈનપુટ ટેક્સ મેળવવા માટે ૬ પેઢીઓના સંચાલકો સાથે મળી કાવતરું રચી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા સરકારને ૭૯.૨૦ લાખનું નુકસાન પહોંચાડ્યું હતું. ■

# સોશિયલ મીડિયામાં હથિયારો સાથે રિલ્સ પોસ્ટ કરનાર સાત યુવકોને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર શહેરમાં રહેતા નબીરાઓ દ્વારા સોશિયલ મીડિયામાં રિલ્સ પોસ્ટ કરીને જાહેર જનતા ઉપર ધાક બેસાડતા હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. છરી જેવા ઘાતક હથિયારો સાથે રિલ્સ બનાવનાર સાત યુવાનોને એસએસઓજી પોલીસે ઝડપી લઇને કાયદાનું ભાન કરાવ્યું હતું. એસ.ઓ.જી. પોલીસ દ્વારા સોશિયલ મીડિયામાં રૌફ જમાવતા રિલ્સ પોસ્ટ કરનારા નબીરાઓ ઉપર સતત વોચ રાખવામાં આવી રહી છે. ભાવનગર શહેરમાં રહેતા અને ધાક બેસાડવા છરી સાથે રિલ્સ ઉતારનાર ગૌતમ લક્ષ્મણભાઇ વાઘેલા, ધવલ દિનેશભાઇ મકવાણા, યોગેશ શૈલેષભાઇ બારૈયા, જયદિપ દિપકભાઇ મકવાણા, મિતેશ ઉર્ફે મિતલો બાબુભાઇ બારૈયા,સુનિલ ઉર્ફે ભાણો અરજણભાઇ ગોહિલ, મનોજ ઉર્ફે નનો પાંચાભાઇ ડાભીને ઝડપી લઇ કાયદાનું ભાન કરાવ્યું હતું. ભાવનગરમાં રહેતા ઘણા નબીરાઓ પણ સોશિયલ મીડિયામાં વાયરલ થવા બાઈક અને કાર લઈને જાહેર રસ્તા ઉપર જોખમી સ્ટન્ટ કરી નિર્દોષ લોકોનો જીવ જોખમમાં મૂકે છે તેવી ફરિયાદો પોલીસના ધ્યાને આવી હતી.



# તળાજામાં ભાજપના સદસ્યએ લોકોને સાથે રાખી છકડામાં લઈ જવાતો સરકારી અનાજનો જથ્થો ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર જિલ્લાના તળાજા પંથકમા સરકાર દ્વારા જરૂરિયાતમંદ પરિવારને આપવામાં આવતા રાશનના કાળા કારોબારનો પર્દાફાશ થયો હતો. રવિવારે તળાજા તાલુકા પંચાયત ફુલસરના ભાજપના સદસ્યએ બાતમીને આધારે લોકોને સાથે રાખી વહેલી સવારે છકડામા લઈ જવાતો સરકારી રાશનનો જથ્થો પકડી લીધો હતો.

તાલુકા પંચાયતના સદસ્ય સંજયભાઈ કટારિયાએ જણાવ્યું હતું કે, ફુલસર ગામના લોકોની વ્યાપક ફરિયાદ હતી કે, રાશનમાં મળતો જથ્થો વજનમાં ઓછો મળી રહ્યો છે. રવિવારે ગ્રામજનોએ જ વોચ ગોઠવી હતી. વહેલી સવારે ૬ વાગ્યા આસપાસ ફોન આવતા પોતાની ફોર વ્હિલ લઈ દોડી જઇ ફુલસર મહાદેવપરા રોડ પરથી પસાર થતા છકડામાં લઈ જવાતો જથ્થો પકડી પાડ્યો હતો.જોકે છકડા ચાલક પોતાને દાડિયા ભરવા જવાનું છે તેમ કહી ઘઉં ચોખા ઉતારી રવાના થઈ ગયો હતો.

પુરવઠા મામલતદાર નીતિનભાઈ વાળાએ જણાવ્યું હતું કે સરકારી રાશનનો જથ્થો હોવાની ખરાઈ થતા ૧૨૪૨૯/-ની કિંમતનો ઘઉં ૨૪૮ કિલો,ચોખા ૧૯૭ કિલોનો જથ્થો સરકારી ગોડાઉનમાં મૂકવી દીધો હતો. ટેમ્પાનો અને ચાલકનો મોબાઈલ નંબર પોલીસને આપતાં તેના આધારે તેની શોધખોળ કર્યા બાદ પુછપરછ કરીને આગળની કાર્યવાહી હાથ ધરાશે. ■

# ભાવનગરના વેપારીને મારવાના કેસમાં કોર્ટે આઈપીએસ કરણરાજ સહિત પાંચ સામે સમન્સ કાઢવા હુકમ કર્યો

અમદાવાદઃ વડોદરાના એક ઠગાઈ કેસમાં ભાવનગરના વેપારીનું નિવેદન લેવા માટે ગયેલી પોલીસે વેપારીને ઢોર માર મારવાના કિસ્સામાં તત્કાલીન ડીસીપી કરણરાજ વાઘેલા અને પીએસઆઈ સહિત પાંચ પોલીસકર્મીઓ સામે પીડિત વેપારીએ કોર્ટમાં ફરિયાદ કરી હતી. વેપારીએ દુકાનના સીસીટીવી કોર્ટમાં રજૂ કર્યાં હતાં. જેથી કોર્ટે આઈપીએસ કરણરાજ વાઘેલા સહિત પાંચ પોલીસકર્મીઓ સામે સમન્સ બજાવવા હુકમ કર્યો હતો.

આ ઘટના અંગે વકીલે જણાવ્યું હતું કે, ૨૯ નવેમ્બર ૨૦૨૦ના રોજ ભાવનગર ખાતે આશિષકુમાર ચૌહાણની દુકાનમાં વડોદરાના માંજલપુર પોલીસ સ્ટેશનના પાંચ પોલીસકર્મીઓ સિવિલ ડ્રેસમાં આવ્યા હતા. તેમણે આશિષ ચૌહાણ ઉપર ઠગાઇનો આરોપ મૂકી કારમાં બેસી જવા માટે ધમકી આપી હતી. વેપારીનું દુકાનમાંથી અપહરણ કરી ઘોઘારોડ પોલીસ સ્ટેશન લઇ ગયા બાદ પણ માર માર્યો હતો. ત્યાં છોડાવવા પહોંચેલા તેમના ભાઇ ભાવેશને પણ પોલીસે ફટકાર્યો હતો.

દરમિયાન આશિષભાઇને માંજલપુર પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં તત્કાલીન ડીસીપી કરણરાજસિંહ વાઘેલાએ પણ ઢોર માર માર્યો હતો. વેપારીને માર માર્યા બાદ પોલીસ અધિકારીઓએ પોલીસ ફરિયાદ નહીં કરવા માટે ધમકી આપી હતી. વેપારી આશિષભાઇ ચૌહાણે કોર્ટમાં સીસીટીવી ફૂટેજ સાથે તત્કાલીન ડીસીપી, પીએસઆઇ સહિત પાંચ પોલીસકર્મીઓ સામે કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી. કોર્ટે આ તમામ પોલીસકર્મીઓ વિરુદ્ધ સમન્સ કાઢવા હુકમ કર્યો હતો. ■

# રાજકોટમાં તાત્કાલિક અસરથી મ્યુનિસિપલ હોલ શરૂ કરવા સાંસદ રામ મોકરિયાની અધિકારીઓને તાકીદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડની ઘટના બાદ કોર્પોરેશનના ૧૮ હોલને સીલ મારી દેવાયા હતાં. હાલમાં આ હોલ પૈકીનો એક જ હોલ ચાલુ છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન આ હોલ જાહેર પ્રજાને લગ્ન પ્રસંગે તથા અન્ય પ્રસંગે વ્યાજબી ભાવથી ભાડે આપવામાં આવે છે. લગ્નની સીઝન શરૂ થતાં લોકોને કોર્પોરેશનના હોલ બંધ હોવાથી મોટી કિંમત ચૂકવીને ખાનગી હોલ લેવો પડે છે. જેથી કોર્પોરેશનના બાકીના હોલ પણ સત્વરે શરૂ કરવા માગ કરવામાં આવી હતી.

રાજકોટમાં આ હોલ શરૂ કરવા માટે ફરીવાર રાજ્યસભાના સાંસદ રામ મોકરિયાએ કલેક્ટર તથા મ્યુનિસિપલ કમિશનરનું ધ્યાન દોરીને તાત્કાલિક આ હોલને ચાલુ કરવા માટે તાકીદ કરી હતી. લગ્નપ્રસંગની સીઝન શરૂ થઈ ગઈ હોવાથી લોકોને પ્રસંગ પૂરો કરવામાં હાલાકી ના ભોગવવી પડે તે માટે સત્વરે હોલ શરૂ કરવા રજૂઆત કરી હતી.

ગેમઝોનની દુર્ઘટના બાદ મ્યુનિસિપલ હોલમાં ફાયર એનઓસી નહીં હોવાથી બંધ કરી દેવામાં આવ્યા હતાં. લગ્નની સિઝન શરૂ થતાં લોકોને બુકિંગ કરવામાં તકલીફો થતી હોવાથી બાકીના હોલ પણ શરૂ કરવા માગ કરાઈ હતી.

બીજી તરફ ઝોનલ સીટી એન્જિનિયરિંગ દ્વારા ફાયર સેફ્ટીના સાધનોની ટેન્ડર પ્રોસેસરની પ્રક્રિયા શરૂ કરાઈ હતી. સિટી એન્જિનિયરોને પ્રથમ શરૂ કરવાના કોમ્યુનિટી હોલનું લિસ્ટ આપવામાં આવ્યું હતું.

જેથી તાત્કાલિક ધોરણે જરૂરી સાધનોનું ઇન્સ્ટોલેશન કરી તેની મંજૂરી અપાવી લોકઉપયોગી કરવાના પગલાં શરૂ કરાયા હતાં. તંત્રએ પ્રથમ તબક્કામાં પાંચ કોમ્યુનિટી હોલ મહિનામાં શરૂ કરાવવાની તૈયારીઓ આદરી હતી. ■

# અંજારના રતનાલ ગામમાં બેકાબૂ બનેલી ખાનગી બસે ટક્કર મારતાં ચાલતી જતી મહિલાનું મોત નિપજ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના અંજાર તાલુકાનાં રતનાલ ગામનાં રેલવે ફાટક પાસે એક બેકાબૂ બનેલી ખાનગી બસે ગામની ૩૪ વર્ષની સાયમા ઈશ્વર નીનામા નામની મહિલાને કચડી નાંખતા તેણીનું મોત નીપજ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ શનિવારે સાંજના પાંચ વાગ્યાના અરસામાં રતનાલ ફાટક પાસે પહોંચેલી એક ખાનગી બસના ચાલકે કાબૂ ગુમાવ્યો હતો અને વીજપોલ સાથે ટકરાઈને રસ્તો ઊતરી પૂરના ઢગલામાં જઈ અટકી હતી. આ બેકાબૂ બસે માર્ગ પર પગપાળા જઈ રહેલી સાયમાને અડફેટે લેતાં તેણીને માથામાં ગંભીર પ્રકારની ઈજા પહોંચી હતી. ઘાયલ મહિલાને સારવાર અર્થે ભુજની જી.કે.જનરલ હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી, જ્યાં ટૂંકી સારવાર દરમ્યાન હતભાગીએ છેલ્લા શ્વાસ લેતાં અંજાર પોલીસે બનાવની વધુ તપાસ હાથ ધરી હતી. ■

# રાપરના ચિત્રોડ નજીક મોપેડ સવાર ત્રિપુટીએ છરીની અણીએ હુમલો કરી ટ્રેલરના ડ્રાઈવર-ક્લિનરને લૂંટ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ધોરીમાર્ગો પરથી પસાર થનારા વાહનચાલકો પર ઘાતક હથિયારો વડે હુમલો કરીને લૂંટ કરનાર ગેંગ ફરી સક્રિય બની હોય તેમ રાપર તાલુકાના ચિત્રોડ નજીક એક ટ્રેલરના ડ્રાઈવર અને ક્લિનર પર હુમલો કરી, છરીની અણીએ દ્વિચક્રી વાહન પર આવેલી ત્રિપુટી ૭ હજાર રૂપિયા રોકડા અને ૧૦ હજારનો ફોન મળી ૧૭ હજારની મતા લૂંટી ગઈ હોવાનો બનાવ બનતાં વાહનચાલકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

ટ્રેલરના ચાલક રમેશ જાટે ગાગોદર પોલીસને જણાવ્યું હતું કે, લૂંટની આ ઘટના શનિવારે મધરાત્રે ત્રણ વાગ્યના અરસામાં રાધનપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ચિત્રોડના પુલ પર બની હતી. ફરિયાદી ટ્રેલરના ક્લિનર સીતારામ જાટ સાથે ગાંધીધામથી ચોખા ભરીને રાજસ્થાન તરફ જતો હતો ત્યારે મધરાત્રે કોઈ કારણોસર રેડિયેટરમાંથી પાણી નીકળી જતાં એન્જિન ગરમ થઈ ગયું હતું.

ટ્રેલરને રસ્તાની સાઈડમાં થોભાવીને ક્લિનર રેડિયેટરમાં પાણી ભરતો હતો ત્યારે એકાએક દ્વિચક્રી વાહન પર આવી ચઢેલા ત્રણ શખ્સોએ છરીઓ કાઢીને ક્લિનર પર હુમલો કરી તેની પાસે રહેલાં રોકડાં ૬ હજાર રૂપિયા ખિસ્સામાંથી કાઢી લીધાં હતાં.

બાદમાં બે જણે કેબિનમાં ચઢી આવીને રમેશને ઢોરમાર મારીને તેની પાસે રહેલાં ૧ હજાર રૂપિયા તથા ૧૦ હજારનો સ્માર્ટ ફોન ઝૂંટવી લીધો હતો. આ હુમલામાં બંનેને મૂઢમાર ઈજાઓ પહોંચી હતી. પોલીસે આરોપીઓના સ્કેચ બનાવી વધુ તપાસ હાથ ધરીને પેટ્રોલિંગ વધારી દેવાયું હોવાની ધરપત આપી હતી. ■